આવતે મહિને
કલા અંક
અંદર આપેલું વિજ્ઞાપન જોશો



પ્રાચીન સંસ્કૃતિનો ભવ્ય વારસો તો પડ્યો છે
નવનિર્માણની જ્યોત જલાવવાની જવાબદારી અદા કરીએ

કુમાર

૫૨૭

તંત્રી · બચુભાઈ રાવત

સંસ્થાપક રવિશંકર રાવળ · વર્ષ ૪૪ અંક ૧૧ · નવેમ્બર ૧૯૬૭



'ઓળીઝોળી પીપળપાન' ચિત્રલેખા · શ્રી પેરીનબેન

વાચકો લખે છે

નાસિકા દ્વારા પાણી પીવાના પ્રયોગ વિષે ડિસેમ્બર ૧૯૬૬ના અંકમાં શ્રી નરેન્દ્ર બાબરિયાએ રજૂ કરેલા અનુભવના અનુસંધાનમાં મારો અનુભવ ગયા માર્ચ અંકમાં પ્રસિદ્ધ થએલો. મારા એ પત્ર અંગે એપ્રિલ અંકમાં પ્રકટ થએલા શ્રી ભાનુશંકર યાજ્ઞિકના કથન પરથી મારી 'ક્ષતિઓ ધ્યાનમાં આવશે' એમ તેમણે લખેલું. વળી સપ્ટેમ્બર અંકમાં શ્રી દેવેન્દ્ર મજમુદાર મારા અનુભવની ઉપર્યુક્ત રજૂઆતને 'નિરાશાના સૂર' તરીકે ઓળખાવીને તેની યાદ તાજી કરી, તેથી થોડુંક લખવા પ્રેરાયો છું.

પ્રથમ શ્રી યાજ્ઞિકના મત પરત્વે કહું : તેમના અનુભવકથન ઉપરથી મને મારી 'ક્ષતિઓ ધ્યાનમાં આવશે' એવી શરૂઆત કરીને તેમણે જે કાંઈ કહ્યું છે તે મારી ક્ષતિઓ પ્રકટ કરનાર હોવાને બદલે સમગ્ર રીતે તો મારા કથનનું જ સમર્થન કરનારું છે. દા. ત. તેમણે લખ્યું છે કે 'સ્વ. સ્વામી કુવલયાનંદજી કને ...શરૂઆતમાં ડૉ. સ્વ. વરજીવનદાસ મર્ચન્ટ બધાને શારીરિક તપાસ કરી, યોગક્રિયા માટે લાયક છે કે નહિ તે કહેતા'. મારા સમગ્ર કથનનો સાર પણ એ જ હતો અને છે. દા. ત. એ જ વાત મેં જરા જુદી ભાષામાં કહેલી કે '...કોઈ પણ શાસ્ત્રનો કોઈ પણ પ્રયોગ નિરપવાદપણે સો યે સો માણસોને માફક ન પણ આવે. પ્રકૃતિભેદ કોઈકોઇને કદાચ પ્રતિકૂળ પરિણામ પણ બતાવે'. અને છેલ્લે કહેલું કે 'મારી આ અસફળતાનો અનુભવ એટલા માટે રજૂ કરવા પ્રેરાયો છું કે આ પ્રયોગ કરવા ઇચ્છનાર વ્યક્તિ કોઈ જાણકારની દોરવણી નીચે જાગ્રતપણે પ્રયોગ કરે...'

અને શ્રી યાજ્ઞિકે બીજું જે લખ્યું છે કે 'ચા, કૉફી, તમાકુ સૂંઘવી-પીવી કે ખાવી નહિ જ; તેલ, મરચાં, ખટાશ પણ નહિ જેવાં જ વાપરવાં;' વગેરે. આ બધી પથ્ય-પરેજ અને વ્યસનમુક્તિ તો હું સમજણો થયો ત્યારથી માંડીને આજે ૬૩ વરસની ઉમર સુધી ચુસ્તપણે ચાલુ છે જ. છતાં યે, નાકેથી પાણી પીવાના પ્રયોગને પચાવવા માટે દસકાઓ સુધી શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કર્યા પછી છેવટે 'એ પ્રયોગ મારી પ્રકૃતિને અનુકૂળ નથી' એમ માનીને તે છોડવો જ પડ્યો છે.

અને શ્રી મજમુદારના મત વિષે કહું કે મારા અનુભવકથનમાં તેઓશ્રીને 'નિરાશાનો સૂર' ક્યાં દેખાયો ? ખરી રીતે તો મારી રજૂઆતમાં નિરાશાના બદલે વધારેપડતા આશાવાદનો સૂર રણકી રહ્યો છે. દા. ત. મેં કહ્યું છે કે 'અનેક વરસો સુધી ચલાવેલા આ પ્રયોગ દરમ્યાન અવાર-નવાર સખત શરદી, અસહ્ય શિરદર્દ અને કફપ્રકોપ થઈ આવવા છતાં યોગશાસ્ત્ર પરની અપાર શ્રદ્ધાના લીધે, આ બધી ફરિયાદો માટે આ પ્રયોગ તો જવાબદાર નહિ હોય ને? એવી શંકા ઉઠાવવાને બદલે, ચુસ્તપણે વરસો સુધી તેને વળગી રહેલો.' અને '...છોડયા પછી યે લાંબાલાંબા અંતરે અવારનવાર પાછો એમ માનીને એ પ્રયોગ હમણાં સુધી અજમાવતો રહેલો કે હવે કદાચ પ્રકૃતિને માફક આવી જાય તો અજમાવી જોઉં.' વગેરે. દસકાઓના દીર્ઘ અનુભવની એ રજૂઆતને અંતે નિરાશાનો હરગિજ નહિ પણ સાવધાનીનો સૂર અવશ્ય કાઢેલો કે 'આ પ્રયોગ કરવા ઇચ્છનાર વ્યક્તિ કોઈ જાણકારની દોરવણી નીચે જાગ્રતપણે પ્રયોગ કરે.' સાવધાનીના આ સૂરને જો નિરાશાનો સૂર કહી શકાતો હોય તો શ્રી મજમુદારના કથનમાં પણ આદિથી અંત સુધી સાવધાનીનો એ સૂર તો પુનઃપુનઃ રજૂ થએલો છે; પણ તેને 'નિરાશાનો સૂર' કહી શકાય નહિ જ.

ઉપર્યુક્ત બે વિદ્વાન અનુભવીઓને મારા કથનમાં 'ક્ષતિઓ'નો અને 'નિરાશાના સૂર'નો જે ભાસ થયો છે તે પરથી એમ માનવું રહ્યું કે, ભાવને સમજવા-સમજાવવા માટે ભાષા એ અતિ મહત્ત્વનું સાધન હોવા છતાં યે તે અધૂરું સાધન છે; અથવા સમજવા-સમજાવવાની શક્તિ માપનારું માપયંત્ર છે.

(ઘાટકોપર) —ધીરુભાઈ શેઠ

'કુમાર' તરફથી ગુજરાતીમાં લઘુલિપિ સૌપ્રથમ પ્રગટ થઈ હતી, ત્યાર પછી બીજા તરફથી તેમજ કદાચ તે પહેલાં પણ ગુજરાતીમાં લઘુલિપિ પ્રયોજવામાં આવી હશે. આ બધી હકીકતો હોવા છતાં એક પ્રકાશકના પ્રશંસકો તરફથી એવો પ્રચાર કરવામાં આવે છે કે માત્ર એમણે જ ગુજરાતીમાં લઘુલિપિ પ્રયોજી છે અને એથી એમને લઘુલિપિના 'સર્જક', 'ગુજરાતી લઘુલિપિના પિતા' વગેરે રીતે બિરદાવવામાં આવે છે. એવું અસત્ય આગળ ચાલે નહિ અને ખરી હકીકતો લોકોની જાણમાં આવે તે માટે મારું આપને સૂચન છે કે કોઈ અધિકારી વ્યક્તિ દ્વારા 'ગુજરાતીમાં લઘુલિપિનો ઇતિહાસ' લખાવી 'કુમાર'માં તેમજ બીજાં પત્રોમાં પ્રગટ કરવામાં આવે.

(સૂરત) —સીતારામ પરભુભાઈ છોડીવાળા

[*સ્વ. હરિકૃષ્ણ વ્યાસે 'લઘુલિપિ' સૌપ્રથમ ઈ. ૧૯૩૬માં 'કુમાર'માં લેખમાળારૂપે પ્રકટ કરેલી; તે પછીના વૅકેશનમાં લાઠીથી ખાસ અમદાવાદ આવીને અહીં તેના વર્ગો ચલાવેલા. એની પહેલી આવૃત્તિ અમે ઈ.સ. ૧૯૩૭માં અને બીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૫૪માં પ્રકટ કરેલી. તે ખપી ગઈ હોવાથી ત્રીજીના પ્રકાશનની તૈયારી છે. એ આવૃત્તિના સંશોધન માટે અમે ગુજરાત સરકારના એક તજ્જ્ઞને કરેલી પૃચ્છાના ઉત્તરમાં અમને લખાએલા પત્રમાંનો નીચેનો પૅરેગ્રાફ ઉપર્યુક્ત પ્રચારનું નિરસન કરશે એવી આશા છે.

"...સ્વ. શ્રી હરિકૃષ્ણભાઈ વ્યાસ ગુજરાતી લઘુલિપિના પિતા છે. ગુજરાતને સંકેતલિપિઓ તો બેત્રણ મળી ગઈ હતી, પણ લઘુલિપિ તો સર્વ પ્રથમ તેમણે જ આપી. તેમણે મા ગુર્જરીના ચરણે ધરેલ આ અણમોલ નજરાણાનું સુયોગ્ય મૂલ્યાંકન કરવા માટે તેનું વધુ ખેડાણ થાય, પ્રચાર અને પ્રસાર થાય તે ઈષ્ટ છે. અને તો જ આ પ્રચારના જમાનામાં તેમને જાણ્યે-અજાણ્યે થઈ જતા અન્યાયને નિવારી શકાય, ને તેમના પ્રત્યેનું આપણું–ગુજરાતીઓનું ઋણ યત્કિંચિત પણ ફેડી શક્યાનો સંતોષ લઈ શકાય. આ જ તેમને આપણી સાચી અંજલિ હોઈ શકે..." —નાનાલાલ દયારામ ત્રિવેદી]

સપ્ટેંબર અંકમાં 'એક વાચકે' લખેલી વાત સાથે હું સહમત છું. શતરંજ વિષે લેખમાળા નહિ તો corner જેવું યે ચાલુ રહે તે અનેક લોકોને ગમશે. મારો અનુભવ છે કે 'કુમાર'ની લેખમાળા અને તેમાંના કોયડા વાંચીને જ ઘણાંને શતરંજમાં રસ ઉત્પન્ન થઈ તેઓ શીખ્યા છે, અને જેમને રસ હતો તેઓ તેનો વ્યવસ્થિત અભ્યાસ કરવા પ્રેરિત થયા છે. તેથી આ માળા ચાલુ તો રહેવી જોઇએ જ.

શ્રી સુરેશ મોદી સારી રીતે સમજાવી શકે છે, તેથી તેઓ બીજાએ રમેલી રમતો અને તે પર વિવરણ આપે તો પણ આવકારપાત્ર છે. અંતની રમતના કોયડા ઘણા જ રસપ્રદ છે.

એક સૂચન: તેઓ Basic Chess Endings અને Ideas Behind Chess Openings જેવાં પુસ્તકોનો અનુવાદ પણ ક્રમશઃ પ્રગટ કરે તો ઘણું જ ઉપયોગી થઈ

(જુઓ અનુસંધાન પૃ. ૪૪૭ ઉપર)


કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.


ચામડી [કાયાની કરામત-૯]

હાડપિંજર અને માંસપેશીઓથી બંધાએલા દેહને મનોહર સુંદરતા આપતી ચામડી શરીરમાંનાં પાણી, પ્રોટીન, ક્ષાર વગેરેનો વ્યય અટકાવવા તથા શરીરના અંદરના નાજુક ભાગોને ભેજ, ઠંડી, ગરમી કે હવા યા ઘસારા અને અથડામણો ઉપરાંત સામાન્ય ઘા તથા રોગના જીવાણુઓથી રક્ષે છે. પુખ્ત શરીર પર લગભગ વીસેક ચોરસ ફૂટ જેટલું ચામડીનું આ આવરણ શરીરમાંથી બહાર પડતા પ્રસ્વેદ વગેરેના બાષ્પિભવન માટે વિસ્તૃત સપાટી પણ પૂરી પાડે છે. આંખનાં પોપચાં પર અતિશય પાતળી તો પગનાં તળિયાં પર ખૂબ જ જાડી ને કયારેક તો શિંગડા જેવી સખત બની જતી ચામડીમાં હથેળી અને પગનાં તળિયાં સિવાય શરીર પર બધે અંદર અમુક ગ્રંથિઓ છે જે એને સદા નરમ અને સ્થિતિસ્થાપક રાખે છે. ચામડીની સ્થિતિસ્થાપકતા વિના શરીરનું કોઈ હલનચલન શકય નથી. વિપુલદર્શી કાચથી જોતાં ચામડી પર ઘણી કરચલીઓ ને છિદ્રો દેખાશે. એક ચોરસ સેન્ટીમીટર જેટલા વિસ્તારમાં એવાં હજારો છિદ્રો હોય છે જેના દ્વારા શરીરને હાનિકર એવા પદાર્થો શરીર બહાર નીકળી જાય છે. પરસેવો એનું જાણીતું દૃષ્ટાંત છે. જો માણસના શરીરને જલાભેદ્ય પદાર્થથી ઢાંકી દેવાય તો શરીરમાંનાં એ ઝેરી તત્ત્વો અંદર જ પ્રસરી જઈ એનું મરણ થાય છે.

બહારનું (એપિડર્મિસ) અને અંદરનું (કોરિયમ) એવાં ચામડીનાં બે મુખ્ય પડ છે. બહારના પડને અંદરના પડની ઊંચીનીચી સપાટી જકડી રાખે છે. હાથનાં આંગળાં પરની રેખાઓ અંદરના પડની સપાટીની આ અનિયમિતતાને આભારી છે. ૦·૩ થી ૩ મિ.મી. જાડાઈ ધરાવતા આ અંદરના પડમાં સંખ્યાબંધ રક્તવાહિનીઓ એને તથા બહારના પડની નીચલી સપાટીને પોષણ આપે છે. વધુમાં એમાં આવેલા જ્ઞાનતંતુઓના છેડા વડે ચામડીને થતા ગરમ-ઠંડા કે લીસા-ખરબચડા સ્પર્શનું આપણને જ્ઞાન થાય છે. અંદરના પડમાં ગોઠવાએલી પ્રસ્વેદ ગ્રંથિઓ લોહીમાંના વધારાના ક્ષાર અને પાણીને શરીર બહાર કાઢે છે. ચામડીનું તદ્દન ઉપરનું પડ સતત બદલાતું રહે છે. માથાના ખોડા જેવા સૂક્ષ્મ કણો રૂપે ઉમર-ભરમાં લગભગ ૪૦ રતલ જેટલી મૃત ચામડી આપણા શરીર ઉપરથી ઊતરી જાય છે.



ચામડીનાં પડ અને એની આંતરરચના દર્શાવતા બે આડછેદ



વાળના કાપેલા છેડાને સૂક્ષ્મદર્શકયંત્રમાં ૩૦૦ ગણો મોટો કરીને જોતાં તેમાં આવાં ચાર પડ ને આવી સુંદર ભાત જોવા મળે

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૨૭
નવેમ્બર ૧૯૬૭
તંત્રી: બચુભાઈ રાવત

કારતકનું ગીત/ભાનુપ્રસાદ પંડ્યા

· ગાન ·

કોઠીમાં છલકાયું ખેતરનું પૂર
વાડામાં સંઘરાયું શેઢાનું નૂર.[1]

દાતરડે વળિયુંમાં કીધો જ્યાં વાસ,
ઓશિયાળી ઘંટીને પોતીકું હાસ.

કાપડના તાકા ને સોય કરે શોર,
ધૂળભર્યું અંગ હવે કળાયલ મોર.
એક જ મારગ[2] ધસે ગાડાંની હાર,
ચોપડેથી આંકડાનો ઊતરિયો ભાર.[3]

પાદરના કૂવા પર લીલુડા બોલ,
હેમમઢ્યા કાનમાં ભણકાતા ઢોલ.

કૂંડાને કાળાની[4] સાંપડતી પ્રીત,
કુંવારે કંઠ ગુંજે વૃન્દાનું ગીત.

મનહર તળપદ!/વડલો

બપ્પોરની કફભરી, ચડસીલી ચૂંગી-
માં ગામની ભરી બધી અલસી ગડાકુ
(ફેલાવતી પ્રહરનો લય, થાક ગંધ)
જોગી જુએ ધુમતણી કંઈ સેર લાંબી,
વાગોળતો અલખને ભરી આભ આંખે!

ને ચાંચમાં ભરી લઈ બધું બ્રહ્મડું ત્યાં
બપ્પોરિયું ('ગટર ઘૂં'-મધુ ઓડકારે)
માણે ચડી કબૂતરાં નમી એક ડાળે!

નીચેઅવાવરુજળોમહીં(લીલઓઢચાં)
ગોઝારિયા કૂપતણાં, ચૂપચૂપ બેઠું
પાતાળમાંથી નીકળી અણદીઠ મૌન.

ખંખેરીને ગળું પછી કંઇએક પાડે
ચીસો તીણી ગગનમાં, ભરી ગોંદરુંને.

૧ ધાસ, ૨ શહેર તરફ, ૩ ઋણનો, ૪ શાલિગ્રામ.

આટલા અર્થ આપ્યા પછી આ ગીતને વધારે સમજાવવું નહિ રહે;...અને, અલખને વાગોળતા કોઈ અઘોરી જેવા વડલાની ગેબી સૃષ્ટિમાંથી ચીખી ઊઠતા મૌનના સંવેદનને પણ.

જીવનદર્શન-૫

સમદૃષ્ટિ

ફાધર વાલેસ

વિવેકશક્તિ એ માણસની આગવી શક્તિ છે. અને સારાસારનો વિવેક કરવા મનમાં સમતોલપણું આવશ્યક હોવાથી એ સમતોલપણું પણ ખરા માણસનું અગત્યનું લક્ષણ બને છે.

વિજ્ઞાની પાસેથી વિજ્ઞાન એવી અપેક્ષા રાખે છે કે તે સર્વ પૂર્વગ્રહ છોડીને તટસ્થ રીતે પોતાના સંશોધનમાં મળેલી સાચી હકીકત સ્વીકારે અને જાહેર કરે.

સાધકની પાસેથી ધર્મ માગે છે તમામ રાગ-અનુરાગથી મુક્ત થઇને સમતોલ ભાવે સંસારનાં બધાં વાનાં નિહાળે અને જરૂર પ્રમાણે તેમનો ઉપયોગ કે ત્યાગ કરે.

માનવવ્યક્તિ માટે સમાજની વિનંતી છે કે પોતાની રુચિ-અરુચિ બાજુ પર મૂકીને નિષ્પક્ષ રીતે નિર્ણય – ફેંસલા કરતી જાય.

નિષ્પક્ષતા. સમતોલન. તાટસ્થ્ય.

વિજ્ઞાનનું, ધર્મનું, જીવનનું એ સૂત્ર છે.

તમારું જીવનધ્યેય અદા કરવા તમારા હાથમાં અનેક સાધનો મૂકયાં છે એ પ્રત્યે તમારે એવો સમભાવ કેળવવો જોઇએ. તટસ્થ સાધનો, માટે તટસ્થ ભાવ. કયું, ક્યારે ને કેટલું વાપરવાના છો એ તમારે પ્રસંગ આવ્યે નક્કી કરવાનું રહેશે, અને ત્યારે તમારી નજર ખરેખર સીધી હશે, તમારું મન પૂર્વગ્રહરહિત હશે, તો જ તમે સાચી પસંદગી ઉતારી શકશો.

ભોળો ગામડિયો સ્ટેશને આવીને સૌથી નજીક પહેલી ગાડીમાં ઉતાવળે ઉતાવળે ચડી જાય, અને અંદર આબાદ રીતે ગોઠવાયા પછી આસપાસ બેઠેલાઓને પૂછે છે: 'ભાઈ, આ ગાડી મહેસાણા જાય છે કે?' તરત જવાબ મળે છે: 'ના રે, આ તો વડોદરાની ગાડી છે. મહેસાણાવાળી ઠેઠ છેલ્લા પ્લૅટફૉર્મમાં ઊભી છે તે જ છે. પુલ ઉપર જવું પડશે.' ભોંઠો પડીને ગામડિયો ઉતાવળે ઉતાવળે ઊતરે છે અને પુલ તરફ દોટ મૂકે છે. પહેલી ગાડી નજીક હતી એટલે પૂછ્યા વગર એ ત્યાં ધૂસી ગયો હતો. એમાં સગવડ હતી ને! પણ અનુભવી મુસાફર પહેલી-છેલ્લીની સગવડ જોયા વગર પ્રથમ તો પોતાની ગાડી કઈ છે એની ખાતરી કરી લે છે, અને પછી–જરૂર પડે તો પુલ ઉપર થઈને પણ–એ તરફ સીધો જાય છે. પોતાની ગાડી કઈ છે એની ખાતરી થતાં પહેલાં સ્ટેશને ઊભી રહેલી બધી જ ગાડીઓને એ 'તટસ્થ ભાવે' નિહાળે છે.

જીવનની મુસાફરી માટે એ તટસ્થતા જરૂરી છે. જો પહેલેથી જ કોઈ એક વસ્તુ માટે પૂર્વગ્રહ બાંધશો અને બીજી માટે પક્ષપાત બતાવશો, જો સ્ટેશને આવતાં જ એક ગાડી છોડીને બીજી તરફ આકર્ષાઈ જશો, તો સંભવ છે કે આખરે ખોટી ગાડીમાં જઈને બેસશો!

યોગ્ય પસંદગી કરવા મનમાં સમતોલપણું હોવું જોઈએ. ચોક્કસ વજન માપવા ત્રાજવાનાં પલ્લાં સરખેસરખાં હોવાં જોઈએ. ધડો હોય તો વજન ખોટું આવશે. મુશ્કેલી એ છે કે આપણા માનસિક માપતંત્રમાં અનેક વૃત્તિ ને ઝોક છે જે વિવેકનાં પલ્લાં ઊંચાં-નીચાં કરી મૂકે છે. પછી સાચું માપ ક્યાંથી આવે?

રોમન સમ્રાટ નીરોએ પોતાના અનેક વેરીઓ ને હરીફોનાં–અને મિત્રો ને સગાંઓનાં પણ–ખૂન કર્યાં હતાં. એક વાર પોતાના એક ઊંચા અમલદારનું કાસળ કાઢવા એને પોતાની સાથે જમવા આવવાનું આમંત્રણ આપ્યું અને ભોજનમાં જ એને ઝેર ખવડાવવાનું કાવતરું રચ્યું. ગોઠવણ એવી કરી હતી કે સારું ખાધાપીધા પછી મિષ્ટાન્નના બે સરખા ટુકડા પીરસવામાં આવે જેમાંથી એકમાં ઝેર હોય. ઝેરવાળા ટુકડા ઉપર સંકેત રૂપે એક બદામ મૂકવાની હતી. પોતે કોરો ટુકડો લે, બદામવાળો મહેમાનને આપે એટલે બેડો પાર. આ વાત એક રસોઈયા અને બીજા નીરો સિવાય કોઈ જાણતું ન હતું. પણ બન્યું એવું કે પીરસનાર થાળીમાં મિષ્ટાન્ન લઈને આવતો હતો ત્યારે ભોજન-વ્યવસ્થાપકની નજર તેના ઉપર પડી અને તરત ભૂલ સુધારવા બીજી બદામ લઇને કોરા ટુકડા ઉપર મૂકી દીધી: હવે બંને સરખા લાગે એટલે શોભશે ને! એ શોભા નીરોને ભારે પડી. મૂંઝાયો, ગભરાયો, ગુસ્સે ભરાયો. પણ કરે શું? છેલ્લે વખણાયેલા મિષ્ટાન્ન માટે અણગમો બતાવીને એણે એ ખાધું નહિ, મહેમાનને વહેમ ગયો એટલે એણે પણ ન ખાધું, અને એ વાર યમદૂતને નકામો ધક્કો પડયો.

મિષ્ટાન્નના એ બે ટુકડા અહીં ઉદાહરણ રૂપે લઉં છું. જો તમારી સામે એવી બે વાનગીઓ ધરાય, અને તમે જાણો છો કે એકમાં ઝેર

છે ને બીજીમાં નથી તો શું કરશો ? ગળ્યું તો લાવે. મોંમાં પાણી છૂટે. પણ જ્યાં સુધી ઝેર-નો નિર્ણય ન થાય, જ્યાં સુધી પહેલી બદામ કયા ટુકડા ઉપર હતી એની ખાતરી ન બેસે ત્યાં સુધી બેમાંથી એક ઉપર પણ તમારી પસંદગી ઊતરશે નહિ. એનું નામ તટસ્થતા. ભૂખ ગમે તેટલી હોય, સ્વાદ ગમે તેટલો લાગે, પણ જ્યાં સુધી ફેંસલો ન થાય ત્યાં સુધી બંને ટુકડા સરખા. ખરો સમભાવ, સમતોલપણું, નિર્લિપ્તતા.

હવે તમારી સામે પૈસા ધર્યા. તમારો હાથ લંબાયો. પણ ઊભા રહો. એ પૈસામાં અપ્રમાણિકતાનું ઝેર છે કે કેમ? એમાં લાંચ-રુશવત કે શોષણ-દબામણયા છેતરપિંડી-કાળાબજારનું હલાહલ વિષ છે કે કેમ? જો એમાં એ સોમલ હોય અને તમે એને હાથ અડાડશો તો અનર્થ સર્જાશે. અને એ ન સર્જાય એ માટે ખાતરી થતાં પહેલાં તમારે એ પૈસા પ્રત્યે સંપૂર્ણ તટસ્થતા સેવવી જોઇએ. જો તમે પહેલેથી જ મનમાં ને મનમાં પૈસાનો પક્ષ લેશો તો તપાસ કરતી વખતે તમારા વિવેકની ધાર બુઠ્ઠી પડશે, પૈસાના ગર્ભમાં છુપાએલા ઝેર સુધી એ પહોંચશે નહિ અને ચળકતા સોનાની સાથે જીવલેણ વિષ તમે સંઘરી બેસશો.

તમારી આગળ હોદ્દો ધર્યો, પણ એમાં અન્યાયનું ઝેર છે કે કેમ?

પ્રેમ ધર્યો. એમાં વ્યભિચારનું ઝેર છે કે કેમ?

સત્તા ધરી. એમાં અભિમાનનું ઝેર છે કે કેમ?

પ્રથમ તો તપાસ કરો, અને તપાસ કરતાં પહેલાં જ તટસ્થ રહો; નહિ તો તમારો મોહ ને સ્વાદ ને વાસના ને લોભ તમારી પાસે ખોટી પસંદગી ઉતરાવશે અને મિષ્ટાન્નની સાથે તમારા પેટમાં ઝેર પહોંચાડી દેશે.

એક પ્રખ્યાત માનસશાસ્ત્રી પોતાના વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી આ જ વાત સુંદર રીતે સમજાવે છે: 'માનવવ્યક્તિનું સ્વમાન સાચવવા ઇંદ્રિયોની માગ વચ્ચે મન તટસ્થ રહેવું જોઇએ. આંખ સામે પદાર્થ આવ્યો. તે પકડવાની વૃત્તિ થઈ. હવે પકડવાની વૃત્તિ અને પકડવાના કાર્ય વચ્ચે એક 'આંતરિક મૌનનો ગાળો' આવવો જોઇએ જેમાં વૃત્તિ શાંત પડે અને મન તટસ્થ બનીને યોગ્ય કાર્ય ફરમાવી શકે. વૃત્તિ અને કાર્ય વચ્ચે 'માનસિક અંતર' રહેવું જોઇએ, નહિ તો વૃત્તિના હુમલાથી મનનો વિવેક દબાઈ જશે અને માનવીનું સ્વમાન હણાઈ જશે."

એ 'આંતરિક મૌનનો ગાળો' ખૂબ સૂચક છે. એ 'માનસિક અંતર' અર્થગર્ભ છે. વચ્ચે પણ દૂર. નજીક છતાં ઉપર. સંસાર સાગરની મધ્યે શાંતિનો દ્વીપ.

બજારમાં શોરબકોર મચ્યો છે એની વચ્ચે અંતરનો સૂક્ષ્મ નાદ કેમ સંભળાશે?

રણમાં આંધી ચડી છે એમાં આગળ જવાની દિશા કેમ સૂઝશે?

સાગરનાં પાણી ખારાં થયાં છે એમાંથી અમૃતનો સ્વાદ કેમ મળશે?

અમૃત તો સમુદ્રના પેટમાં છે–મંથન દ્વારા એને કાઢી જાણીએ તો જ. એ મંથન, એ અંતરમુખતા, એ સમાજની વચ્ચે એકાંત સેવવાની કલા, વાતચીત કરતાંકરતાં અંતરનું ધ્યાન ધરવાનો યોગ, શહેરની ગલીઓમાં ફરતાંફરતાં સ્વર્ગલોકમાં વિહાર માણવાની ધૂન, ઇન્દ્રિયોની અસંખ્ય લાલચોથી ઘેરાયા છતાં હૃદયનો ગઢ કાબૂમાં રાખવાની શક્તિ, યુદ્ધ વચ્ચે શાંતિ, ભીડ વચ્ચે અવકાશ, અંધેર વચ્ચે સંયમ – એ બધું એ માનસિક 'અંતર'-માં સમાએલું છે.

આપણે એ સલામતીનું અંતર રાખીએ, પળભર અંતઃકરણનું મૌન પાળીએ તે આપણું કામ જ વધારે સચોટ બનાવવા માટે. એ વિલંબ આળસનો નહિ, પ્રવૃત્તિનો છે. આપણી તટસ્થતા એ ઉદાસીનતા નહિ, ક્રિયાની તૈયારી છે. સંસાર માટે તિરસ્કાર છે તેથી આખરે બધું સરખું લાગે છે એમ નથી, પણ સંસાર માટે – ઈશ્વરની તમામ સૃષ્ટિ માટે આદર ને પ્રેમ છે તેથી એનો ઉત્તમ ઉપયોગ કરવા એની તરફ હાથ લંબાવતાં પહેલાં સહેજ વિચાર કરીએ છીએ એટલું જ.

એ સંયમ, એ નિર્મલ દૃષ્ટિ, એ સમભાવ સહેલાં નથી, માટે એ મેળવવા તમારે પ્રયત્ન કરવો જોઇશે. જાગૃત થઈને, અનુભવ લઈને, શક્તિ કેળવીને એ ઉન્નત તટસ્થતા તમે પ્રાપ્ત કરી શકશો. એનું મહત્ત્વ જો તમને જણાયું હશે તો એની પ્રાપ્તિ માટે ગમે તેટલો શ્રમ ઉઠાવવા તૈયાર થશો.

જોતાં પહેલાં ચશ્માંના કાચ સાફ કરો. નિર્ણય કરતાં પહેલાં મનના ભાવ શાંત પાડો. ન્યાયાસને બેસતાં પહેલાં નિષ્પક્ષપાતના સોગંદ લો. સહેજ પાછળ જોઇને આપણી ચર્ચાનું સિંહાવલોકન કરશો તો એની કડીઓ તમારા મનમાં આપોઆપ ગોઠવાઈ જશે, અને સ્પષ્ટતા થતાં એ વિચારોનો અમલ કરવાની વૃત્તિ પણ જાગશે.

નજર તો સાધ્ય સામે.

સાધ્ય માટે સાધનો.

સાધનોની પસંદગી માટે તટસ્થતા.

જાણે વામનાવતારનાં દુનિયાને જીતી લેવાનાં ત્રણ પગલાં.

૪૨૭ ('કુમાર' અંક ૫૨૭)



બૅરિસ્ટર નૃત્યકાર

નટરાજ વશી

લેખક

સુનીલ કોઠારી

મળવાનું નક્કી કરેલા સમયે પહોંચ્યો ત્યારે કોઈ 'કેસ' માટે તેઓ પોતાના સાથી સાથે કાયદાની ગૂંચ ઉકેલતા હતા. કહે: 'થોડી વારમાં પતાવી દઉં! દરમિયાન આ



નટરાજ વશી એક નૃત્યનાટિકામાં

બધું જુઓ' કહી ફોટોગ્રાફ્સ, કલર સ્લાઇડ્ઝ, કેટલાંક 'સૂવેનિર' વગેરે આપ્યું. તેમાં પહેલું જ એક સુઘડ 'સૂવેનિર' હાથ ચડયું. જોયું તો એમાં ભારતીય નૃત્યકાર વશી ને વીણાના નૃત્યપ્રયોગની વિગત હતી.

હું પાનાં ઉથલાવતો ગયો. ભારતીય નૃત્યોની મહત્ત્વની તવારીખોનાં એ પૃષ્ઠો વાંચતાં રોમાંચ થયો. સંસાર સોંસરી ભારતીય નૃત્યોની કીર્તિ પ્રસારનાર તે જ આ કલાકાર! સામે ટેબલ પર બેઠા બેઠા તે કાયદાની ગૂંચ ઊકેલતા હતા! હું ઈતિહાસને કામમાં ગોઠવતો હતો. સન ૧૯૪૭ના મેની ૨૬મી તારીખ, વાર સોમ. રાતના પોણાનવ વાગ્યે ૧૧૫ વેસ્ટ, ૪૪મી સ્ટ્રીટ, ઇસ્ટ ઑવ બ્રોડવે ન્યૂ યૉર્કસિટીના 'ધ બેલાસ્કો થીએટર'નો પડદો ઊંચકાયો અને હિંદુ ધર્મનાં મહાકાવ્યો પુરાણો કથાઓ આદિનાં દૈવી પાત્રો રંગમંચ પર ફરવા લાગ્યાં.

શરૂમાં પ્રવીણા, મીનળ અને લક્ષ્મીએ આવીને રંગપૂજાનું નૃત્ય આરંભ્યું. રંગદેવને પ્રાર્થના કરી રંગપીઠ પર પુષ્પો પધરાવી, વાદિત્રોને સ્પર્શ કરી સસાજનોનાં આશીર્વચનો માગ્યાં.

ત્યાં તો સ્વર્ગમાં ત્રાહિ ત્રાહિ પોકારાવતા કાલકેય દૈત્યનો સંહાર કરવા ઇંદ્રે સારથિ માતલિને અર્જુનને તેડી લાવવા આજ્ઞા આપી. પાશુપતાસ્ત્ર લઈને રથે ચડી અર્જુન વહારે ધાયો અને બંને વચ્ચે દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. તીરોની વર્ષા થઈ. પાશુપતાસ્ત્રથી કાલકેયને હણી સ્વર્ગમાં ફરી શાંતિ પ્રસ્થાપિત કરી અર્જુન પાછો ફર્યો.

દશ્યો બદલાય છે. પડદો પડે છે. વાદિત્રો ન્યૂ યૉર્કના એ ખૂણામાં ભારતીય સંગીતની સુરાવલિ વહાવે છે. બે નારીઓ પ્રસાધનવિધિ પ્રારંભે છે અને શૃંગારસજ્જા પૂરી કરી પિયુને મળવા સિધાવે છે.

પણ અરે અહીં કોણ આવી ચડયું છે? ઇંદ્રના દરબારેથી ગંધર્વ પૃથિવી પર વિહરવા નીકળ્યો છે. પણ હવે સમયની અવધ પૂરી થઈ ગઈ અને એને પાછા ફરવું પડે છે.

વળી સમય બદલાયો. રંગમંચની પછીતે છઠ્ઠી શતાબ્દિની એલિફન્ટાની ગુફાઓનાં સુશોભનોથી અને વાજિંત્રોની સુરાવલિથી એક અલગ સૃષ્ટિ નિર્માઈ. ત્રિમૂર્તિ દ્વારા ભારતીય ફિલસૂફીનું નૃત્યમય અર્થઘટન શરૂ થયું. ડમરુનો નાદ થયો. સૃષ્ટિનું સર્જન! નાદમાંથી સંગીત, સંગીતમાંથી પ્રેમ અને તેની ચરમ દશાએ તે રતિ અને કામદેવના યુગલનૃત્યમાં પરિણમ્યો. વિફળતામાંથી પ્રેમની દશા બદલાઈ. જીવનની ભિન્ન ભૂમિકાઓ નિર્દેશતું નૃત્ય ગતિમાન બન્યું. વિરહ, પુરુષનું સ્ત્રીને છોડી જવું—ખેતરોમાં પાક સુકાયા, દુઃખ વરસ્યાં, વિનાશકારી ચીસ સંભળાઈ. શિવે તાંડવ કર્યું ને પછી ધ્યાનમગ્ન થયા. શક્તિએ આવીને આ સંહાર જોયો અને શિવને પુનઃ સર્જનની પ્રાર્થના કરી અને શિવશક્તિનું નૃત્ય શરૂ થયું. વળી સૃષ્ટિ-સ્થિતિ-સંહારની લીલા શરૂ થઈ…

રાધા, રણભેરી, ઘુમર, મુઘલ રાજકુમાર, વણઝારા, વગેરેની ઝાંખીઓ પછી 'બુદ્ધં શરણં ગચ્છામિ'ના ઘોષ શરૂ થયા. ૮મી શતાબ્દિમાં રચાયેલા બોરોબુદુરના સ્તુપના પ્રત્યેક સોપાને અને પથ્થરે ભિખ્ખુ શિલ્પીઓના ટાંકણાંના રવ ગુંજી ઊઠયા: 'બુદ્ધં શરણં ગચ્છામિ'. ચંદ્રપ્રકાશમાં રાત્રે શાંતિ અને એકાંતરૂપી બે સુંદરીઓ સ્તુપ પર ઊતરી અને કરુણા પાસે આવેલો આ ભવ્ય સ્તુપ નિર્વાણનો સંદેશ સંભળાવી રહ્યો. એક પરમ સત્યરૂપે વાણી ગુંજવા લાગી, 'બુદ્ધં શરણં ગચ્છામિ…બુદ્ધં શરણં…'

ન્યૂ યૉર્ક, જાવા, મલબાર, મુંબાઈ, વડોદરા ધમડાછા, અમદાવાદ, ક્યાંથી ક્યાં છેડા મળે છે! ન્યૂ એરા સ્કૂલનાં શરૂનાં વર્ષો મગનભાઈ વ્યાસ વિદ્યાર્થીઓને નાટ્યપ્રવૃત્તિ માટે ઉત્તેજન આપે છે. છોકરાંઓને ભેગાં કરી ઉત્સાહ આપે છે. 'અરેજી કારભારી' નાટક બધા હોંશે ભજવે છે. નાટક ઉપરાંત વિદ્યાર્થીઓ રાસ પણ ચગાવે છે. નાનો નટુ આમાં નામ કાઢે છે.

ફૅલોશિપ સ્કૂલમાં મૅડમ મેનકા 'બાલે'નાં રિહર્સલ કરે છે. મણિપુરના નબકુમારસિંહ મૃદંગ બજાવે છે, મલબારના માધવન નાયર વિદ્યાર્થીઓને કથકલી નૃત્યમાં અનિવાર્ય તે 'મસાજ' કરે છે. નટુ આ બધું જુએ છે. એને મલબાર જવાની ધૂન જાગે છે. વિવિધ પ્રદેશોનાં વાજિંત્રો, અંગમરોડ વિન્યાસે એના પર ભૂરકી નાખી છે.

અંબિકાને કાંઠે વસેલું ગામ તે ધમડાછા. અમલસાડથી થોડે દૂર. અનાવિલ બ્રાહ્મણ કુટુંબમાં ઑગસ્ટની ૨૩મીએ ૧૯૧૪માં નટુનો જન્મ. ચાર સંતાનોમાં તે સૌથી મોટા. નાનાભાઈ જયંત વશીએ ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટનો અભ્યાસ શરૂ કરેલો. ભાંડુમાં બીજી બે બહેનો. પિતા ગોવિંદજી મોરારજી વશી તે કાળે ગુજરાતના મુંબાઈ યુનિવર્સિટીના જે થોડા સર્વપ્રથમ ગ્રેડયુએટ્સ યુવકો ગણાતા તેમાંના એક. નાણાંની ધીરધારનો ધંધો કરતા. માતાનું નામ પાર્વતી. સંગીતનાં ચાહક હોઈ ગરબા વગેરે લોકનૃત્યોમાં ઉત્સવ ટાણે ભાગ લેતાં. તે સંસ્કારો બાળ નટુમાં ઊતરેલા. દિવાળી વખતે ગામમાં દુબળાઓ ઘેરીઆ નાચ નાચે ત્યારે નાના નટુને હાથમાં તેડીને નાચે, એટલું જ નહિ નટુના નામની 'ઘેર' પણ ભરતા. ત્યારે વય હશે આઠેક વર્ષનું. ગામડા ગામનાં બાલપણનાં એ સંસ્મરણો એમણે બહુ ભાવપૂર્વક સ્મરેલાં. એ નૃત્યના ધમકાર હજી યે તેઓ વીસર્યાં નથી.

પિતા મુંબાઈ આવી સ્થાયી થએલા. શાળાનું શિક્ષણ મોડું શરૂ થએલું. પૂર્વે ફૅલોશિપ અને પછી 'ન્યૂ એરા'માં ભણ્યા. નાટક નૃત્યો વગેરેમાં નંબર પહેલો, અને ધમાચકડી ધાંધલ કરે. પાર વિનાનો ઉત્સાહ. રાસ ગરબીમાં કોઈ તેમને પહોંચે નહિ.

આમ કુમારાવસ્થા દોડધામ કૂદાકૂદ આનંદપ્રવૃત્તિ વગેરેમાં વીતેલી. મૅડમ મેનકાના નૃત્યવર્ગો જોયા. માતાપિતા તરફથી પૂરો સહકાર મળતો એટલે આ પ્રવૃત્તિઓ માટેની નૈસર્ગિક શક્તિઓ ખીલી ઊઠી. માધવન નાયર પાસે કથકલી શીખવાનું શરૂ કર્યું–પૂરી પરંપરાગત ઢબે. હોંશે મસાજ કરાવે. કથકલીમાં શરીર સુદૃઢ અને નૃત્ય માટે વિશિષ્ટ માલિશ કરવામાં આવે છે. માધવન નાયર તેમની ઊલટ જોઈ પ્રસન્ન થતા. ગુરુના તે પ્રિય શિષ્ય બન્યા. નબકુમારસિંહ પાસે મણિપુરી નૃત્ય શીખ્યા. મૅટ્રિક પાસ કરી સેંટ ઝેવિયર્સ કૉલેજમાં જોડાયા. ત્યાં પણ વાર્ષિકોત્સવો વગેરેમાં રાસનૃત્યાદિ પૂરજોશમાં ચાલે. અને ઉત્સાહમાં ત્યારે 'નટરાજ વશી સર્કલ ઑવ ડાન્સર્સ ઍન્ડ મ્યુઝિશિયન્સ' નામે મંડળ સ્થાપ્યું અને અમદાવાદ વડોદરા વલસાડ સૂરત–અરે જ્યાંથી મળે ત્યાંથી આમંત્રણ સ્વીકારી નૃત્યના કાર્યક્રમો આપવા જતા.

આપણે અગાઉ ઉદયશંકર વિશે નોંધ્યું (જુઓ 'કુમાર' અંક ૪૯૬) તેમ આ આખોય ગાળો '૩૦ થી '૪૦નો રાષ્ટ્રીય આત્મભાનથી ધબકતો હતો. ઉદયશંકરે આ કલાપ્રકારને જે પ્રતિષ્ઠા બક્ષી અને નૃત્યની ચડતી દશા વર્તાવા લાગી તેમાં નટરાજ વશી અને તેમના અન્ય સહયોગીઓનો ફાળો નાનોસૂનો નથી. ઘરઆંગણે ત્યારે આ કલાકારની કિંમત કોઇને ન સમજાઈ હોય તેમાં કશી નવાઈ નથી. કારણ અનેક ક્ષેત્રે અનેક સમર્થ કલાકારો આત્માભિવ્યક્તિ માટે મથતા હતા અને નૃત્યની ચડતી દશામાં મૂલ્યાંકન કરવું પણ અઘરું હતું.

વશી ૧૯૩૭માં શાંતિનિકેતન ગયા. ત્યારે ઉનાળાની રજાઓમાં રવીન્દ્રનાથ ત્યાં રહ્યા હતા તેથી મળવાનો લાભ સાંપડ્યો. ત્યારે ટાગોરને મળવું એટલે 'ઓહો' કહેવાતું અને સહેજે મળી શકાતું નહિ, પણ નસીબ પાધરાં તે બીજે દિવસે જ મુલાકાત થઈ. રવીન્દ્રનાથે જાવા–

બાલી શા માટે જવું છે તે વિષે પૂછ્યું. એટલે એ પ્રદેશનાં નૃત્યો શીખવાની ઉલટની વાત કરી. રવીન્દ્રનાથ ઉત્સાહ જોઈ પ્રસન્ન થયા અને પરિચયપત્રો લખી આપ્યા.

ભારત પાછા ફર્યા એટલે છાયા નૃત્ય-નાટિકા 'મહાભારત'ના પ્રોજેક્ટમાં વ્યસ્ત થયા. સી. પી. ટૅન્ક પાસે માધવબાગમાં '૪૧-'૪૨માં એ રજૂ કર્યું. બહુ લોક ઊમટતું. અસહકારની ચળવળના એ દિવસો. નવલોહિયા કાર્યકરો મદદ કરવા આગળ આવતા. યુવતીઓ શરૂમાં નૃત્યનાટિકાઓમાં ભાગ લેતાં અચકાતી. પણ ઉત્સાહનાં પૂર કાંઈ ઓસરે? એટલે લીધું કાર્ય પાર પાડવા મથતા. દ્રૌપદીની ભૂમિકા પ્રવીણા ભજવતાં. 'મહાભારત' લોકોમાં ઘણું લોકપ્રિય થયું અને શહેરમાં અન્ય સ્થળે રજૂ કરવાની માંગ થઈ. વરલીની મજૂર વસતિ સમક્ષ રજૂ કર્યું ત્યારે લોક માય નહિ અને તેના પ્રયોગો સતત રજૂ કરવા પડેલા. છાયા-પ્રકાશની રચના, રજૂઆત, વસ્તુ, વિષય, નૃત્યસંયોજના ઇત્યાદિનું ઘડતર થવા લાગ્યું. પ્રવીણા ઉપરાંત બીજા સાથીઓનું જૂથ મળતાં વ્યવસ્થિત મંડળી શરૂ કરી.

આ પ્રવૃત્તિમય વર્ષો દરમિયાન પ્રવીણાને અમેરિકામાં 'આર્કિટેક્ટ'ના અભ્યાસ માટે સ્કૉલરશિપ મળી ને વશીને પણ ચિકાગો યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો. બન્ને અમેરિકા જવા ઊપડી ગયાં અને નૃત્યો પણ રજૂ કરતાં રહ્યાં. ત્યાંના વસવાટ વિષે વશીએ ઉત્સાહથી કહેલું:

''૩૭ થી '૪૭ – એક દાયકા પછી સાનફ્રાન્સિસ્કો પહોંચ્યો. સંગીત બધું 'ટેઈપ' કરાવી લીધેલું. અમેરિકામાં એક દાયકો પૂરો વિતાવ્યો. બધી જ મહત્ત્વની જગ્યાએ નૃત્યપ્રયોગો રજૂ કરેલા અને સફળતા મળેલી. પણ નૃત્ય કરતાં ય વધુ તો તે શીખવવાની ઘણી મજા આવતી. કેરોલાઈનમાં 'mechanics of dance' શીખવવાનું શરૂ કરેલું. કોઈ ચોક્કસ ટેકનિક નહિ પરંતુ 'abstract–international form' જેવું. એનો આધાર 'kinesthetics' પર. 'kinesthetic use of body' શરીરને જુદીજુદી ગતિમાં, સ્થિતિમાં કેવી રીતે વાળવું અને તે દ્વારા એક વિચારને કઈ રીતે નૃત્યરૂપ આપવું તે વિષે વિચારતો અને તેનું વિજ્ઞાન તેની ટેકનિક અભ્યાસરૂપે રજૂ કરવા મથતો. ઘણા શીખવા આવતા. મર્સ કનિંગહામ પણ આવતા. ઉપરાંત લા મેરી(રામગોપાલ વિષેનો લેખ અંક ૫૦૨) કેથેરિન લિટ્ઝ, સાયકલૉરામ નો 'ડોમ' કરનાર બકમિન્સ્ટર ફુલર, હેન્યા હોમ્સ, ચિત્રકારોમાં જેક્સન પૉલોક, શિલ્પી ઈસામુ નોગુચી, ફોટોગ્રાફર હર્બર્ટ મેટર વગેરે જોડે મૈત્રી ચર્ચાઓ, પરિસંવાદો ઇત્યાદિ ચાલતું. ઘણી વાર બીજા કલાકારોને મળવાનું પણ બનતું. જાણીતા ઈમ્પ્રેસારીઓ સોલ હુરોક વિસકોન્સિનમાં હેરૉલ્ડ ક્રાઈસ્ટબર્ગને રજૂ કરવા માગતા હતા. થીએટર મને મળેલું. મને તો પછીથી ખબર પડી કે થીએટરવાળા મને જ રજૂ કરવા માગતા હતા. અગાઉથી જાણતો હોત, તો હું તો ક્રાઈસ્ટબર્ગને જ થીએટર મળવા દેત. પણ મને થીએટર આપેલું તેને હું મોટું માન ગણું છું.

આ બધી પ્રવૃત્તિઓમાં ઘણા મિત્રોની મદદ પણ મળી રહેતી. ડૉ. આલ્બર્ટ બાર્ન્સે બાર્ન્સ ફાઉન્ડેશન તરફથી વ્યાખ્યાન માટે પાંચસો ડૉલર આપેલા. આ બધાનું ત્યાં મહત્ત્વ પણ ઘણું. મેડિસનમાં હતા ત્યારે વિસકોન્સિન પ્રેસનું ધ્યાન પણ રાખતો. ત્યારે 'લૅબેનોટેશન'ની પદ્ધતિ પ્રમાણે 'કોરિયોલૉજી' (નૃત્ય-સંકલનાશાસ્ત્ર) વિષે લખવાનું શરૂ કરેલું. જેને આંતરરાષ્ટ્રીય માન્યતા પણ મળત. હજીય એ વિશે લખવાની યોજના છે.'.

અમેરિકામાં દાયકો વીતાવ્યા પછી વશી ભારત આવ્યા ત્યારે એમ.એ., પીએચ.ડી. તો થયા જ હતા, પણ બૅરિસ્ટરનો અભ્યાસ પણ મોટી વયે પૂરો કરીને મુંબાઈ આવી હિંમતપૂર્વક 'હાઈકોર્ટ'માં પ્રૅક્ટિસ કરવાનો નિર્ધાર કરીને આવ્યા હતા. ચિકાગો યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટની પદવી મેળવી ત્યારે સંશોધનના આધારે લોથલ નજીક મહત્ત્વનાં અવશેષો મળી આવે તેવી શક્યતા છે તેવું અનુમાન કરેલું, જે ફળતાં તેમને તેના સમાચાર જાણી અત્યંત આનંદ થયેલો. જોકે સંશોધન બીજા અભ્યાસીઓએ સ્વતંત્રપણે કરેલું. 'લિંગ્વિસ્ટિક્સ'— ભાષાશાસ્ત્રમાં પણ તેમને ભારે રસ. આવી વિવિધ પ્રવૃત્તિઓમાં રમમાણ રહી, જીવનમાં કંઈ કંઈ રંગો જોયા, અને હવે મુંબાઈમાં સ્થાયી થઈ હાઇકોર્ટમાં પ્રૅક્ટિસ પણ જમાવી છે.

વશીની અભિરુચિ ઘણી ઊંચી કોટિની છે. રજૂઆત, આહાર્ય, અભિનય, ભાવસંક્રાંતિ આદિ માટેના તેમના ખયાલો જાણીને થવા લાગ્યું કે આ કાયદામાં પડેલા કલાકારને પાછા નૃત્યક્ષેત્રે વાળવા જોઈએ. મને લાગે છે કે આવા અનુભવી અને દૃષ્ટિવાળા કલાકારનો સંગીતનાટક અકાદમીએ લાભ લેવો જોઇએ. વશીનું સંસ્કૃતનું જ્ઞાન પણ આશ્ચર્ય પમાડે તેવું છે. ભરતનાટ્યશાસ્ત્રનો અભ્યાસ અને આપણી પરંપરાનું હાર્દ સમજવાની સૂઝ, બન્ને વાનાં તેમની નૃત્યવિષયક યોજનાઓ માટે ઘણી રીતે ઉપકારક છે. કોઈ સંસ્થા માથે લે તો નૃત્યનાટિકાઓની નૃત્યસંયોજના માટે વશીની શક્તિઓ કામે લગાડી શકાય. કમનસીબે આપણા દેશમાં પશ્ચિમના દેશોની જેમ નૃત્યકારોનાં જૂથ કે મંડળીઓ 'આર્ટ ડિરેક્ટર'નું મહત્ત્વ સમજ્યાં નથી. નહિ તો સમગ્ર કલાપ્રયોગનાં દરેક પાસાંનું અનુભવ-જ્ઞાન ધરાવનાર વશી જેવી વ્યક્તિઓનો લાભ નૃત્યજગતને મળી શકે. તેવું જ હવે નિવૃત્ત થએલા ઉદયશંકર માટે કહી શકાય. બીજું તો ઠીક, પણ આવા કલાકારો પાસે મારી એક વિનંતી હોય છે તે તેમનાં આત્મકથાનકો લખવા વિષેની. આ ક્ષેત્રે વશી નૃત્ય-સંયોજનાના ઉપરાંત ત્રણેક દાયકાનો ઇતિહાસ આપે તેવી આશા રાખીએ.

લ ઘુ ક થા

વાચા

ઉપેન્દ્ર રાવળ

ઊંચાં મકાનોમાં ટૂંકા પડછાયા નીચે ઊભેલી ભિખારણ વારંવાર ગણ્યાગાંઠ્યા શબ્દો દોહરાવીને ભીખ માગી રહી! 'આપો... બા...'

સાથે ઊભેલી તેની દશેક વર્ષની છોકરીએ પોતાની કેડ ઉપર તેડેલા તેના નાના ભાઈ તરફ ઈશારો કરતાં પાંચમી વખત તેની માને કહ્યું: 'બા–જો તો ખરી આ ભાઈ...'

અને ક્યારની ય ભીખ માગવા છતાં કંઈ ન મળવાથી કંટાળેલી ભિખારણે પેલી છોકરીને જોરથી એક થપ્પડ લગાવી દેતાં કહ્યું: 'મરને રાંડ! નાનો ભાઈ છે તે પજવે ય ખરો...એમાં આમ બૂમો કેમ પાડે છે...આવડી મોટી છો ને માગવા લાગતી તો નથી, પણ માગવા દેતી યે નથી–અક્કરમી!' અને ફરી એ ગરીબડું મોં કરી ભીખ માગી રહી: 'આપો...બા...'

આખરે, થોડું એઠુંજૂઠું મળી રહેતાં થએલા કંઈક સંતોષમાં પણ હજુ ગુસ્સામાં જ પેલી છોકરીને પૂછ્યું: 'બોલ શું છે તારે?'

હીબકાં લેતી છોકરીની આંખોમાં ફરી ચમક આવી ગઈ: 'એ તો કહું છું, કે ભાઈને હવે બોલતાં ય આવડી ગયું!' અને કેડ ઉપર તેડેલા ભાઈ તરફ જોઈ તે બોલી: 'બોલને ભાઈ!...'

અને એ બાળકના મોંમાંથી કાલાઘેલા તૂટક શબ્દ સરી રહ્યા! 'આપો...બા...'

જે છે છતાં નથી એવા અંતરપટનો ભ્રમ

લેખક · સુનિકુમાર મહેતા

સવારે ચા પીતાંપીતાં વિચારે ચડી જાઉં છું. ઝરીનાના અબ્બા હવે તો લાહોરના મોટા મિલમાલિક ગણાય છે. મારા અબ્બાજાન પણ હોત – જો પાકિસ્તાન છોડી ભારતમાં ન આવી ગયા હોત તો. ઝરીના સમજુ છે. એના અબ્બા પણ ભાગલાના સમાચારે રડ્યા હતા. પણ લાહોર જ રહ્યા. મારા અબ્બાને નોકરી મળે એમ હતી. અમે ભારત આવ્યાં. પણ હજુ યે બંને કુટુંબોનો સંબંધ એવો જ સોના સરખો. આજે હું તથા ઝરીના આટલા વરસે અહીં વિદેશમાં ભેગાં થયાં અને કેવાં આનંદમાં રહીએ છીએ!

લંડન: 'સોસાએટી ઑાવ એશિયન સ્ટુડન્ટ્સ'. હું અને મારી આજુબાજુ ફરતી ઝરીના. 'હલ્લો અબ્બાસ!' ચેન-શૂ આવીને મારી સાથે હાથ મિલાવે છે અને પછી તરત જ ઝરીના સામે ફરી જાય છે: 'એક ગીત તો ગાવું જ પડશે; પેલું ભૂખ્યા સિપાઇનું, કે એવું કંઈ'.

ઝરીના સ્મિત કરે છે. મારી બાજુમાં ભરાય છે; લાહોરમાં અમે પ્રાંગણમાં રમતાં અને બિલ્લીથી ડરીને મને વળગી પડતી એવી જ અદાથી. ચેન શૂ જાય છે, એટલે ધીમેથી હસતી મને કહે છે: 'એવું કંઈ—એ ભૂખ્યા સિપાઈનું એક જ ગીત તો મારી જિંદગીમાં ગાયું છે!'

સ્ટેઈજ પર પાલ આવે છે સોસાએટીનો પ્રમુખ છે બધા તાળીઓના ગડગડાટથી એને વધાવી લે છે. આંખના ખૂણામાંથી હું અમસ્તું ઝરીના તરફ જોઈ લઉં છું. એ પણ તાળીઓ પાડે છે. પછી અમારી નજર મળે છે—એક ક્ષણ માટે. હું નીચું જોઇ જાઉં છું. પાલ જેટલો મને ગમે છે એટલો ઝરીનાને નહિ તે હું જાણું છું. 'સોસાએટી ઑાવ ઈન્ડિયન સ્ટુડન્ટ્સ'માંથી એ મને મળેલો. અમારી પાછળ બેઠેલા ગની અને મુકબિલ મને ખાસ ખુશ નથી લાગતા. એમને કંઈક વાતો કરતા હું સાંભળું છું. અમસ્તા જ મારા કાન સતર્ક થવા જાય છે—ઉફ! 'હિંદુસ્તાન, પાકિસ્તાન.'

પાલનું ગંભીર છતાં રમૂજવાળું બોલવ નું ચાલુ હોવા છતાં આજુબાજુથી નજરો મારી અને ઝરીના તરફ જતી હોય એવું મને લાગે છે — ભ્રમ છે. ઝરીના સ્વસ્થ લાગે છે. પાલને સાંભળે છે.

ડૉ. વિલ્સન માનસશાસ્ત્રમાં દુનિયાના શ્રેષ્ઠ કોટિના વિદ્વાનોમાં ગણાય છે. ટૂંકા ને સહેજ જાડા. અરધી સફેદ ને અરધી કાળી મૂછો, અને નાનું માથું. બોલવાનું શરૂ કરે એટલે ઝગારા મારતી બે આંખો જ દેખાય. હું અને ઝરીના એમનાથી ખૂબ અંજાઈ ગયાં છીએ. ચાલુ વર્ગે પણ મારી અને ઝરીનાની વાતો ચાલતી હોય છે—નોટમાં લખીલખીને, મનના પ્રકારો વિષે ડા. વિલ્સન સમજાવે છે: 'સામે લાલઘૂમ સફરજન મૂકો, તો બાહ્યમુખી માણસ ઉપાડીને મોટું બટકું ભરીને ખાવાનું શરૂ કરશે; સાથેસાથે પૂર જોરમાં વખાણ કરશે.' આ વખતે હું ઝરીનાની નોટમાં લખું છું; 'તારી જેમ' આંખના ખૂણામાંથી ઝરીના મારા સામું જુએ છે. ડૉ. વિલ્સનનું વ્યાખ્યાન ચાલુ હોય છે: 'જ્યારે અંતર્મુખી માણસ બે ક્ષણ વિચાર કરશે.' પછી હસીને ઉમેરે છે; 'જો કે પછી ખાશે તો જરૂર'

તારી જેમ...વેદિયો!' ઝરીના મારી નોટમાં લખે છે.

'પરંતુ અંતર્મુખી માણસ ધર્મ તરફ વધુ ઢળેલો હોય છે. વધુ સહન કરીને યે સાચી પણ અવ્યવહારુ વાત માટે વધુ લડે એમ બને.'

વાત કરતાં કરતાં ડૉ. વિલ્સન આડી વાતે ચડે છે રાજકારણના દાખલા આપે છે 'મિ. જિન્નાને આ રીતે બહિર્મુખી કહી શકાય; અને મિ. ગાંધીને અંતર્મુખી એટલે જ જ્યારે હિંદુસ્તાન-પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે મિ. ગાંધીએ ઉપવાસ કર્યા...' વગેરે. હું મતલબ બરાબર સમજતો નથી. ખાલી એમ લાગે છે કે ઝરીના મારી નોટમાં કંઈક લખી નાખશે, અને હું મારી જાતને ઝરીનાની નોટમાં લખતાં અટકાવું છું...

કાંઈ જ કરવાનો 'મૂડ' નથી. ઝરીનાને ઘેર એની ગૅલેરીમાં બેઠાં છીએ. નાની બહાર ગયાં છે આજે જ ઘેરથી કાગળ આવ્યો છે: 'ફરીદા વિલ્સન કૉલેજમાં દાખલ થઈ. ખાસ ફાવતું નથી. અહમદ સ્કૂલમાં ક્રિકેટટીમનો કૅપ્ટન થયો, પણ વાઈસ કૅપ્ટન હે શિયારસિંહ સાથે ઝગડો થયો...' ઝરીના હસે છે: 'આ તમારા સરદાર પણ અજબ ખોપરી હોય છે.'

'તમારા' શબ્દ મને કેવો તીરની માફક ખૂંચે છે! કેમ ભૂલી જાય છે કે સુરીન્દર અને તેની બહેન સાથે તો પોતે જ રાતદિવસ રમતી. હા હવે હું પાકિસ્તાની નથી, ઝરીના હિન્દુસ્તાની નથી. ઝરીના પણ દિલગીર થાય છે: 'તમારા એટલે મુંબાઈના. સરદાર 'નૉર્થ'ના સારા'. હું હસું છું...

'પિગ્મૅલિયન' નાટકમાં હસીહસીને અમે ઢગલો થઈ ગયા, ગજબના છે આ અંગ્રેજ નટો. ઝરીનાએ તો મારા પગ થાબડીથાબડીને લાલ કરી નાખ્યા; અને મેં એનો વાંસો! સલ્વાર-કમીઝમાં એવી તો રૂપાળી લાગે છે! નાટકની માલણ સાવ ગમાર. બરોબર અંગ્રેજી બોલતાં પણ ન આવડતું—ભૂખ ગોટાળા કરતી. પ્રોફેસર તેને ઉચ્ચ સમાજની સ્ત્રી 'હાઈ સોસાઍટી વૂમન' બનાવે છે. શો છૂટતી વખતે ચાલતાં ચાલતાં હું ઝરીનાને કહું છું! 'તું યે તે આ માલણના અંગ્રેજી જેવું ભંગાર ઉર્દૂ બોલતી હોત-જો મેં શીખવ્યું ન હોત તો.'

'હવે જા જા! તને 'તુજે'નું 'કુજે' બોલતાં તો મેં શીખવ્યું.'

'હા, થોડી ગાળોના ઉચ્ચાર તારા શુદ્ધ હતા.' હું કહું છું અને મારી બાજુમાં ભરાઇને ઝરીના મને ચીમટો ભરે છે.

બહાર નીકળતાંની સાથે જ મને દાસપ્પા મળે છે: 'જોરદાર સમાચાર. ટોકિયો ઑલિમ્પીકમાં ભારતે પાકિસ્તાનને હૉકીમાં હરાવ્યું. ગૉડ ફૉર ઇંડિયા'. ખુશીથી હું એને ભેટી પડત, પણ ઝરીનાનો હાથ મારા હાથમાં છે...

બીજે દિવસે ઝરીના કૉલેજના પગથિયે મળે છે. ખાસ મૂડમાં નથી. હું પૂછું છું; 'કેમ આમ ઉદાસ લાગે છે?'

'કેમ ન હોઉં?' આજે આ રીતે કેમ મને જવાબ દે છે? કે પછી અમસ્તી જ કહે છે?

આગળ ચાલતો જઈ નોટિસ વાંચું છું ત્યાં પાલ અને શેઠી વાતો કરે છે: પાલ કહી રહ્યો છે. 'ભાઈ દિલ તો મારું યે ઊછળીને બહાર આવી જાય છે; પણ એનો અર્થ એમ નથી કે તું આખી કૉલેજમાં બરાડા પાડતો ફરે કે ભારત જીત્યું-પાકિસ્તાન હાર્યું. આ લખનૌ કે દિલ્હી નથી; લંડન છે.'

વર્ગમાં આવીને ઝરીના સાથે બેસું છું; પરંતુ બોલતો નથી. પાછળથી ભારતીય વિદ્યાર્થીઓ ઝરીના તરફ અને પાકિસ્તાનીઓ મારા તરફ જોતા હોય એમ લાગે છે. હકીકતમાં નહિ જોતાં હોય. ભ્રમ છે. મારાથી નિસાસો નખાઈ જશે એમ બીક લાગે છે. વર્ગ પૂરો થતાં હું ઝરીના તરફ ફરીને બોલું છું: 'મૂડ નથી. તારે (અનુસંધાન પૃ ૪૫૮ મે)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક • રવિશંકર રાવળ

૩૩૦ વિશ્વયુદ્ધની અસરો

આજ સુધી લોકોમાં યુરોપના રાજકારણની માહિતી કે તેની અસરોનો ખયાલ નહોતો. આ પહેલા વિશ્વયુદ્ધે બુદ્ધિમાનોને ખૂબ તેજ કર્યા. અંગ્રેજ લોકોએ ગમે તેવી તંગ પરિસ્થિતિમાં પણ દુશ્મનને પડકાર આપ્યો. ફ્રાન્સ અને પૂર્વ યુરોપમાં યુદ્ધના નવાનવા મોરચાની વિગતો આવી. જર્મનોની તૈયારી અતાગ હતી. એમના લડાયક ખમીરની વાતો દુશ્મનોમાં ધ્રૂજારી ઉપજાવતી. વર્તમાનપત્રોમાં રાક્ષસો, પિશાચો દૈત્યો જેવાં ઉપનામો તેમને અપાતાં. તેઓએ જર્મનીની બહાર જ યુદ્ધ મોરચા નાખ્યા તેથી અંદરનું જર્મની ઘણું શિરતબદ્ધ રીતે તેમને પુરવઠો આપતું રહ્યું. મિત્રરાજ્યોને પોતાના મુલકમાંથી હજારો માઈલ લશ્કરો અને પુરવઠો મોકલવાનાં હતાં.

આ યુદ્ધમાં જર્મન 'યુ' સબમરીનોએ ત્રાસ વર્તાવ્યો હતો. સામા પક્ષનાં અસંખ્ય વહાણો અને ક્રૂઝરો (યુદ્ધજહાજો) એણે ડુબાવી દીધાં હતાં. એમની મશીનગનો અને કાંટાળા તારનું આવરણ ઘેરાની પદ્ધતિ કરતાં યે આકરાં નીવડયાં. ટ્રેન્ચો (ખાઈઓ)ની લડાઈ વળી નવો જ પ્રકાર હતો. હાથબૉમ્બનો પણ ઉપયોગ થતો. ઉપરાંત આ વખતે હવાઈ દળોની સેવા આગળ આવી. તેઓ તોપોની સરહદ વટાવી શકતાં. નીચેનાં દળોને દુશ્મનના પ્રદેશોના ખબર અને ફોટોગ્રાફો પહોંચાડતાં. આમ લાગલાગટ ત્રણ વર્ષ સુધી બંને પક્ષે થકાવટ અને માણસોની ખુવારી સહન કરવાં પડયાં.

આ મામલામાં મિત્રરાજ્યોએ બહુ જ ધીરજથી, શિરતબદ્ધ રીતે, રક્ષણ, સલામતી અને પુરવઠાની સગવડો પ્રમાણે, ઘણી વાર લશ્કરો પાછાં પણ ખેંચી લીધાં હતાં. તે વખતે ચોપાનિયાં તેને 'બહાદુરીભરી પીછેહઠ' કહી બિરદાવતાં. એ પછી કોઈ કામ પાર ન પડે ત્યારે 'બહાદુરીથી પીછેહઠ કર્યા'નો વાક્યપ્રયોગ પ્રચારમાં આવ્યો. ૨૨મી એપ્રિલના યુદ્ધમાં પહેલીવાર ક્લોરીન ગૅસ વપરાયો. સામસામા ગોળા છૂટતા હતા તેમાં તે દિવસે સાંજે પાંચ વાગ્યે એક ભયંકર બૉંબમારો થઇને તરત બંધ પડી ગયો. જર્મન હરોળ પરથી બ્લ્યુ-સફેદ રંગનું ધુમ્મસ ઊભું થયું અને ફ્રેન્ચ મોરચામાં ધસી આવ્યું. જર્મન દળોમાં ધરબેલી લોખંડની નળીઓમાંથી છોડેલો એ ક્લોરીન ગૅસ હતો. આફ્રિકન અને ફ્રેન્ચ સૈનિકોની આંખ નાકમાં બળતરા લાગી, આંખો સૂજી ગઈ. તુરત મેદાન છોડી તેઓ નજીકની નહેરના પાણી તરફ દોડયા. આની સામે તરત જ ગૅસથી બચવાના મુખવટા (માસ્ક) શોધાયા. સોડા બાઈ કાર્બથી ભીંજવેલાં રૂનાં પોતાં ગમપ્લાસ્ટર ટેઈપથી મોં આગળ ચોડાવા લાગ્યાં, ને દાઢીમૂછમાં ભરાઈ જતા ગૅસથી બચવા તે સફાચટ કરવાની રીત દાખલ થઈ. તેમાં જિલેટ શોધેલી બ્લેડ (પતરી)નો અને તે માટે ખંપાળી જેવા નવા અસ્ત્રાનો ઉપયોગ વ્યાપક બનતો ગયો.

૩૩૧ સામાજિક ફેરફારો

કપડાંનો બચાવ કરવા યુરોપિયન અધિકારીઓએ અરધી બાંયનાં ખમીસ અને આખાં પાટલૂનને બદલે શોર્ટ્સ (ચડ્ડીઓ) અપનાવ્યાં. પુરુષોને કારખાનાંમાંથી મુક્ત કરી મોરચે રવાના કરવા માટે યુવતીઓએ ત્યાં કામ કરવા માંડયું તેમ જ કેશશૃંગારમાં વેડફાતા સમય, સામાન અને ખર્ચ બચાવવા બૉબ્ડ હૅર(ટૂંકાં ઝટિયાં)ને પ્રતિષ્ઠિત કર્યાં.

સરકારે ચારે તરફ કરકસર અને બચાવની રીતોને ઉત્તેજન આપવા માંડયું. વપરાએલાં કવરો પર કાગળ ચોડી તે પર નવું સરનામું અને ટિકિટો ચોડીને ચલાવવાનો રિવાજ એ વખતે દાખલ થયો.

મુંબઈના ઉચ્ચ વર્ગની સ્ત્રીઓએ મંડળો રચી સોલ્જરો માટે ઊનનાં સ્વેટરો ગૂંથવા માંડયાં. અમારી આર્ટ સ્કૂલમાં ત્યારે ગુજરાતી છોકરીઓ તો કોઈ નહોતી, પણ બેચાર પુખ્ત વયની પારસી બાનુઓ હતી તે થેલીમાં ઊન લઈને આવતી અને ફુરસદ મળતાં સ્વેટરો ગૂંથતી બેસતી. તેમાં ડૉલી ખરસેદજીનું પાત્ર બહુ ચમકી ગયું. શ્રીમંત માબાપની એ ચકોર-ચપળ છોકરી પ્રિન્સિપલ, શિક્ષકો કે વિદ્યાર્થીઓ સાથે છૂટથી વાતો કરતી, દોરવણી આપતી અને આંખેથી મમતા વરસાવતી. કલાત્મક પ્રમાણોવાળા મોં અને ઘાટીલા શરીરવાળી એ ડૉલી બહુ જીવી નહિ. એનો શોક સર્વને થયો. તેના શ્રીમંત પિતાએ શાળા સાથેનો તેનો પરિચય યાદગાર બનાવવા એક નાદર રકમ આપીને કલાશાળામાં 'ડૉલી ખરસેદજી પારિતોષિક' સ્થાપ્યું જે આજે પણ તેનું સ્મરણ કરાવતું ચાલુ છે.

૩૩૨ વિદાય લેતા વિદ્યાર્થીઓ

હું જ્યારે પેઇન્ટિંગના વર્ગમાં દાખલ થયો ત્યારે 'શોમ' ને 'નાગ' નામના બે બંગાળી વિદ્યાર્થીઓની વાહવાહ બોલાતી. પહેરણ ઉપર પિછોડી નાખી બંગાળી પોશાકમાં તે સ્કૂલમાં આવતા તેમણે એ વખતનો બધો અભ્યાસક્રમ પૂરો કર્યો હતો, એટલે બર્ન્સ સાહેબની દોરવણી નીચે શોમે દૈનિક જીવનમાંથી તડકાછાયામાં ફરતાં ખરાં માનવવૃંદોની વિવિધ ચિત્રસંયોજના કરવા માંડી હતી. તે રોજ ખૂબ સ્કેચ કરી લાવતા અને બર્ન્સ તેને (એકલાને) આગળ દોરવણી આપતા. વર્ષાઋતુમાં ઘણી વાર બહાર ન જવાય ત્યારે તે કોઈ પણ વર્ગમાં જઈ ગ્રીસના પ્રાચીન નમૂનાઓ પરથી બહુ મોટાં તૈલચિત્રો કરતા. તેના શાળા છોડતાં પહેલાના પ્રદર્શનમાં એવાં તડકાછાયામાં ફરતાં વૃંદોનાં બેચાર સરસ ચિત્રો મેં જોએલાં. તે પછીની એમને વિષેની માહિતી નથી.

તેના પછી, મારાથી આગળના વર્ષમાં એક બહુ તેજસ્વી વિદ્યાર્થી જૂથ સ્કૂલમાં હતું. તેમના સહપાઠી થવાની તક મને મળી નહિ તેનો મને અફસોસ રહ્યો છે. પણ તે લોકો જે જે કામ કરતા તેનું રોજબરોજ નિરીક્ષણ કરવા હું રિસેસમાં તેમના વર્ગમાં પહોંચી જતો અને થોડોથોડો પરિચય કેળવતો. તેમનાં નામો યાદ કરું છું: હલદનકર, ચુડેકર, લાલકાકા, માધવરાવ જોશી, સબ્જી, રવિવર્માનો કોઈ વારસ, કેતકર, જોગળેકર, સરદેસાઈ, પરંદીકર, વાકળકર, દળવી અને બીજા એકબે તેજસ્વી પુરુષાર્થી વિદ્યાર્થીઓ હતા.

છેવટના વર્ગમાં આવા ઉત્સાહી વિદ્યાર્થીઓ જોઈ પ્રિન્સિપલ બર્ન્સ પણ તેમને લંડનની અકાદમીના ધોરણ પર ચડાવવા મહેનત લેતા. તેમના માટે લાયબ્રેરી ખુલ્લી મુકાવી હતી અને તેમની નજર ને ખયાલો વિસ્તારવા માટે રોજ બેત્રણ પુસ્તકો તેમને વર્ગમાં જોવા અપાતાં.

બર્ન્સે તે દરેક પાસે એકએક મોટા ચિત્રપ્રસંગનું સંયોજન શરૂ કરાવ્યું. તેના વસ્તુ માટે એ ચિત્રના ખંડેખંડના સ્કેચો લાવવા આગ્રહ રાખતા. શરૂમાં ૪×૫ ફૂટના જાડા કાગળો ચોકઠાં પર ચડાવી તે પર કોલસાના પ્રાથમિક આલેખો કરાવ્યા. પર્સ્પેક્ટિવનો ઠાઠ સમજાવવા વિશાળ આંતરખંડો અને માર્ગોના સ્કેચ કરાવ્યા. એક કૃત્રિમ ઓરડો બનાવી તેમાં જીવતાં પાત્રો ગોઠવી પારસ્પરિક યોજના ગોઠવી બનાવી. ચિત્રમાં પ્રગતિ ન થાય કે યોગ્ય સામગ્રી ખૂટતી લાગે કે (અનુ. પૃ. ૪૪૮)

સ્ટીફન ઝ્વાઈગના 'ધી ટાઈડ ઑાવ ફૉર્ચ્યુન'માંથી એલ્ડોરાડો' (સટર્સ ગૉલ્ડ)નો ભાવાનુવાદ

સુવર્ણ મેરુ

શિવપ્રસાદ જોશી

ઈસુની ૧૮૩૪ની સાલ. ફ્રાન્સના લિ હાવ્રે બંદરેથી ન્યૂ યૉર્ક ભણી એક સ્ટીમર જઈ રહી છે. તેમાં ચાહોમ કરીને પરદેશ ખેડનારા સો જેટલા મુસાફરોમાં એકત્રીસ વર્ષનો એક યોહાન (જ્હૉન) ઑાગસ્ટ સટર પણ છે. અત્યાર સુધી તે સ્વિટ્ઝરૂલૅન્ડમાં હાઈનબર્ગ ખાતે રહેતો હતો. તેના ગોરખધંધાના હિસાબે યુરોપની અદાલતો તેની પાછળ પડી હોવાથી, એ ચુંગાલમાંથી છૂટવા હવે તેણે સમુદ્રપાર જવા ધાર્યું છે. વિશેષણોથી નવાજવો હોય તો તેને ઠગ, ધુતારો, ચોર ઇત્યાદિ કહી શકાય બૈરીછોકરાંને તરછોડીને તે પારી(સ) પહોંચી જાય છે. ત્યાં તરેહતરેહનાં બહાનાં હેઠળ પૈસા ભેગા કરી, પાછળ ફરતાં વૉરન્ટોમાંથી બચવા, દેશાવરમાં નવું જીવન શરૂ કરવા જહાજ પર ચડી જાય છે અને સાતમી જુલાઇએ ન્યૂ યૉર્ક ઊતરે છે.

એ શહેરમાં બે વર્ષ સુધી જાતજાતના ધંધા કરી એ જીવનનિર્વાહ ચલાવે છે. કયારેક વીશીમાં નોકરી કરે છે, તો વળી દવાની દુકાનમાં મહેતાજી બને છે; થોડા સમય બાદ દાંતનો ડૉક્ટર બની રહે છે; તે ન ફાવતાં દરજી બને છે. છેવટે એક વીશી ખરીદીને ચલાવે છે અને સારું કમાય છે. વળી તે પણ વેચી મારે છે. તેનું મન આગળ પશ્ચિમમાં જવાનું હોવાથી તે મિસૂરી પ્રાંતમાં જઈ ત્યાં ખેતી કરે છે ને જીવનભર ચાલે તેટલું રળે છે તોપણ તેનું ચિત્ત હજી પશ્ચિમ તરફથી આવતા-જતા લોકોમાં ચોંટેલું છે. પોતાના ઘરનાં દ્વાર વેપારીઓ, સોદાગરો, શિકારીઓ, સૈનિકો, સાહસિકો, મુલાયમ રુવાંટીનાં ચામડાં વેચનારાઓ માટે સદા ખુલ્લાં રાખે છે. તેમની વાતો તે મુગ્ધ ચિત્તે સાંભળી રહે છે. તેમના કહેવા મુજબ, પશ્ચિમ દિશાએ ચરિયાણ મુલક અને સપાટ મેદાનો માઇલોનાં માઇલો સુધી પથરાએલાં પડ્યાં છે; ગાય અને ભેંસોનાં ટોળાં તો ત્યાં સાવ છૂટાં ચરતાં હોય છે; તેમની સંભાળ લેનાર કોઈ માનવી ત્યાં નથી; આ બધી અણમોલ સંપત્તિ નધણિયાતી પડી છે. ત્યાં વસનારાઓમાં માત્ર ત્યાંના આદિવાસી રેડ-ઇન્ડિયનો છે શિકારે જતાં તેમનો ભેટો કયારેક થઈ જાય છે. એ મુલક પૂરો થયા પછી એક લાંબી વિશાળ પર્વતમાળા વિસ્તરેલી છે અને તેની પેલી બાજુ તો કુંવારી ધરતીનો અફાટ પ્રદેશ પથરાએલો છે. જ્યાં કોઈ કાળા માથાના માનવીએ હજી પગ સરખો મૂકયો નથી. ત્યાં તો જવામાં પણ જાનનું પૂરું જોખમ, એવો દુર્ગમ છે એ વિસ્તાર।

પણ યોહાન ઑગસ્ટ સટરની નસમાં સાહસિકનું લોહી વહે છે. પોતાની ખેતીની જમીન પર આરામથી દિવસો ગાળવામાં તેને કેં મઝા આવે? ઈ. ૧૮૩૭ના એક પનોતા દિવસે તે પોતાની બધી સંપત્તિ વેચી મારીને, થોડાક ઘોડા ભેંસ અને ગાડાં ખરીદી, મુસાફરીમાં ખપ આવે તેવો એક નાનકડો કાફલો રચી, ૧૮૩૮ના જૂનમાં પશ્ચિમ દિશાની અજાણી ભોમકા તરફ પ્રયાણ આદરે છે. કાફલામાં છે અર્માટિન્જર નામનો લશ્કરી અફસર, પાંચ પાદરીઓ અને ત્રણ સ્રીઓ. એ બધાં નજર પહોંચે ત્યાં સુધી વિસ્તરેલાં મેદાનોમાં થઈ આભને આંબતી ડુંગરમાળા તરફ. અને ત્યાર બાદ પૅસિફિક બાજુ પહોંચવા ઝડપ કરે છે.

ત્રણ માસની સતત મુસાફરીને અંતે કાફલો ફૉર્ટ વાનકૂવર પહોંચે છે. પણ દરમ્યાન ત્રણે સ્રીઓ મૃત્યુ પામે છે અને પુરુષો અહીંથી વેરવિખેર થઈ જાય છે. કૅપ્ટન અર્માટિન્જર કિલ્લો સંભાળવા વાનકૂવરમાં જ રહે છે ને પાદરીઓ સ્થાનિક ભાષાનો અભ્યાસ કરવા રોકાઈ જાય છે; એટલે આગળ જવા માટે એકલો યોહાન સટર જ રહે છે. તેને ફૉર્ટ વાનકૂવરમાં રહી જવા ઘણું સમજાવવામાં આવે છે, પણ તે એકનો બે નથી થતો. જ્યાં કોઈ ન ગયું હોય ત્યાં જવાનું તેને ઘેલું લાગ્યું છે. એટલે એક નાનકડા વહાણમાં બેસી તે સૅન્ડવિચ ટાપુઓ તરફ હંકારી જાય છે અને ત્યાંથી અલાસ્કા પહોંચે છે.

અહીં તેને બહુ એકલતા સાલે છે અને વેઠવું પણ ઘણું પડે છે. એટલે ત્યાંથી નીકળી આગળ એક નિર્જન સમુદ્રકાંઠે આવેલા નાનકડા સ્પૅનિશ લશ્કરી થાણા પર તે આવી પહોંચે છે. છએક દાયકા પર ઈ. સ ૧૭૭૬માં અહીં ફ્રાન્સિસી મિશનની સ્થાપના થઈ હતી; અને પાછળથી સાન્ફ્રાન્સિસ્કો નામનું (આજનું) જે શહેર વસ્યું તેની મૂળ જગ્યા પણ આ જ. એ કાળે સ્પૅનિયાર્ડ વહાણવટીઓ દુનિયાના દરેક ખૂણે ધામા નાખી પડયા હતા. સ્પૅનિશ તંત્રની શિથિલતા તો જગજાહેર હતી. ગવર્નરો આતવારે-છાશવારે બદલાતા. ઠેરઠેર બળવા ફાટી નીકળતા, મજૂરો શોધ્યા જડતા નહિ. ટૂંકમાં કોઈ સાહસિક આત્મા દ્વારા આ સમસ્ત ભૂમિ શોધાવાની ને ખેડાવાની રાહ જોતી હતી.

યોહાન સટર એક ઘોડો ભાડે રાખી, સૅક્રમેન્ટોની આખી ખીણ ખૂંદી વળ્યો. આખા દિવસની રખડપટ્ટી બાદ તેને સમજાઈ ગયું કે અહીં ખેતીલાયક પુષ્કળ જમીન છે,–ધૂળનાં ઢેફાં નીચે મબલખ સમૃદ્ધિ ઢંકાએલી પડી છે. અહીં એક માતબર વસાહત ખુશીથી ઊભી થઈ શકે. બીજે દિવસે, તે એ પ્રદેશની નિસ્તેજ રાજધાની મોન્ટેરીમાં પહોંચ્યો અને ગવર્નર અલ્વારેડોની મુલાકાત લીધી. વાતચીતમાં પોતે યુરોપ તરફથી આવી ચડેલો સાહસિક છે તે વાત જણાવી, આ તરફની નધણિયાતી જમીન ખેડવાની તેણે પરવાનગી માગી. વળી પોતે આજુબાજુના ટાપુઓમાંથી મજૂરો લાવીને તેમને વસાવવા મકાનો પણ બાંધી આપશે એવી યોજના રજૂ કરી અને આ નવી વસાહતને 'ન્યૂ હેલ્વેશિયા' નામ આપશે ત્યાં સુધી જણાવ્યું.

'ન્યૂ હેલ્વેશિયા શા માટે?' ગવર્નરે પૂછ્યું.

'હું સ્વિટ્ઝરૂલૅન્ડનો છું, વળી રીપબ્લિકન છું, માટે.'

'બહુ સારું. તમને બધી જ સવલતો મળશે. તમારી યોજના હોય તે પ્રમાણે કામ કર્યે જાઓ.' ગવર્નરે ખાતરી આપી.

અહીં ઉજ્જડ વેરાનમાં જમીનની કાંઈ જ કિંમત ન હતી, એટલે ગવર્નરે તેને ૪૯ હજાર એકર જમીન ભેટ લખી આપી. તે સાથે એટલી શરત મૂકી કે મેક્સિકન સરહદના રક્ષણાર્થે સટરે એક દીવાલ ચણી આપવી. જમીનની પેઠે ઇલ્કાબો પણ ત્યારે સસ્તા હોવાથી ગવર્નરે તેની યે નવાજિશ કરી, અને સટરને 'કમિશનર ઑાવ જસ્ટિસ ઍન્ડ રેપ્રિઝન્ટેટિવ ઑાવ ધ ગવર્નમેન્ટ ઑાન ધ ફ્રન્ટીઅર ઑાવ સૅક્રમેન્ટો' એવો લાંબોલચ ઇલ્કાબ આપ્યો. સંપૂર્ણ સંતોષ અને આત્મગૌરવ સાથે સટર પાછો ફર્યો. ઘરઆંગણાના સુધરેલા સમાજ કરતાં હજારો માઇલ દૂર અહીં તેની શક્તિની અનેકગણી મૂલવણી થઈ હતી.

સૅક્રમેન્ટો તરફ એક વણઝાર ચાલી જાય છે. તેને મોખરે ઘોડા ઉપર યોહાન સટર છે. તેને ખભે બંદૂક લટકી રહી છે. તેની પાછળ છે

…ચાર યુરોપિયનો [illegible] …ર બાદ સો-દોઢસો મજૂરોનું ટોળું ઘોડા-ખચ્ચર-ગાય ભેંસ-બકરાંને દોરતું ચાલ્યું આવે છે. જનાવરોની પીઠ પર અનાજ, બીઆં, ખાધાખોરાકી, દારૂગોળો ઇત્યાદિ લાદ્યાં છે. આ કાફલો ન્યૂ હેલ્વેશિયાની વસાહતનું નિર્માણ કરવા જઈ રહ્યો છે. સૌથી મોખરે ભડકે બળતો અગ્નિ રાખ્યો છે. જંગલમાં થઈને રસ્તો કરવાનો હોવાથી આડે આવતાં વૃક્ષો ને ઝાડી-ઝાંખરાંને આગ ચંપાતી જાય છે અને મજૂરો વૃક્ષોનાં મૂળિયાં ખોદતા જાય છે. બધું જ એકડે એકથી શરૂ કરવાનું છે. કૂવા ખોદવાના, જમીન સમથલ કરી બી રોપવાનાં, ઢોરઢાંખર માટે તબેલા તૈયાર કરવાના, મજૂરો માટે છાપરાં અને મકાનો બાંધવાનાં. નવી વસાહત ઊભી કરવાનું આ કામ-જેમ આગળ ચાલે છે તેમ આજુબાજુમાંથી આદિવાસીઓ પણ જોડાતા જાય છે. જમીન ફળદ્રુપ હોવાથી ટૂંક સમયમાં તો મોલાત હિલોળા લે છે; અને આમ યોહાન સટરને હાથે શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન થાય છે.

પાકની ઊપજ પાંચસો ટકાથી પણ વધુ થઈ જાય છે. અનાજનાં ગોડાઉનો છલકાઈ જાય છે. ઢોરઢાંખરને ખાવા માટે ઘાસચારાનો કોઈ હિસાબ નથી ઢોરની સંખ્યા સેંકડોમાંથી હજારોની થઈ જાય છે. સમૃદ્ધિમાં ભાગ પડાવવા સ્થાનિક રહેવાસીઓ આવતા રહેવા છતાં પણ આબાદી વધતી જ જાય છે. પાણીની નહેરો, પવનચક્કીઓ, પાવર-મિલ, સૉ-મિલ તેમ જ બીજાં કારખાનાં નાખવાનો બીજો તબક્કો પણ શરૂ થઈ જાય છે. નદીઓમાં આખો દિવસ હોડીઓ માલની હેર-ફેર કરતી રહે છે. આ પ્રદેશની બધી જ જરૂરિયાતો પૂરી પાડવાનું સટરે માથે લીધું છે. અનાજ ઉપરાંત જુદાંજુદાં ફળફળાદિના રોપા તેમ જ ફ્રાન્સથી ખાસ મંગાવેલા દ્રાક્ષના વેલાઓનું પણ તેણે મોટા પાયા પર વાવેતર કર્યું છે. ફળના રોપાઓને નવી ભૂમિ એટલી માફક આવી છે કે ટૂંક સમયમાં તો આખો પ્રદેશ ફળ અને ફૂલનાં ઉદ્યાનોથી છવાઈ ગયો છે દુનિયાને ભવિષ્યમાં ઉત્તમ ફળો પૂરાં પાડનાર તરીકે જગ-વિખ્યાત થનારા સાન્ફ્રાન્સિસ્કોનાં જ આ મંડાણ છે.

આમ, સટરની વસાહત, પ્રવૃત્તિ વેપાર અને કારખાનાંઓથી ધમધમી ઊઠે છે. તે હવે અવનવી ચીજો અને મશીનો દૂરદૂરથી મગાવે છે. ન્યૂ યૉર્કમાંથી સ્ટીમ-એન્જિન ખરીદી, સાઠ બળદોએ જોતરીને, જમીનમાર્ગે પોતાની વસાહતમાં પહોંચાડે છે. તેનું સદ્દાખોર માનસ અહીં પોતાનું સામ્રાજ્ય સ્થાપવાનાં સ્વપ્ન સેવતું થઈ જાય છે. જેમ સંપત્તિ વધે છે તેમ તે વધુ ને વધુ જમીન ખરીદતો જાય છે તેના કબજામાં ૧,૪૬,૪૯૫ એકર જમીન થાય છે અને ફ્રાન્સ તથા ઇંગ્લૅન્ડ-ની મોટી બૅંકોમાં તેની હૂંડીઓ ફરે છે. કૅલિફૉર્નિયામાં તો, સટરના મહોરાવાળા સિક્કા બહાર નથી પડ્યા એટલું જ બાકી છે. યુરોપનાં રજવાડાં કરતાં યે તે એકલો વધુ ધનાઢ્ય છે; ફૉર્ટ સટરનો ધણીરણી છે; અને લશ્કરી કમાન્ડર પણ છે. અહીંની વસતિનો તે પાલક-રક્ષક છે. તેનો શબ્દ એ જ કાયદો છે. તેના સ્વિસ-જર્મન નામમાં 'ટ' ઉપર ભાર મૂકીને, અમેરિકન ઢબથી સૌ તેને હવે 'જનરલ સટ્ટર' તરીકે સંબોધે છે. ક્યારેક તે જનરલનો પોશાક પહેરીને લટાર મારવા પણ નીકળે છે. તેની પાસે બધું જ છે: દ્રવ્ય, કીર્તિ, જમીન, સામ્રાજ્ય. ફક્ત વારસની ખોટ હવે વરતાય છે. પોતે આજથી ૧૪ વર્ષ પહેલાં યુરોપ-માંથી નાસી છૂટ્યો ત્યારે એક બૈરી અને ત્રણ પુત્રો દેશમાં પાછળ મૂકતો આવ્યો છે, તે હવે ૪૫ વર્ષે તેને યાદ આવે છે પત્ર લખીને કુટુંબને તે બોલાવે છે. યુનાઇટેડ સ્ટેટ્સની સરકાર મેક્સિકો પાસેથી આ પ્રદેશ લઈ લે તો યે પોતાને હરકત નહિ આવે; બલ્કે સ્થિર સર-કાર નીચે પોતાની મિલકત સલામત રહેશે. એટલું જ નહિ પણ પોતાની ગણના અમેરિકાના ધનાઢ્ય પુરુષોમાં થશે. એની હવે તેને પ્રતીતિ છે.

ઈ. ૧૮૪૮નો જાન્યુઆરી માસ છે. જેમ્સ ડબ્લ્યુ. માર્શલ નામનો સટરનો એક કારીગર એક દિવસ અચરજથી હાંફળોફાંફળો તેની પાસે આવે છે. સટરને નવાઈ લાગે છે, કેમ કે આગલે દિવસે જ તેને એક નવી સૉ-મિલ શરૂ કરવા કૉલૉમા ફાર્મમાં ઉપર મોકલ્યો છે. આગંતુક-ના ચહેરા ઉપર ઉત્સુકતાનો પાર નથી. તેની પાસે એટલી તો મહત્ત્વની વાત છે કે માલિકને મોઢામોઢ જ કહેવાની છે.

જનરલ સટર પાસે એકાંત મળતાં જ, તે પાટલૂનના ખિસ્સા-માંથી રેતીનો મૂઠો ભરી બહાર કાઢે છે અને તેમાં રહેલી પીળી ધાતુની કણીઓ ચમકી ઊઠે છે! આગલા દિવસના ખોદકામ દરમ્યાન, ધૂળ-માંથી આ ધાતુનું મિશ્રણ તેને મળી આવ્યું છે. તેણે પોતાના સાથી-દારોને એ વાત કરી તો તેમણે હસી કાઢી છે.

પૂરી ગંભીરતાથી તેની વાત સાંભળી સટરે તેણે આણેલી રેતી ઉપર પ્રયોગ કરી જોયો તો વાત સાચી લાગી. આ રેતીમાંથી સોનું મળવાની ભારોભાર શક્યતા હતી. બીજે દિવસે જેમ્સ માર્શલ સાથે કૉલૉમા જવાનું તેણે નક્કી કર્યું; પણ કારીગર જેમ્સની અધીરાઈ તો એટલી હતી કે માલિકની રાહ જોયા વિના તે રાતોરાત, પવનના તોફાનને યે ગણકાર્યા વિના, પાછો ફર્યો. બીજી સવારે જનરલ સટર કૉલૉમા પહોંચ્યો. ખોદકામ ચાલતું હતું તેમાંથી રેતી લઈ, તેમાં રાસાયણિક પદાર્થ ઉમેર્યો. તેના આશ્ચર્ય વચ્ચે, પીળી ધાતુના ચળકતા ટુકડા અલગ પડી ગયા. પોતાના વિશ્વાસુ યુરોપિયનોને આ વાત તેણે જણાવી અને સૉ-મિલ તૈયાર થઈ જાય ત્યાં સુધી ગુપ્ત રાખવા સૂચના આપી. જ્યારે તે ઘોડા પર બેસી પાછો ફર્યો, ત્યારે શેખચલ્લીના તરંગો તેના મનમાં ઘોળાતા હતા. ખાણમાં ઘણી ઊંડાઈએ ન મળે, તેવું સોનું આટલી સહેલાઈથી મળી આવ્યું, અને તે પણ કોદાળી મારતાંની સાથે જ! વળી તે પોતાની માલિકીની જ જમીનમાં—જ્યાં કોઈ તેને પૂછ-તાછ સરખી કરી શકે નહિ! એક દશકામાં તો તે અમેરિકાનો સૌથી વધુ ધનાઢ્ય પુરુષ હશે અને સુવર્ણમેરુનો સ્વામી હશે!

સૌથી ધનવાન કે કૃપણ? આ પ્રશ્ન વિધિએ તેને માટે અનામત રાખ્યો. જે સમાચાર તે ગુપ્ત રાખવા માગતો હતો તે એક સ્ત્રીના મુખેથી જગજાહેર બની ચૂક્યા હતા. બિલાડીના પેટમાં ખીર ટકે તો સ્ત્રીના પેટમાં વાત રહે. એટલે એવી એક સ્ત્રીએ રસ્તે જતા પથિકને અહીંની સુવર્ણમિશ્રિત રેતીનો નમૂનો આપી વાત કરી દીધી; અને તેનું પરિણામ એ આવ્યું કે સટરના જ માણસોએ કામકાજ છોડી દઈને સુવર્ણ મેળવવા ધસારો કરી મૂક્યો. સુતાર, લુહાર, કડિયા, ખેતમજૂરો, બાગાયતના શ્રમજીવીઓ, ગોવાળો, તબેલાના રખેવાળો, કિલ્લાના ચોકિયાતો ને ગણવેશધારી સૈનિકો સુધ્ધાં સૌકોઈ હાથમાં પાવડો, કોદાળી કે ખોદી શકાય તેવું હથિયાર લઈ સોનું શોધવા ધસી ગયા! સટરની જાગીર રાતોરાત માનવવિહોણી થઈ ગઈ!

જાનવરો તબેલામાંથી ભાગી છૂટ્યાં અને ઊભા પાકને ખેતરોમાં રગદોળી રહ્યાં. કારખાનાં બંધ પડ્યાં. ગાયભેંસોને દોહવા કોઈ રહ્યુ નહિ. સટરે ચારે તરફ ચોકીદારો દોડાવ્યા અને વસાહત છોડી જનારા-ઓને પાછા બોલાવવા નિષ્ફળ પ્રયાસ કર્યો. સૌને પીળી ધાતુનું ઘેલું લાગ્યું હતું જેમજેમ વાતની જાણ થતી ગઈ તેમતેમ ધસારો વધતો ગયો.

એક માણસ તો ગાંડો બનીને, દોડતો સાન્ફ્રાન્સિસ્કો ગયો અને ત્યાં ઊભી બજારે, હાથમાં સુવર્ણરજ ભરેલો શીશો લઈ ને લોકોને બતાવતો ભમવા લાગ્યો. અને બીજી જ પળે, એક લાંબી વણઝાર કૉલૉમા ભણી રવાના થઈ. ઘોડા ખચ્ચર બળદ કે જે કાંઈ હાથ લાગ્યું તે લઈને, પગે ચાલીને કે નાવમાં બેસીને—જેને જેમ (અનુ. પૃ. ૪૫૧)

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે ૮

ધુમ્મસના શહેરમાં

તદ્દન જ નજીક આવી ગયું ત્યારે એણે પોતાનો પરચો બતાવ્યો. લીલીછમ ધરતી ઉપર પથરાઈ રહેલા સૂર્યનો સ્વચ્છ પ્રકાશ જેમજેમ ધૂંધળો થતો ગયો તેમતેમ સમજાતું ગયું કે આપણે ધુમ્મસના શહેરની નજીક ને નજીક થતા જઈએ છીએ. ઠીક જ ધૂંધળો પ્રકાશ જણાવા માંડ્યો ત્યાં જ વિમાનમાં જાહેરાત થઈ: 'આપણે લંડન પહોંચ્યાં છીએ. પળવારમાં ઊતરીશું.' હૃદય જાણે કે ઓચિંતું ધબકી જતું હોય, ને ધબકતું અટકી પણ જતું હોય એવું લાગ્યું.

લંડન! પ્રત્યેક હિંદીની નાડીના ધબકારા જેના નામમાત્રથી ઊંચાનીચા થઈ જાય એ બ્રિટનની રાજધાનીનું શહેર! અત્યંત માનીતું છતાં એક વાર અણમાનીતું બની ગએલું નગર! હજી યે એ હિંદીઓ તરફ વિજેતાની દૃષ્ટિથી જોતું હશે? ખબર નહોતી. પણ હિંદીઓને જ્ઞાનવિજ્ઞાનની અનેકાનેક શાખાપ્રશાખાનો ઊંડો પરિચય તો તેણે તેની ભાષા દ્વારા કરાવ્યો એ તો ખબર હતી જ. અનેક ભાવોનાં પોટલાં, મારી સાથેનાં બે પોટલાં સાથે, તેના એરપોર્ટ પર ઊતર્યો ત્યારે જોડાઈ ગયાં હતાં.

દૂરદૂર પડ્યું હતું શહેર. એના વિમાનમથકથી એરટર્મિનલ સુધી જવા માટે જ્યારે કોચમાં બેઠો ત્યારે મન ઘણાઘણા તર્કવિતર્કો કરી રહ્યું હતું. અહીં કોઈ હોટેલમાં ઊતરવાનું નહોતું. ભૂપતભાઈના પુત્ર વિનોદ વસા વિદ્યાર્થી હોવાથી બોર્ડર તરીકે જેમના ઘરમાં રહેતા હતા તે જે. સી. પટેલને ત્યાં મારે સ્ટૅધમ ખાતે રહેવાનું હતું. વિનોદ સ્કૅન્ડીનેવિયા ગયા હતા, એટલે તેમનો ઓરડો મને મળે એવી વ્યવસ્થા થઈ હતી. સ્ટૅધમ તો ખૂબ દૂર હતું. વિનોદે મને તેડવા પોતાના બે મિત્રો આવે એવી વ્યવસ્થા તો કરી હતી, પણ તે ન આવે તો? આટલો સામાન ઉપાડી આટલે બધે દૂર જવામાં તકલીફ કેટલી પડશે?

મૂંઝવણ થતી હતી. પણ જોડે બેઠેલા ભાઈ મારાથી પણ વિશેષ મૂંઝાતા હતા એ જોઈ રમૂજ પણ પડતી હતી. એ મને પૂછતા હતા, ને હું સાવ અજાણ્યો હતો! શી સલાહ આપું? મને લેવા કોઈ નહિ આવે તો આપણે સાથે જઈશું, કહી મેં એમને હિંમત આપી. કે મેળવી?

પણ ટર્મિનલ પર કોઈ પણ હિન્દી ચહેરો ન જોયો કે એ હિંમત પણ ઓસરી જતી લાગી. વ્યગ્ર મુખમુદ્રાપૂર્વક કોઈ કર્મચારીને સ્ટૅધમ શી રીતે જવાય એવું પૂછવા જતો હતો ત્યાં એક જાણકાર ભાઈએ ટૅક્સીમાં ન જવા ખાસ ભલામણ કરી. 'બહુ મોંઘું પડશે. એ કરતાં ટ્યૂબમાં જજો.' જાણે ટ્યૂબને તો હું જન્મ્યો ત્યારથી ન જાણતો હોઉં!

પણ એ મૂંઝવણ લાંબો વખત ચાલી નહિ. બે હિંદી વિદ્યાર્થીઓ લગભગ દોડતાદોડતા આવી રહ્યા હતા. હું પણ સામો દોડ્યો. 'વસા તરફથી આવો છો?' 'બ્રોકર છો?' હાથ મિલાવ્યા, ને મન જાણે પળ પહેલાં આટલું બધું ઉદ્વિગ્ન બની ગયું હતું તે વાત પણ ભૂલી ગયું. પેલા ભાઈને મદદ રૂપ થવાય તો થવા માટે, હવે સ્વસ્થતાપૂર્વક આજુબાજુ જોયું. પણ કોણ જાણે મને મૂંઝાએલો જોઇને એ ઊપડી ગયા હશે.

બંને જુવાનોએ–રમેશ તથા બિપિન પટેલે–મારો એકએક બોજો ઊંચકી લીધો, ને હું નિશ્ચિંત થઈ ગયો. મારી તરફ ફરીને પૂછ્યું: 'બસમાં જ જઈશું ને?'

ને હું પણ જાણે જાણકાર હોઉં તેમ મેં કહ્યું: 'હાસ્તો, નહિતર ટૅક્સી તો બહુ મોંઘી પડશે, નહિ? દૂર બહુ છે ને?'

'તમે અહીં આવી ગયા છો પહેલાં?'

કેટલું બધું અહીંની ગલીએ ગલીમાં રખડ્યો હતો!–ડિકન્સની સાથે, થૅકરેની સાથે, શૉ અને બૅરીની સાથે, એ એમને કેમ કહું? ને છતાં ઠીક અજાણ્યો હતો એ પણ કેમ ભૂલું? મેં તો પેલા ભાઇને બતાવ્યા અને કહ્યું: 'એ આવી ગયા છે.' અમે ત્રણે હસી પડ્યા.

ઘેર પહોંચતાં ખાસ્સો કલાક થયો. પણ આ બન્ને જુવાનિયા સરસ હતા. રસ્તે બધું બતાવતા જતા હતા. બધું પરિચિત પણ લાગતું હતું. બે માળની લાલ બસો—જાણે મુંબઈની જ ન હોય! ભરચક રસ્તા, એ પણ મુંબાઈના જ. ફ્રૅન્કફર્ટ કરતાં તો જાણે સ્વચ્છ ઓછું લાગે શહેર; પણ મુંબાઈથી તો ચોખ્ખું ખરું. છતાં વિશાળતર મુંબાઇમાં આવી ગયા છીએ એમ લાગ્યા વિના રહે નહિ. કદાચ મારી જોડે બસમાં બેસીને આ બે ભાઈઓ ગુજરાતીમાં મારી સાથે વાતો કરતા હતા તેને અંગે એમ લાગતું હશે? કોણ જાણે?

સ્ટૅધમ નજીક આવતું ગયું તેમ પરાંઓનું વાતાવરણ શરૂ થતું ગયું, અને એક સ્ટૅન્ડે ગાડી ઊભી રહી કે મારા સાથીદારો સામાન ઉપાડીને ઊતરી પડ્યા. બસમાં આમ સામાન મૂકવાની સગવડ મુંબાઈમાં ન મળે હોં, એમ કહીને મારી સામે હસ્યા.

એ ઘરમાં તો ગુજરાત જ વસતું હતું. જે. સી. પટેલ અને તેમનાં પત્ની લલિતાબહેન પોતાના ઘરમાં થોડા વિદ્યાર્થીઓને રહેવાની સગવડ આપતાં હતાં. બધા જ ગુજરાતી હતા. થોડા હિંદથી આવ્યા હતા, થોડા આફ્રિકાથી.

આટલા દિવસ સગવડભરી હોટેલોમાં બાદશાહીથી રહેવા ટેવાએલા મને આ વિદ્યાર્થીવાસ જરા ભારે પડે તેમ હતો. સવારે ઊઠીને ચા હાથે બનાવી લેવાની હતી. બપોરે મરજી પડે ત્યાં જમી લેવાનું. પણ સાંજે અહીં જમીને વાસણકૂસણ સૌસૌએ પોતપોતાનાં ધોઈ નાખવાનાં. પણ તેનો ઉપાય નહોતો. વિદ્યાર્થીવાસમાં રહેવું ને હોટેલની સગવડ માગવી કેમ પોસાય? પડશે એવા દેવાશે વિચારી બધા વિદ્યાર્થીઓને મળ્યો-હળ્યો.

સવારે કૉફી બનાવવા ગયો ત્યાં એક ભાઈ સમજી ગયા કે આ માણસને કશું આવડતું નથી. મદદે આવ્યા. કહે: 'તમે પંચાત નહિ કરતા, હું જ કૉફી બનાવી આપીશ.' કેટલો બધો કૃતજ્ઞ થઈ ગયો હઈશ હું? એ પ્રેમાળ ભાઈ ચંદ્રકાંત ધાનકને હું ભૂલી શકીશ નહિ ને એમની સાથે રહેતા આફ્રિકાથી આવેલા ભાઈ પોપટને પણ.

નાહી ધોઇને તૈયાર તો થયો, પણ ઠંડી ગજબની લાગે. વિશેષ ગરમ કપડાં ચડાવ્યાં. ત્યાં રહેતા રસિક શાહ પિકૅડિલી સુધી જતા હતા. તેમનો સાથ મેળવ્યો. રસ્તે જતાં કઈ બસમાં શહેરમાં જવાય અને પાછા સ્ટૅધમ કેમ અવાય તે સમજી લીધું. પિકૅડિલી આવ્યું એ તો જાણે અત્યંત પરિચિત લાગ્યું. આપણે લોકો ખરેખર લંડન વિષે ખૂબ જ જાણીએ છીએ!

સીધો કૂક્સની ઑફિસમાં ગયો. લંડનમાં નાટક જોવાં હતાં. પહેલેથી બને તેટલી ટિકિટો મેળવવા મેં લખ્યું હતું, પણ એ વ્યવસ્થા થઈ શકી નહોતી. તે જ દિવસે બપોરે ગ્લોબ થીએટરમાં ગ્રૅહામ ગ્રીનનું 'ધ કૉમ્પ્લેસન્ટ લવર' હતું. ટિકિટ મળે તેમ હતી. લઈ લીધી. ગ્રૅહામ ગ્રીન જાણીતા હતા, ગ્લોબ જાણીતું હતું: ને આ લંડન હતું ને

ત્યાં નાટક જોવા મળતું હતું. એથી વિશેષ શું જોઈએ?

જોઇએ જ તો. કોઈક બીજું નાટક જોઈએ. એ પણ હતું ત્યાં. આઠ દિવસ પછીની 'હૅમ્લેટ'ની ટિકિટ મળતી હતી. લઈ લીધી.

પછી નગરનિરીક્ષણ કરવા આમતેમ આંટા માર્યા. રસ્તાઓનાં નામ બધાં જ પરિચિત હતાં. પુસ્તકોએ પરિચય નહિ આપ્યો હોય તે નામોનો પરિચય પેલી 'વ્યાપાર'ની રમતે આપ્યો હતો.

દુકાનોમાં ગયો, નીકળ્યો. આતુરતાપૂર્વક રસ્તાઓ ઉપરનાં પાટિયાં વાંચી નાખ્યાં. અહીં બધું જ સમજાતું હતું એટલે મૂંઝવણ થતી નહોતી. કોઇને કંઈ પૂછવું હોય તો ભાષા દ્વારા પૂછી શકાય, ને ઈશારતોનો આશરો લેવો ન પડે, એ પણ ઓછી રાહત ગણાય? ને આજુબાજુ બધાંય, જ્યારે જોરશોરથી, જાણે દોડતાંદોડતાં જતાં હોય એમ ચાલતાં લાગે, ત્યારે આપણે નવરા નાથા જેવા લહેરથી રસ્તામાં લટાર મારતા હોઈએ એ પણ કેટલો આનંદ આપે!

ખાવાનું મન થયું ને યાદ આવ્યું. મિત્રોએ કહ્યું હતું કે નાકેનાકે ત્યાં લાયન્સનાં ખાદ્યગૃહો મળી રહેવાનાં. મળી ગયું એમાંનું એક તરત જ. પ્રવેશ કર્યો. લાઈનસર ઊભા રહેવાનું. એક જગ્યાએથી રકાબી, નૅપકિન, છરી-કાંટા લેવાનાં. પછી લાઈનમાં ચાલવાનું. સામે બધી ખાદ્યસામગ્રી પડી હોય, મન પડે તે લેતા જવાનું. કૉફી પણ આવે, આઈસ્ક્રીમ પણ આવે, શાકભાજી પણ આવે. મન પડે તે ઉઠાવો. લાઈનનો છેડો આવે ત્યાં આગળ કોઈ બેઠું હોય. તમે બે ને બે ચાર થાય એટલું માંડ ગણી રહો ત્યાં તેણે તમારી રકાબીમાં લીધેલી સામગ્રી ગણી લીધી હોય. ફટ કરીને બિલ આપે. પૈસા ચૂકવી દો એટલે તમે રાજા. મરજી પડે ત્યાં બેસો ને નિરાંતે જમો. ખરેખર નિરાંતે. કેમ કે અત્યાર સુધી યુરોપમાં જે પૈસા ચૂકવ્યા હતા તેના કરતાં અહીં ચૂકવવાના પૈસા ખૂબ જ ઓછા હતા. કારણ? સેલ્ફસર્વિસ.

જમવાનું સારું હતું. ખૂબ ભાવ્યું. તાજો થઈ ગયો. હવે ગ્રૅહામ ગ્રીનના નાટકને સરખો ન્યાય અપાશે.

ગ્લોબથીએટરમાં દાખલ થયો ત્યારે એ નામ સાથે જોડાએલા કેટલા બધા સંદર્ભો તાજા થઈ ગયા! ત્યારનું લંડન જુદું હતું, આ જુદું હતું તે છતાંય તે, જાણે ઝંખનાની કોઈ ભૂમિમાં પ્રવેશ કરતો હોઉં એવું લાગ્યું.

થીએટર ખીચોખીચ હતું. પણ શાંત હતું. તદ્દન શાંત. આ લંડન હતું, મુંબાઈ નહિ એવું ઓચિંતાનું ભાન થઈ આવ્યું; ચમકીને આજુબાજુ જોયું. બધા સફેદ ચહેરા હતા. પણ મારી સીટથી બે હારની આગળમાં એક સાડી બેઠેલી હતી. મોં જોવા ન મળ્યું, પણ આનંદ થયો.

ખેલ શરૂ થયો. રિચર્ડસન નામનો એક પ્રખ્યાત નટ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો હતો. વાત જાણીતી હતી. પતિ, પત્ની ને પ્રેમીની. પણ અહીં પતિ પણ પ્રેમી હતો. છતાં પત્નીને મન એ પતિ જ હતો. પ્રેમી તો પેલો. શું થાય? પતિએ પેલા પ્રેમીને પણ સ્વીકારી લીધો: 'એ પોસાશે, પણ તું ચાલી જા તો તારા વિનાની જિંદગી મને નહિ પોસાય.'

પણ એ પોસાવાનું કેટલું ભારે પડી જાય એ તો ત્યારના રિચર્ડસનના અભિનયને જોઇએ તો ખબર પડે. માણસનો માત્ર ચહેરો યે કેટલા બધા વિષાદનો વાહક થઈ શકે છે! એ પણ, આવા સુખાન્ત નાટકમાં! આપણે હસતા રહીએ છતાં! 'કમાલ' કહેવાનું મન થઈ ગયું.

પણ કહેવું કોને? આજુબાજુ બધાં જ અજાણ્યાં માણસો બેઠાં હતાં. ને તે પણ પાછાં અંગ્રેજ. જેમની સાથે પરિચય-વિધિ થયો ન હોય ત્યાં સુધી જે બોલે સુધ્ધાં નહિ તે! મારી ઊર્મિને મારા જ મનમાં સમાવવાનો નિર્ણય કર્યો, ત્યાં તો બીજા અંકનો અંત સૂચવતો પડદો પડ્યો. મેં આજુબાજુ અમસ્તું જોયું.

મારી તદ્દન બાજુમાં એક વૃદ્ધા બેઠી હતી. સહેજે સાઠ ઉપરની હશે. એ મારી સામે જોતી હતી એમ મને લાગ્યું. એની આંખ સામેથી મારી આંખ ખસેડવા જાઉં ત્યાં તો એ બોલી: 'કેમ લાગે છે નાટક?'

'સરસ, સરસ.' કોઈ વાત કરનારું મળ્યું તેથી હું આનંદમાં આવી ગયો: 'ને પેલા માણસનો અભિનય!'

'એ અમારો બહુ સારો અભિનેતા છે.'

'છે જ.' મેં ભારપૂર્વક કહ્યું. પછી ઓચિંતાનું પૂછ્યું: 'તમે અંગ્રેજ છો?'

'છું સ્તો.' તેણે કહ્યું. પછી પૂછ્યું: 'નથી લાગતી?' મેં કહ્યું: 'ના.'

તે મારી સામે જોઈ રહી-સાશ્ચર્ય. પછી પૂછ્યું: 'કેમ વારુ?'

'અંગ્રેજો રીતસર પરિચયવિધિ જેની સાથે ન થયો હોય તેની સાથે એમ ને એમ વાત કરવાની શરૂઆત કરે નહિ.'

'અરે ભલા માણસ!' તે ખડખડાટ હસી પડી: 'આ હું તમારી જોડે આમ એમ ને એમ બોલું છું. છતાં ય એમ માનો છો?' પછી કહે: 'અંગ્રેજ હોય એ કંઈ માણસ ન હોય?'

'હોય જ ને!'

'તો પછી એને પણ માણસમાત્રને વળગેલું કુતૂહલ ન વળગેલું હોય? તમે અહીં કેટલું રહેવાના છો?'

'બાર દિવસ.'

'બહુ ઓછું નહિતર તમે અંગ્રેજો વિષે વિશેષ જાણી શકત.' પછી હસીને કહે: 'ત્યાં ભારતમાંના અંગ્રેજ જુદા, ને અહીંના જુદા હોં.'

ત્યાં તો ફરી પરદો ઊપડ્યો અને અમે મૂગાં થઈ ગયાં. પણ મેં આદરભરી એક દૃષ્ટિ તેની સામે ભરીને સ્મિત તો કરી જ લીધું. બધી માન્યતાઓને નિયમ ગણીને બધી વ્યક્તિઓને લાગુ પાડવા જવાય?

નાટક આખુ યે સરસ રીતે ભજવાયું. કૉમેડી હતું, પણ ભજવવાની એમની અને આપણી રીતો વચ્ચે આસમાન-જમીનનું અંતર લાગ્યું. શાંત સરળ રીતે આખો પ્રવાહ ચાલ્યો જતો હતો. વચ્ચે વચ્ચે નર્મ અને મર્મને અંગે પ્રેક્ષકોના ચહેરા ઉપર મૃદુ હાસ્ય રમી રહેતું હતું. કોઇકોઈવાર ખડખડાટ પણ હસી પડાતું હતું. પણ આપણે ત્યાંની જેમ સતત અને નિરંતર ધમાધમ ક્યાં ય ન મળે. અને છતાં પળેપળ સાર્થક તો લાગે જ. નાટ્ય અને હાસ્ય વિષેના આપણા પ્રયોજકો અને દિગ્દર્શકોના ખયાલો ફરી તપાસી જવા જોઇએ.

પૂરું થતાં બહાર નીકળતો હતો ત્યારે પેલી વૃદ્ધા ફરી મારા તરફ ફરી. 'આવજો, અને અમારા વિષેના ખયાલ બદલજો' કહી તેણે તેનો વૃદ્ધ હાથ મારા હાથમાં મૂકી દીધો. મારું હૃદય આનંદથી ભરાઈ ગયું.

એ આનંદિત હૃદય સહિત નજદીકમાં ઊભેલા નેલ્સનના પૂતળા પાસે પહોંચી ગયો. ચિત્રોમાં અનેક વાર જોએલું એ સ્થળ. England expects every man to do his duty કહેનારો એ નૌકા-સેનાપતિ હજારોની ખુવારી કરતાં અટકે નહિ એવો, પણ અહીં તો તેના આશ્રય નીચે સૅંકડો પારેવાં આરામથી ચણતાં હતાં. લોકો મુગ્ધભાવે એ પારેવાંને જોઈ રહેતા હતા, તેમને ચણ નાખતા હતા, પોતાના હાથમાં ચણ રાખી તેમને ખવડાવતા હતા. આ ગંજાવર શહેરના હાર્દમાં આ અનુકંપા અને પ્રીતિનું દૃશ્ય શહેરના બધાયે ઉત્પાતોને રમ્ય બનાવી દેતું હતું. ઊંચે નેલ્સન તરફ ને નીચે પારેવાં તરફ જોતાં બે પરસ્પર વિરોધી – છતાં પરસ્પરપૂરક પણ – શક્તિઓનો ખયાલ આવતો હતો.

એના ચિંતનમાં ડૂબી રહીશ તો પેલા અજાણ્યા સ્થળ સ્ટૅધમમાં કેમ પહોંચીશ એવો વિચાર આવતાં દોડ્યો. ઓચિંતું આકાશ ઘેરાઈ ગયું અને વરસાદ વરસવા માંડ્યો. બસ-સ્ટૅન્ડે પહોંચ્યો ત્યાં સુધીમાં તો છત્રીઓ જ છત્રીઓ દેખાવા લાગી. ચેમ્બર- (અનુ પૃ. ૪૫૨)

કલાવાર્તા

ગ્યારસીલાલ વર્મા

લે. જ્યોતિ ભટ્ટ



વડોદરા યુનિવર્સિટીની કલા-શાખા (ફૅકલ્ટી)માં ભીંતચિત્ર વિષયની 'ટેકનિક'ની બાજુ સંભાળતા શ્રી ગ્યારસીલાલ વર્માનાં રમકડાં જેવાં શિલ્પો કે શિલ્પ જેવાં રમકડાંનું એક પ્રદર્શન હમણાં મુંબાઈની તાજ આર્ટ ગૅલેરીમાં યોજાયું હતું જેને અણધારેલી ફતેહ અને આવકાર મળ્યાં. આ પછી એમની કૃતિઓનું બીજું પ્રદર્શન દિલ્હી ખાતે ત્રિવેણી ગૅલેરીમાં પણ યોજાયું.

ગ્યારસીલાલના પિતા કનૈયાલાલ જયપુરમાં ઈંટો ગોઠવવાથી માંડીને દીવાલને આરસ જેવું સુંવાળુ ને ચમકદાર પ્લાસ્ટર કરવા સુધીનું દરેક પ્રકારનું કડિયા કામ કરતા. તેમની દેખરેખ નીચે બાળપણથી જ ગ્યારસીલાલે 'મિસ્ત્રી' કામની શરૂઆત કરીને તાલીમ અને અનુભવ મેળવ્યો.

અભ્યાસકાળમાં પણ સવારે શાળામાં જઈ આવ્યા પછી બપોરે હાથીદાંતની કોતરણીનો કસબ શીખવા કોઈની દુકાને અને રાત્રે પડોશમાં, પ્રણાલિગત સુશોભનશૈલીના જાણકાર કસ્બી ઉસ્તાદ ચિતારા પાસે હાથી, ઘોડા, ફૂલ, વેલ વગેરે ચીતરવાની તાલીમ લેવા માંડી. એમણે એક સામટી ત્રણત્રણ વિદ્યા હસ્તગત કરવા પુરુષાર્થ આદરેલો.

શાળા છોડયા પછી પિતાજી સાથે રજવાડી, દરબારી મકાનોનું ભીંત-સુશોભન તથા જુદાં-જુદાં સ્થળે જઈ વસેલા મારવાડી શેઠિયાઓ માટે અસલ રાજસ્થાની ઢબની બાંધણીનાં મકાનો અને તેનાં શોભનોનું કામ કર્યું. પણ આખરે એમાં મજા નથી' એમ લાગતાં જયપુરમાં હાથીદાંતની કોતરણીનો પોતિકો ધંધો શરૂ કર્યો. પાંચ વર્ષ પછી એમાં પણ ધારી બરકત ન આવી એટલે વળી જયપુર રાજ્યની સેટલમેન્ટ ઑફિસમાં ડ્રાફ્ટસમૅન તરીકે નોકરી લીધી. અને છેવટે એનાથી યે કંટાળી, નવો રાહ શોધવા મિત્રો સાથે વનસ્થળી જઈ પહોંચ્યા. ત્યાં વનસ્થળી વિદ્યાપીઠનાં મકાનો બંધાઈ રહ્યાં હતાં ને કલાભવન પણ શરૂ થઈ ચૂકેલ. સંસ્થાનાં મકાનો પર તેનાં પ્રતીકો કરવાનાં હતાં. સિમેન્ટ ચૂનાના પ્લાસ્ટરમાં આ પ્રતીકો ઉપસાવવાનું કામ ગ્યારસીલાલે કરી આપ્યું અને પછી તો બીજાં ઘણાં કામો કર્યાં ને અંતે કલાભવનના ભીંતચિત્ર વિભાગમાં જ નોકરી સ્વીકારી લીધી.


સર્વશ્રી બેન્દ્રે, કૃપાલસિંહ, શાન્તિ દવે, જ્યોતિ ભટ્ટ, પ્રદ્યુમ્ન તન્ના, ભૂપેન ખખ્ખર વગેરે ચિત્રકારો મ્યુરલના અભ્યાસાર્થે અથવા તો પરિચયાર્થે વનસ્થળી ગએલા, રહેલા અને તેમણે ત્યાં કામ પણ કરેલું. આ બધાના તેમજ સંસ્થાના શાન્તિનિકેતનમાં તાલીમ પામેલા કલાકાર શિક્ષકોના સમાગમથી ગ્યારસીલાલની કલા પ્રત્યે અભિરુચિ વધતાં પોતે પણ અવારનવાર પોતાનું સર્જન કરવા તરફ હાથ અજમાવવા લાગ્યા. આમ સાત વર્ષ પૂરાં કર્યાં.

વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજમાં ચિત્રવિભાગની એક શાખા તરીકે ભીંત-ચિત્રનો અભ્યાસક્રમ શરૂ થયો. એમાં જરૂર પડતી વિવિધ ટેકનિકો અને કડિયાકામના બાહોશ અનુભવી નિષ્ણાત તરીકે-શ્રી બેન્દ્રેના રસ ને પ્રયત્નોને પરિણામે તેમને વનસ્થળીથી વડોદરા લાવવાનું શક્ય બન્યું.

૧૯૫૭માં મુંબાઈમાં 'બૉમ્બે આર્ટ સોસાએટી' તરફથી નિમંત્રણ મળતાં જહાંગીર આર્ટ ગૅલેરીમાં 'જયપુર ફ્રેસ્કો'ની પદ્ધતિનું ડેમોન્સ્ટ્રેશન આપ્યું.

વડોદરા યુનિવર્સિટીમાં ચિત્રવિભાગના શ્રી સુબ્રહ્મણ્યમ સાથે તેમણે મ્યુરલ ટેકનિકસના જૂના-નવા અનેક પ્રકારો તેમજ પ્રણાલીગત ને નવતર માધ્યમો તથા સાધનોનો ઉપયોગ કરવા અંગે પ્રયોગો પણ કર્યા. વળી, સર્વશ્રી બેન્દ્રે, સુબ્રહ્મણ્યમ, જ્યોતિ ભટ્ટ તથા શ્રીમતી કુમી દાલાસની સાથે વડોદરા, મુંબાઈ, લખનૌમાં તેમણે કરેલાં મ્યુરલોમાં ગ્યારસીલાલે મ્યુરલને ભીંત પર તૈયાર રૂપ કરી આપવાને લગતી તમામ જવાબદારી સંભાળેલી અને એ અંગે ઊભા થતા અનેક કોયડાઓને પોતાના અનુભવ ને આપસૂઝથી ઉકેલી આપેલા.

પણ આ બધાં કામ દરમિયાન વનસ્થળી અને વડોદરાની કલાશાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓને કામ કરતા જોઈ, તેમાંથી પ્રેરણા મેળવી તેમણે પણ ચીતરવા માંડેલું. હાથી-



ગ્યારસીલાલનાં ત્રણ રમકડાં શિલ્પ, રૂપ અને સર્જનક્રિયાના સુમેળરૂપ આ કૃતિઓ કોઈ એક શૈલી કે પ્રણાલિને જાળવવાનો પ્રયત્ન નથી પણ માધ્યમના દ્રવ્ય રૂપનો અને તૈયાર થનાર કૃતિના અંતિમ રૂપ સમન્વયનું પરિણામ છે. લાકડું, વાંસ, ચામડું, પિત્તળ, કાચનાં મોતી વગેરે જેવાં સાદાં માધ્યમોનો એમાં સુંદર ઉપયોગ થએલો જોઈ શકાશે.

★

દાંતની બારીક કોતરણી, ફ્રેસ્કો માટેના પ્લાસ્ટરની મુલાયમ પરંતુ ચોક્કસ હાથે કરવી પડતી માવજત અને કુટુંબમાંથી વારસામાં મળેલી અનુભવ-પરંપરા, આ ત્રણમાં લોકસંગીત અને લોકસાહિત્યમાંથી સાંપડેલ રસદષ્ટિ ને કાવ્યરૂપનો થએલ ત્રિવેણી સંગમ, મિનીએચર શૈલીથી કરેલાં એમનાં ચિત્રોમાં જોવા મળે છે.

ગુજરાત રાજ્યના કલાપ્રદર્શનમાં સંરક્ષણ પ્રવૃત્તિ તરફ લોક-અભિરુચિ વધે એ હેતુથી રખાયેલા ખાસ વિભાગમાં, ૧૯૬૪માં તેમની એ શૈલીની કૃતિને પ્રથમ પારિતોષિક મળેલું.

છેલ્લાં છ વરસથી વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજમાં દર ડિસેમ્બર માસમાં (નાતાલ ને ક્રિસ્ટમસના તહેવારો પહેલાં) એક મેળો ભરવાની પ્રથા અસ્તિત્વમાં આવી છે. રમકડાં બનાવવા એ મેળાની અનેકવિધ પ્રવૃત્તિઓમાંની એક છે.

રૂપ અને સર્જનક્રિયા આ બેના સુમેળરૂપે તૈયાર કરવામાં આવતાં આ રમકડાંઓને લઘુ-શિલ્પ કે રમકડાં-શિલ્પ જેવું કંઈક નામ આપવું વધુ ઉચિત છે. આફ્રિકાના નિગ્રો શિલ્પ, બ્રાંકુસીના અમૂર્ત શિલ્પો, પોપ શૈલીમાં જેનું નામ જોડવામાં આવે છે તે મેરીસોલનાં શિલ્પો, બનારસનાં પ્રખ્યાત રમકડાંઓ કે કચ્છ-સૌરાષ્ટ્રના-મોહેં-જો-દરોની યાદ આપતા 'ઘંટી-ઘોડા' આ બધું જ આ રમકડાં બનાવનારા જાણે-સમજે છે તે દેખીતું છે. માધ્યમના દ્રવ્યરૂપનો અને તૈયાર થનાર આખરી રૂપ એ બેનો સમન્વય ઉપર જોયા તે શિલ્પપ્રકારોની જેમ આમાં પણ બહુ સારી રીતે સધાયો અને સચવાયો હોય છે. કોઈ એક પ્રણાલિને મરતી અટકાવવાનો કે એવો લાગણીવેડાવાળો કોઈ પણ પ્રયત્ન આની પાછળ નથી; પરંતુ આપણી કલા-પ્રણાલિઓના મૂળમાં રહેલાં પાયાનાં તત્ત્વોને ફરી નવા જીવંત સ્વરૂપે રજૂ કરવાનો પ્રયત્ન અહીં હોય એમ જરૂર લાગે.

એ મેળા માટે સંસ્થાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ અવનવી ઘણી વસ્તુઓ બનાવી છે. તેમાં શ્રી સુબ્રહ્મણ્યમે કરેલી રૂપરચના પરથી ગ્યારસીલાલે કેટલીક કૃતિઓ બનાવી. ત્યાર પછી તો બીજા શિક્ષકોએ પણ એમાં નવાં રૂપો ઉમેર્યાં. લાકડું, વાંસ, ચામડું, પિત્તળ, કાચનાં મોતી જેવાં સાદાં માધ્યમોનો ઉપયોગ કરીને બનાવેલી એ કૃતિઓની માગ એટલી બધી વધતી ચાલી કે તેને પહોંચી વળવા, સંસ્થામાં શિક્ષણ માટે આપવો પડતો સમય બાદ કરતાં ગ્યારસીલાલ બધો જ સમય રોકાયેલા રહે છે, તેમનાં કુટુંબીજનો પણ એમાં સારી પેઠે સહાય કરે છે. વડોદરા યુનિવર્સિટી સાથે સંકળાયેલા અનેક પરદેશીઓએ અને મુંબાઈમાં વસતા કલાપ્રેમી ધંધાર્થીઓએ આ રમકડાં-શિલ્પોને વિદેશોમાં પહોંચતાં તો ક્યારનાં યે કરી દીધાં છે.


મૂળ ડિઝાઈન-પ્રોટોટાઈપ-તૈયાર કરતી વખતે જેનો સામનો કરવો પડે તેવા દાર્શનિક અને ટેકનિકલ પ્રશ્નોનો તેમના સાથી શિક્ષકો કઈ રીતે નીવેડો લાવે છે તે જોઈ જોઈને તેમનો સર્જક આત્મા પણ સળવળી ઊઠયો અને પોતે પણ નવાં-આગવાં જ રૂપ વિકસાવ્યાં. સામાન્યરીતે 'કારીગરમાં ભાગ્યે જ જોવા મળે તેવો તેમનો આ સદ્‌ગુણ છે કે બીજા લોકો શું કરે છે, કેવી રીતે કરે છે અને શા માટે કરે છે એ બધું જ સમજવા, પચાવવા પ્રયત્ન કરવો અને પછી પોતાની પરંપરાગત મેળવેલ શૈલી-જ્ઞાન સાથે મેળવી તેને નવા રૂપે સર્જન કરી રજૂ કરવું.

વરદા ઉકિલ, સ્વર્ગસ્થ

દિલ્હીમાં કલાપ્રવૃત્તિના શ્રી ગણેશ કરનાર અને તેની પ્રગતિ અને વિકાસ માટે 'ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી' ના સ્થાપક કલાકાર વરદા ઉકિલ ગઈ તા. ૨૭ ઑક્ટોબરે દિલ્હીના વિલિંગ્ડન નર્સિંગ હોમમાં હૃદયભંગથી અવસાન પામતાં કલાક્ષેત્રમાં એક સમર્થ વિધાયકની ખોટ પડી છે.

શ્રી અવનીન્દ્ર ઠાકુરના અગ્રગણ્ય કલાશિષ્યોમાં શારદાચરણ ઉકિલ, વરદા ઉકિલ ને સૌથી નાના રણદા ઉકિલ એ ત્રણે ભાઈઓ ભારતીય શૈલીના પ્રભાવક હતા

ઈ. ૧૯૨૨ના અરસામાં શ્રી શારદાચરણ દિલ્હીનાં અમીર વર્ગનાં બાળકોને ચિત્ર શીખવવા આવી વસ્યા અને એક ઘરગથુ કલાશાળા શરૂ કરેલી. અકાળે એમનું અવસાન થતાં વરદા ઉકિલે એમના કુટુંબનો અને એ શાળાનો ભાર ઉપાડી લીધો હતો.



વરદા ઉકિલ • સ્કેચ : રવિશંકર રાવળ

વરદા ઉકિલનાં ચિત્રોમાં છ ઋતુઓનો એક ચિત્રસંપુટ પ્રસિદ્ધ છે પણ પછી ચિત્રકારો અને શ્રીમંતો વચ્ચે અનુસંધાન કરી ચિત્રકારોને આશ્રય મળે એવા પ્રયત્નો પાછળ એમણે પીંછી અને પટને અભરાઈ પર મૂક્યાં અને પોતાની પ્રભાવી વ્યક્તિમત્તાથી એમણે વગવસીલો વધારી, એ કાળે રાજાઓ અને મોટા બ્રિટિશ અમલદારોના નિવાસમાં ભારતીય ચિત્રોને સારો આદર અપાવ્યો.

ચિત્રકારોમાં પણ એમનો સારો પ્રભાવ હતો. તેઓ કોઈ પણ પ્રસંગે સારાં ચિત્રોનું પ્રદર્શન યોજી શકતા. આ કારણે ભારત સરકારની સ્થાપેલી લલિતકલા અકાદમીના તેઓ સૌ પ્રથમ મંત્રી તરીકે સ્થાન પામેલા.

એમનું સૌથી અગ્રિમ કાર્ય તો કેટલાક કલાકાર મિત્રોનો સાથ લઈ એમણે ઈ. ૧૯૩૦ માં 'ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી' સ્થાપી અને અથાક પરિશ્રમ લઈ રાજાઓ અને સરકાર પાસે મોટાં ભંડોળ મેળવી એ સંસ્થાનું એક મહાલય અસ્તિત્વમાં આણ્યું એ છે. એમાં એક અદ્યતન નાટકશાળા તેમજ ચાર-પાંચ ચિત્રવિથિઓ અને કચેરીઓ વગેરેની વિપુલ સગવડો કરી હોઈ અનેક કલાસંસ્થાઓ અને કલાકારો એનો લાભ લઈ ઉપકૃત બને છે.

દિલ્હીના કલાવિશ્વમાં વરદા ઉકિલ મહત્ત્વનું સ્થાન ધરાવતા. એમનું દૃષ્ટિબિંદુ સ્થિર અને ભારતીય હતું, છતાં સરકાર કે ખાનગી સંસ્થાઓને એમની સલાહ વિના ચાલતું નહિ. સોવિયેત દેશમાં ગએલા ભારતીય કલાકારોના એક પ્રતિનિધિ મંડળનું એમણે નેતૃત્વ કરેલું. એ પછી તો યુરોપના અનેક દેશોના અતિથિ તરીકે પણ જઇને એમણે પૂર્વ અને પશ્ચિમનો નાતો વધાર્યો હતો.

કલાકારોના હિતેચ્છુ મિત્ર તરીકે અને કંઈક કમિટીઓના સભ્ય તરીકે તેઓ સહાય સલાહ આપી શકતા અને અનેક કલાકારોને કામ પણ અપાવી શકતા. એક વર્ષ અગાઉ અવસાન પહેલાં એમને મન કલા જીવનથી કોઈ રીતે જુદી નહોતી અને જીવનભર એમણે લોકોમાં કલા અંગે જાગૃતિ આણવા પ્રયત્નો કર્યા. અનેક ચિત્રકારોએ એમને ભેટ આપેલાં સંખ્યાબંધ ચિત્રો એમણે વિલિંગ્ટન નર્સિંગ હોમના દર્દીઓના આનંદાર્થે ભેટ આપ્યાં હતાં. એમને માટે થએલા શોકઠરાવો અને સંદેશાઓ પ્રતીતિ આપે છે કે એમના અવસાને દેશવિદેશના સંખ્યાબંધ કલાપ્રેમીઓને શોકસંતપ્ત કર્યા છે. —ર. મ. રા.

શબ્દકથા: 'સરૈયો', 'ગાંધી'

'સરૈયો'નો અર્થ છે સુગંધી વસ્તુઓનો વેપારી. 'સરૈયા' અટક મૂળે આ ધંધાને કારણે પડી.

'સરૈયો'ના મૂળમાં 'સુરભિ' છે પ્રાકૃતમાં 'સુરહિ' થયું, ને તે પરથી 'સુરહિયો', 'સરૈયો'. એટલે અત્તર વગેરે જેવા સુગંધી પદાર્થો વેચે તે સરૈયો'.

'ગાંધી'ના મૂળમાં 'ગાંધિક' શબ્દ છે. વિશિષ્ટ ગંધવાળાં ઓસડિયાં, કરિયાણું, 'ગંધિયાણું' વેચે તે 'ગાંધી'. 'ગાંધી'નો અર્થ પછીથી વધુ વ્યાપક થયો. અટક તરીકે પણ સુપ્રચલિત છે.

બાલકૃષ્ણના ભોજનની વાનીઓ વર્ણવતાં 'દશમસ્કંધ'માં પ્રેમાનંદ કહે છે:

'શિખંડ, કરમો, રાયતું, પાપડ, કેરી, કેર,
શર્યાં ઘૃત, નવનીત, ગોરસ, જીરાલવણજુક્ત તક્ર,
કૌતિક જોઈ શ્રીકૃષ્ણનું, થયા વિસ્મે ભાનુ, શક્ર.'

અહીં બીજી ચીજો સાથે 'શર્યાં ઘૃત'નો ઉલ્લેખ છે. 'શર્યાં ઘૃત એટલે 'તાજગીની સુગંધવાળાં ઘી'. જૂની ગુજરાતીમાં 'સુરહા' રૂપ મળે છે. ભોજનની વાનીઓના પરંપરાગત વર્ણકોમાં ઘીનું વર્ણન કરતાં કહ્યું છે: 'વલિ પરિઘલ ઘી પીસ્યા: આજના તારિયા ઘી, સુરહા ઘી.'

અન્યત્ર કહ્યું છે: 'વળી સેત્ર પાતળી, સુરહાં ઘીમાંહે તલી'. તેમ જ 'સોનાતણઇ સ્થાલિ, સાલણા તણી પાલિ, સુરહા ઘી તણી નાલિ મિપહર તણઇ કાલિ, પરીસઇ આંખડિયાલિ'.

'સોનામાં સુગંધ ભળી' એ કહેવતને મળતી જૂની ઉક્તિ આ પ્રમાણે છે: 'એકુ સુવર્ણું નિર્મલ, અનઇ સુરહઉ પરિમલ'. આમ 'શર્યું ઘી' એટલે 'સુરહઉ ઘી'—સુગંધી ઘી.

સંસ્કૃતનો 'સુરભિ', અને પ્રાકૃતનો 'સુરહિ' ગુજરાતીમાં મૂળ અર્થમાં ઊતરી આવ્યો નથી—તેને સ્થાને અત્યારે 'સુગંધી' વગેરે શબ્દો વપરાય છે; 'સરૈયા' જેવા શબ્દમાં, અને જૂના 'શર્યું ઘી' જેવા પ્રયોગમાં તે છે ખરો, પણ તેમાં તેનું મૂળ હવે કળી શકાય તેવું નથી.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

દસે આંગળીયે વેઢ: ગુજરાતમાં પોતાની સંસ્કારિતા, શિષ્ટતા અને સારસ્વત સેવા બદલ સર્વોત્તમ ગણાએલી નાગર જ્ઞાતિના એક અગ્રણી કુટુંબના દસ સભ્યોની વાર્તાઓનો આ સંગ્રહ વાર્તાકલાની દૃષ્ટિએ ભલે સીમાવર્તી કે નોંધપાત્ર ન ગણાય પણ અન્ય રીતે એની કેટલીક વિશિષ્ટતાઓ ધ્યાનપાત્ર છે જ. પ્રથમ તો એક જ કુટુંબના સભ્યો (અને તે પણ માત્ર ભાઈબહેનો જ નહિ કુલલક્ષ્મીઓ પણ) આટલી મોટી સંખ્યામાં સર્જકો હોય એ માનાર્હ હકીકત છે. સંગ્રહની બીજી વિશિષ્ટતા એની अस्मदीयम् નામે અપાએલી જ્ઞાતિ કે કુટુંબનો પરિચય આપતી પ્રસ્તાવના છે અને અંતે દરેક સર્જક-સભ્યોનો સચિત્ર પરિચય અને સંગ્રહનું કાવ્યાત્મક અને કુટુંબની ધર્મભાવના પ્રગટ કરતું શીર્ષક પણ એની આકર્ષકતા વધારનારું નીવડે એમ છે. વાર્તાઓ તો રુચિભેદે ઉત્તમ, મધ્યમ ગમે તે કક્ષાએ મૂલ્ય પણ એક સારસ્વત કુટુંબનાં દશ સંસ્કારી સભ્યોનો પરિચય મેળવ્યાનો લહાવો મળે એ પણ આ સંગ્રહ વાંચી જવાનો ઓછો બદલો નથી. એ લહાવો આપનાર સંગ્રહના સંપાદક ડૉ. મંજુલાલ મજમુદારને અભિનંદન! પ્ર. પોતે જ, પૃ. ૫૬ + ૩૭૨, પાકું પૂઠું, રૂા. ૬-૨૫.

સૂડી સોપારી: 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થતી 'હું શાણી ને શકરાભાઈ' નામની લોકપ્રિય કટારના, હવે તો ખૂબ જાણીતા થઈ ગએલા, લેખક શ્રી 'પ્રિયદર્શી' (ડૉ. મધુસૂદન પારેખ)ના શ્રીરંગ, ગુજરાત પ્રવાસી, અખંડ આનંદ, 'આવાઝ' આદિ સામયિકોમાં પ્રસિદ્ધ થએલા ૩૧ હાસ્યલેખોનો સંગ્રહ-જેમાંનાં ઈન્ટરવ્યૂ, ઇન્ડીપેન, ઉઘરાણી ગાંધીજયંતી, બેગ, બિસ્ત્રો, બીબી અને..., ખુરશી, પ્રેમપત્ર, કથા સાંભળી, જીવડું આદિ હાસ્યરસિક પ્રસંગ-જમાવટ, સ્ત્રીમાનસ-દર્શન આકર્ષક શબ્દ રમત, રમૂજ ગેરસમજો અને રસળતી લેખનશૈલી વગેરે આકર્ષક તત્ત્વોને લીધે મનહર ને મનભર બન્યો છે. સંગ્રહમાં વિષય વૈવિધ્ય અને નિરૂપણ ભિન્નતાની દૃષ્ટિએ લેખોની પસંદગી થઈ છે એ આવકાર્ય છે. પૃ. ૨૬૬, પાકું પૂઠું, રૂા. ૫-૦૦.

વિશ્વધર્મ: વિશ્વપ્રેમ, પરોપકાર ને અહિંસા એ જ માનવીનો સાચો ધર્મ છે, એનું અવતારકાર્ય છે, એમ સાધુ ધર્મગુપ્તના પાત્રથી પ્રબોધવું જૂની રંગભૂમિના ખ્યાતનામ નાટ્યલેખક, કવિ, ચિત્રકાર ને સંગીતજ્ઞ શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહનું બોધપ્રધાન નાટક. એ જમાનામાં લોકપ્રિય નીવડેલા આ નાટક સાથે શ્રી અનંતરાય રાવળની 'કવિચિત્રકારની ઐતિહાસિક નાટ્યસેવા' નામની પ્રસ્તાવના અને શ્રી રમણિકલાલ દલાલનો 'ગુજરાતી રંગભૂમિનો સુવર્ણકાળ' નામક લેખ જોડીને સ્મારક સમિતિએ ગ્રંથને અત્યંત મૂલ્યવાન બનાવ્યો છે. ગુજરાતી રંગભૂમિએ ગુજરાતી પ્રજાનું મનોરંજન કરવામાં આપેલો પ્રશસ્ય ફાળો અને જૂની રંગભૂમિનાં સો વર્ષને ત્રણ ભાગમાં વહેંચી દઈ એના લોકપ્રિય અદાકારો ખ્યાત કંપનીઓ અને એમણે ટાંચાં સાધનો છતાં કરેલા નોંધપાત્ર પ્રયોગોનો સિલસિલાબંધ ઇતિહાસ આ લેખમાં સુંદર રીતે વ્યક્ત થયો છે. પૃ. ૧૩૭, પાકું પૂઠું, રૂા. ૫

આપણો રાષ્ટ્રધ્વજ: આપણા રાષ્ટ્રધ્વજના ઉત્પત્તિના ટૂંકા ઇતિહાસ સાથે એનું ગૌરવ સચવાય એ રીતે એનો ઉપયોગ કરવાની સમજ આપતી પુસ્તિકા. લે. કપિલા ઠાકોર, પૃ. ૨૬, કાચું પૂઠું, ૦-૬૦ પૈસા.

મહાબલિદાન: 'કચ્છમાં ક્રાંતિ' નામે અગાઉ પ્રસિદ્ધ થએલ, દેશી રજવાડાંની પાશવલીલા અને એની સામે બળવો પોકારનાર એક વીરનરની પરાક્રમગાથા ગાતી શ્રી ગુણવંતરાય આચાર્યની ઐતિહાસિક નવલકથા. પૃ. ૩૧૫, પાકું પૂઠું. રૂા. ૫-૫૦

ધૂમકેતુના જીવન ઘડતરની વાતો-૯: સ્વ. ધૂમકેતુના જીવનના નાના પણ એમના વ્યક્તિત્વનાં ઉજમાળાં પાસાં પર પ્રકાશ પાડતા પ્રસંગોની એમનાં પુત્રી ઉષાબેન લિખિત શ્રેણી ૯, પૃ. ૭૯, કાચું પૂઠું, રૂ. ૧-૨૫.

વેળાનાં વછૂટચાં: શ્રી મોહમ્મદ માંકડની પ્રેમ અને ત્યાગ, મમતા અને ધિક્કાર, હાસ્ય અને રુદન વચ્ચે અટવાતાં પાત્રોની એક વધુ હૃદયંગમ નવલકથા. પૃ ૩૭૫, કિ. રૂ. ૯.

જૂજવાં રૂપ: અગ્રણી ગુજરાતી સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકરની સમાજનાં અને માનવીનાં જૂજવાં રૂપ પ્રગટ કરતી હૃદયસ્પર્શી નવલકથા. પાકું પૂઠું, પૃ. ૩૭૫ રૂ. ૯.

પ્રેમસગાઈ: લોકપ્રિય નવલકથાકાર અને વાર્તાકાર શ્રી સારંગ બારોટનું, નવીન વસ્તુ અને રીતિવાળું, પ્રતીકાત્મક પાત્રો અને મા-

...માનવમનનાં અંતસ્તત્ત્વોની ... મથામણો નિરૂપતું, પ્રથમ ત્રિઅંકી નાટક. પૃ. ૧૨૩, રૂ. ૩.

ચોટીરામ અને પોઠીદાસોના પરાક્રમો (ગુચ્છ-પાંચમો): બાળકોને મનોરંજન પૂરું પાડતી ધનંજય શાહ કૃત ... અદ્‌ભુત રસભરી કથાની પુસ્તિકાઓ: (૧) **ચેહૂના ભુક્કા** પૃ. ૬૪, રૂ. ૧-૫૦; (૨) **ચીના જાસૂસો-૧**: પૃ. ૫૦, રૂ. ૧-૨૫; (૩) **ચીના જાસૂસો-૨**: પૃ. ૮૪, રૂ. ૨; (૪) **જાદુઈ ગાલીચો**: પૃ. ૫૦, રૂ. ૧; (૫) **ગાગરમલનો ઘાટ**: પૃ. ૭૪, રૂ. ૧-૭૫; (૬) **ચન્દ્રલોકમાં સોટી**: પૃ. ૬૪, રૂ. ૧-૫૦; (૭) **ઊડણપરી કે આફત?**: પૃ. ૬૨, રૂ. ૧-૫૦; (૮) **કરકસરની કમબખ્તી**: પૃ. ૫૭, રૂ. ૧-૫૦; (૯) **શરદીનો સનેપાત**: પૃ. ૬૩, રૂ. ૧-૫૦ અને (૧૦) **દાંડામાંથી દલ્લો**: પૃ. ૬૧, રૂ. ૧-૫૦. ગુચ્છના રૂ. ૧૫.

વૈજ્ઞાનિક સાહસકથામાળા: બાળકોની વૈજ્ઞાનિક દૃષ્ટિ વિકસે એવી હરીશ નાયક કૃત સાહસકથાઓની પુસ્તિકાઓ: (૧) **વિફરેલો યંત્રમાનવ**: પૃ. ૧૨૪, રૂ. ૩. (૨) **આફતશૂરો યંત્રમાનવ**: પૃ. ૮૮, રૂ. ૨-૨૫; (૩) **સાગરના પેટાળમાં**: પૃ. ૧૫૪, રૂ. ૩-૭૫; (૪) **પૃથ્વી પર પ્રલય**: પૃ. ૧૧૪, રૂ. ૩; (૫) **પ્રલયની પીછેહઠ**; પૃ. ૯૮, રૂ. ૨-૫૦. સેટના રૂ. ૧૪-૭૫.

અદ્‌ભુત ગ્રંથાવલિ: બાળકોની કુતૂહલવૃત્તિ સંતોષે અને રસવૃત્તિ પોષે એવી અદ્‌ભુત રસભરી હાસ્યકથાઓની પુસ્તિકાઓ (૧) **સ્વર્ગની સહેલ**: પૃ. ૧૦૦, રૂ. ૩-૫૦; (૨) **અડિયલ ટટ્ટુ**: પૃ. ૧૦૬, રૂ. ૨-૭૫, (૩) **ઝિઝ્બક ઝોઝબા**: પૃ. ૧૦૪, રૂ. ૨-૫૦, (૪) **ફૂક સમ્રાટ ફરફુબફફુ**: પૃ. ૧૦૦, રૂ. ૨-૫૦, (૫) **વાંદરા વાંદરા હૂપ હૂપ**: પૃ. ૧૦૦, રૂ. ૨-૫૦, **અમે તો ભાઈ રમતા રાજા**: પૃ. ૯૨, રૂ. ૨-૫૦. સેટના રૂ. ૧૫-૭૫. લે. હરીશ નાયક.

વૉરા ઍન્ડ કંપની

૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી, મુંબાઈ-૨

ખોવાએલી દુનિયા: ડૉ. આર્થર કૉનન ડૉઈલની એક લઘુનવલને આધારે લખાએલી, વન્ય પ્રાણીઓ વિશેની રસપ્રદ માહિતી ધરાવતી, સ-રસ સાહસકથા. લે. 'સ્વપ્નસ્થ', પૃ. ૯૨, રૂ. ૧-૫૦.

સાહસવીરોની સફર: વિધિની વિચિત્રતાથી એક ઉજ્જડ ટાપુ પર આવી ચડેલાં બાળકોની જુલે વર્ન કૃત, જોમવંતી સાહસકથા. અનુ. શ્રીકાન્ત ત્રિવેદી, પૃ. ૧૪૦, રૂ. ૨-૭૫.

ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં - નીકળેલા એક વિદેશીના ભારતીય સંત-મહાત્માઓના ચમત્કારો અંગે થએલા અનુભવોની કથા. મૂ. લે. પૉલ બ્રન્ટન, અનુ. યોગેશ્વર; પૃ. ૫૪૪, રૂ. ૮.

તમારું બાળક ('૧થી૬ વર્ષ સુધી' અને '૬ થી ૧૨ વર્ષ સુધી' એમ બે ભાગમાં બે પુસ્તકો): બાળકોની વૈજ્ઞાનિક સંભાળ અને બાળઉછેર વિષેની, મનોવૈજ્ઞાનિક અધ્યયનની, યુ. એસ. ઈન્ફર્મેશન સર્વિસનાં પેમ્ફલેટ્સના અનુવાદોની પુસ્તિકાઓ. અનુ. માયા મહેતા. પૃ. ભાગ ૧-૧૭૨, ૨-૨૭૬, દરેકના રૂ. ૮

ઇન્દ્રધનુનો આઠમો રંગ: 'સંદેશ'માં હપ્તાવાર પ્રગટ થઈ ચૂકેલી શ્રી ચૂનીલાલ મડિયાની સામાજિક નવલકથા. પૃ. ૬૧૪, રૂ. ૧૨.

વિચ્છેદ: અમેરિકાના મહાન નવલકથાકાર હેન્રી જેમ્સની પ્રખ્યાત નવલકથા 'ધી અમેરિકન'નો ગુજરાતના જાણીતા સાહિત્યકાર શ્રી ગુલાબદાસ બ્રોકરે કરેલો અનુવાદ. પાકું પૂઠું, પૃ. ૪૫૦, રૂ. ૬.

સોહામણો સાગરખેડુ: અમેરિકાના લોકપ્રિય નવલકથાકાર હરમન મેલવિલની 'બિલીબડ' અને 'ટાઈપી' નવલોનો અનુવાદ, અનુ. ચંદ્રવદન શુક્લ. પાકું પૂઠું, પૃ. ૪૫૪, રૂ. ૬.

ચાંદનીની લૂ: અમેરિકન કથા-સાહિત્યમાં 'રોમાન્સ' તરીકે લોકપ્રિય થએલી નેથેનિયલ હૉથૉર્નની નવલકથા 'ધી હાઉસ ઑવ સેવન ગેબલ્સ'નો શ્રી સુરેશ દલાલે કરેલો ગુજરાતી અનુવાદ. પાકું પૂઠું, પૃ. ૨૨૧, રૂ. ૬.

પ્રાચ્યવિદ્યા મન્દિર

મ. સ. વિશ્વવિદ્યાલય • વડોદરા

કુદરતીરીતે વધુ આરોગ્ય: તંદુરસ્તી માટે વૈજ્ઞાનિકરીતે આહારવિહારની મીમાંસા કરતું અને દર્દો માટે નિસર્ગોપચારો સૂચવતું-જાતઅનુભવ અને પ્રયોગોથી તૈયાર કરેલી ઔષધિઓની માહિતી આપતું પુસ્તક. લે. શાંતિલાલ પ્ર. પુરોહિત, પૃ. ૨૦૬, રૂ. ૩-૬૦.

આર્થિક આયોજન: નિષ્ણાત અર્થશાસ્ત્રીઓનાં આર્થિક આયોજન પરનાં મંતવ્યોનું તારતમ્ય દર્શાવી, એ વિષયમાં એક નવી દૃષ્ટિ આપવાનો પ્રયત્ન કરતું, આ વિષયની એક અધિકૃત વ્યક્તિએ લખેલું અર્થશાસ્ત્ર વિષયક પુસ્તક. લે. રામુ પંડિત, પૃ. ૨૫૬, રૂ. ૬.

ભારત-રત્ન: ભારતીય સંસ્કૃતિનું રહસ્ય સમજવા માટે ઉપયોગી થઈ પડે એવાં મહાભારતનાં સૂક્તિ-રત્નોનું વિશદ છતાં વિદ્વત્તાભર્યું સમાલોચન. લે. ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા, પૃ. ૭૪૬+૬૨, રૂ. ૧૨.

નવયુગ પુસ્તક ભંડાર • રાજકોટ

નટીશૂન્ય પ્રહસનો: શાળાઓની અવેતન રંગભૂમિઓની જરૂરિયાતને પોષે એવાં સ્ત્રીપાત્રો વગરનાં હાસ્યપ્રધાન મૌલિક એકાંકી નાટકોનો સંગ્રહ. લે. શ્રી દામુ સાંગાણી, પૃ. ૧૭૨, રૂ. ૪.

ભૂમિમાપન શાસ્ત્ર: સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ, એન્જિનિયરો અને કૉન્ટ્રેક્ટરોને માર્ગદર્શનરૂપ થઈ પડે એવું પ્લાનિંગ, સર્વે વ૦ જેવાં કામો સંબંધીનું ટેક્નિકલ વિષયનું પુસ્તક. લે. મૂળચંદભાઈ મહેતા, પૃ. ૪૬૪, પાકું પૂઠું, રૂ ૭-૫૦.

બાલગોવિંદ પ્રકાશન

ગાંધીમાર્ગ • અમદાવાદ - ૧

પ્રભુના નામે: નિરાધારતા અને બેપરવાઇને કારણે પંથ ભૂલેલાં અને ઉદ્દંડ બનેલાં ન્યૂ યાર્ક શહેરનાં નશાખોર, ગુનેગાર, ખૂની એવાં યુવાન કિશોર-કિશોરીઓને પ્રેમ અને ભક્તિને સન્માર્ગે દોરવાના એક પાદરી રેવ. ડેવિડ વિલ્કરસનના સફળ બનેલા ભગીરથ પ્રયાસની એણે લખેલી (The cross and the Switch blade) એ રોમાંચક કથાનો અનુવાદ. અનુ. ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૨૩૬, રૂ. ૪.

દગાનિયા: સહકારી ખેતી અને તે દ્વારા સહકારી જીવન માટે દગાનિયા ગામમાં લેખકે કરેલા સફળ પ્રયોગોની સહકારી જીવન માટે પ્રેરણાદાયી નીવડે એવી કથા. મૂ. લે. યુસુફ બારાત્સ, અનુ.: સરલાબહેન વિ. શાહ ને સુધાબહેન રા. પાઠક, પૃ. ૨૦૯, રૂ. ૪-૫૦.

બાલવાડીના પ્રયોગો: વલ્લભવિદ્યાનગર, બોચાસણમાં નઈ તાલીમ સ્થાપિત બાલવાડીમાં નવ વર્ષ લગી પોતે કરેલા બાળકોના સંસ્કારઘડતરના રચનાત્મક પ્રયોગોની ભાનુબહેન શાહની પુસ્તિકા. પૃ. ૧૦૩, રૂ. ૧॥

'એસ.એસ.સી.થી ઓછું ભણ્યા છો? હવે શું કરશો?': એસ.એસ.સી.થી ઓછું શિક્ષણ પામેલાઓને વ્યવસાયી માર્ગદર્શન પૂરું પાડતી પુસ્તિકા, પૃ. ૯૨, રૂ. ૧-૫૦.

એસ.એસ.સી. પાસ થયા? હવે શું કરશો?': એસ.એસ.સી. પાસ થએલા પોતાની ભાવિ કારકિર્દીનું આયોજન કાળજીપૂર્વક કરી શકે એ માટેની માહિતી પૂરી પાડતું પ્રકાશન. પૃ. ૧૪૦, રૂ. ૨.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર : **ચંપકલાલ મહેતા**



શ્રી ગગનવિહારી મહેતા

એક જાણીતા રાજકીય-સામાજિક અગ્રણી અને લેખક. પદ્મવિભૂષણ (૧૯૫૯). જન્મ : ૧૫-૪-૧૯૦૦. ઈ. ૧૯૨૩ થી '૨૫ 'બૉમ્બે ક્રૉનિકલ'ના સહતંત્રી; ૧૯૩૯-'૪૦ 'ઇન્ડિયન ચેમ્બર ઑવ કૉમર્સ-કલકત્તા'ના પ્રમુખ; ૧૯૪૨-'૪૩ 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર ઑવ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ'ના પ્રમુખ; '૪૭ કૉન્સ્ટિટ્યુયન્ટ ઍસેમ્બ્લીના સભ્ય અને '૪૭ થી '૫૦ ઇન્ડિયન ટૅરિફ બોર્ડના પ્રમુખ. '૫૨ થી '૫૮ અમેરિકા અને મેક્સિકોમાં ભારતીય રાજદૂત (એલચી) અને ક્યૂબાના સાંસ્થાનિક પ્રધાન. હાલ 'ઈન્ડસ્ટ્રીઅલ ક્રેડિટ ઍન્ડ ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન ઑવ ઈન્ડિયા-મુંબાઈ, 'ઇન્ડિયન ઈન્વેસ્ટમેન્ટ સેન્ટર-ન્યૂ દિલ્હી', 'કૅપિટલ ઇસ્યૂઝ કૉન્ટ્રોલ ઍડવાઇઝરી કમિટી વગેરેના ચેરમૅન અને ઇન્ડિયન-અમેરિકન એસોસીએશનના એક્ઝિક્યુટિવ પ્રેસિડેન્ટ.

૧ અમેરિકા પાસેથી ભારતે શું શીખવાનું છે ?

ઉ. ત્યાંનું ચેતનમય જીવન, કાર્યદક્ષતા, પ્રયોગ કરીને સામાજિક પરિસ્થિતિ સુધારવાની વૃત્તિ, સતત ભગીરથ પ્રયાસ, આશાવાદ, વ્યક્તિસ્વાતંત્ર્યનો આગ્રહ, અને પોતાના ગુણદોષ તપાસવાની તત્પરતા.

૨ ભારતના આજના રાજતંત્રમાં કયા સુધારાની જરૂર છે?

ઉ. દેશનું સામર્થ્ય કે એની નબળાઈ આખરે તો એની જનતા પર આધારિત છે. રાજતંત્ર તો યંત્ર છે. એનો ઉપયોગ કેવી રીતે થાય છે એના પર રાષ્ટ્રનું હિત અવલંબે છે.

૩ એલચીખાતાનું મુખ્ય કર્તવ્ય શું ?

ઉ. જે રાજ્યનું એ પ્રતિનિધિ હોય એના હિતનું રક્ષણ અન્ય રાજ્યમાં કરવાનું, અને સાથેસાથે એ દેશ સાથે સંબંધ જાળવી રાખવાનું. પરદેશનીતિ રાજ્ય માટે આવશ્યક હોય તો એટલા પ્રમાણમાં એલચીખાતું પણ છે.

૪ હાસ્યરસ શામાંથી ઉદ્ભવે છે ?

ઉ. સંયોગોની વિષમતામાંથી, માનવસ્વભાવની વિચિત્રતાઓમાંથી, ભિન્નભિન્ન મનુષ્યોની અથડામણ અને ગેરસમજૂતીઓમાંથી અને અંતે માનસિક અસંગતિમાંથી.

૫ આપના ખાસ શૉખ કયા ?

ઉ. વાંચવાનો અને લખવાનો, વાતો કરવાનો પણ, ને પ્રિય વિષય પર બરાબર તૈયારી કરીને ભાષણ આપવાનો પણ ! મારી પુત્રીઓનાં બાળકો સાથે વાતો કરવાનો ને રમવાનો પણ શૉખ છે—ખાસ કરીને સૌથી નાના બાળક સાથે.

૬ જિંદગી એટલે ?

ઉ. જિંદગીના કોઈ અગમ્ય ધ્યેય વિષે હું કંઈ જાણતો નથી; અને ચિંતા પણ નથી કરતો. પોતાનું કામ નિષ્ઠાથી, પ્રામાણિકપણે કરવામાં હું સંતોષ માનું છું. ગીતામાં કહ્યું છે કે वर्ते एव च कर्मणि; અથવા કાર્લાઈલ કહે છે એમ 'કાર્ય એ જ પૂજા છે.' 'Work is Worship.'

૭ આ ઉમરે આટલું કાર્ય કરો છો એનું રહસ્ય ?

ઉ. નસીબ સિવાય બીજું કંઈ કારણ હોય તો એ શિસ્તપાલન છે. જીવન ટૂંકું હોય છે અને કરવાનું તેમજ કરવા જેવું ઘણું હોય છે; પણ એની સિદ્ધિનો આધાર શરીરની અવસ્થા અને બુદ્ધિની સ્થિતિ પર છે.

સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય

ભદ્ર • અમદાવાદ - ૧

'વાગે રૂડી વાંસળી રે' : ગુજરાતના લોકસાહિત્યના સંશોધન અને સંપાદનનો, એ લોકગીતોની પૂર્વભૂમિકાની રસિક અને કાવ્યાત્મક નોંધો સહિત નવી રીતનો એક વધુ પ્રયાસ. સં. : પુષ્કર ચંદરવાકર, પૃ. ૨૪૦, રૂ. ૨.

'અમૃતાનુભવ' : વેદાંતના અમૃતાનુભવને પોતાની સંતવાણીમાં સંત જ્ઞાનેશ્વરે આપેલા આકારનો અનુવાદ. અનુ૦ શ્રી વાસુદેવ મહાશંકર જોષી, પૃ. ૧૮૪, રૂ. ૨.

ગુજરાત યુનિવર્સિટી • અમદાવાદ

અખેગીતા : મધ્યકાળના જ્ઞાની કવિ અખાની જાણીતી કૃતિનું વિસ્તૃત ને અભ્યાસપૂર્ણ પ્રવેશક ને વિવરણ સાથેનું સંપાદન. સં. શ્રી ઉમાશંકર જોશી, શ્રી રમણલાલ જોશી, પાકું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૨-૫૦.

દ્રવસ્થિતિ વિજ્ઞાન (Hydrostatics): યંત્રશાસ્ત્ર વિષેનું જ્ઞાન આપતા, શ્રી એ. એસ. રામસેના, 'Hydrostatics' નામના યુનિવર્સિટીના એ વિષયના વિદ્યાર્થીઓને ઉપયોગી એવા એ પુસ્તકનો અનુવાદ. અનુ. ન. લા. કલથિયા, પૃ. ૨૪૮, રૂ. ૭-૫૦.

એન. એમ. ત્રિપાઠી પા. લિ. મુંબાઈ

આરોગ્ય મંજરી : આરોગ્યવિષયક પ્રાથમિક માહિતી આપતી પુસ્તિકા. લે. દેસાઈ વાલજી ગોવિંદજી, પૃ. ૯૨, રૂ ૧-૨૦.

સસરંગ : સ્વ. શ્રી પ્રભુલાલ દ્વિવેદીની શાળા ને કૉલેજોની અચેતન રંગભૂમિની સાત નાટિકાઓનો સંગ્રહ. પૃ. ૧૮૩, રૂ. ૩-૬૦.

અનડા પ્રકાશન • અમદાવાદ

અભિમન્યુ આખ્યાન : કવિ પ્રેમાનંદ કૃત અભિમન્યુ આખ્યાનનું વિસ્તૃત ને અભ્યાસપૂર્ણ 'પ્રવેશક' સાથેનું વિદ્યાર્થીઓને માર્ગદર્શક સંપાદન. સં. ચિમનલાલ ત્રિવેદી ને રતિલાલ નાયક, પાકું પૂઠું, પૃ. ૨૩૨, રૂ. ૬.

સુદામાચરિત્ર : કવિ પ્રેમાનંદના સુદામાચરિત્રનું અભ્યાસપૂર્ણ, વિસ્તૃત 'પ્રવેશ અને પરિશીલન' સાથેનું સંપાદન, સં. સર્વશ્રી ડૉ. મધુસૂદન પારેખ, જયંત કોઠારી, રતિલાલ નાયક, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૨-૫૦.

કમલેશ પુસ્તક ભંડાર

રાયખડ રોડ • અમદાવાદ - ૧

હૈયાનાં ઊઘડયાં દ્વાર : તેલુગુ ભાષાના લબ્ધપ્રતિષ્ઠ લેખક શ્રી આરિગપૂડિની નવલકથાનો—દક્ષિણ ભારતની ભાષાઓના સાહિત્યને ગુજરાતીમાં ઉતારવાનું પ્રશસ્યકાર્ય કરવાના શ્રી નવનીત મદ્રાસીના પ્રયાસરૂપ—ગુજરાતી અનુવાદ. પૃ. ૨૭૨, રૂ. ૭.

કલ્યાણમલ : ડૉ. સરદાર કે. એમ. પણિક્કરની મલયાલમ ભાષાની સુપ્રસિદ્ધ ઐતિહાસિક નવલકથાનો શ્રી નવનીત મદ્રાસીએ કરેલો ગુજરાતી અનુવાદ. પૃ. ૨૫૬, રૂ. ૫ ૨૫.

પ્રકીર્ણ પ્રકાશનો

દિયો અભયનાં દાન-૧-૨ : શ્રી શિવકુમાર જોશીની બે ભાગમાં પ્રસરેલી, 'ઋત-

દર્શનની તપસ્યા'ની પ્રવૃત્તિ બનેલી, દીર્ઘ નવલકથા. પૃ. ૪૮૯ (પૂર્વાધ) અને ૫૯૯ (ઉત્તરાર્ધ) પ્રત્યેક ભાગના રૂ. ૧૨-૫૦, બન્નેના રૂ. ૨૨-૦૦. પ્રકાશક: સ્વાતિ પ્રકાશન, ૨૨૬, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩.

રંગમંચનાં રમકડાં: 'જય ભારતી' અને 'મેરુ તો ડગે' નામનાં બે શાળોપયોગી એકાંકીઓનો સંગ્રહ. લે. 'પરાગ', પૃ ૯૧, રૂ. ૧-૫૦. પ્ર. શ્રી પ્રાગજીભાઈ ડી. પટેલ 'પરાગ' ઠે. દોશી ફળિયું, સિહોર (સૌરાષ્ટ્ર).

શંખનાદ: શ્રી બાબુરાવ જોશીકૃત કાવ્યસંગ્રહ. પૃ. ૩૬, રૂ. ૦-૭૫ પ્ર. અરુણ બાબુરાવ જોશી, ઊંડી શેરી; પંડ્યા પોળ, આણંદ.

શ્રી તુલસીકૃત રામાયણ સંક્ષિપ્તસાર: લે. અને પ્ર. ડૉ. આર. કે. મેદી, એક્સ-રે અને કેન્સર ઇન્સ્ટિટ્યૂટ, એલિસ બ્રિજ, અમદાવાદ-૬, પૃ. ૯૨+૧૨, રૂ ૦-૬૦.

આચમન: સાહિત્યનાં સ્વરૂપો, સર્જકો અને સર્જનો વિષેની વિદ્વત્તાપૂર્ણ મીમાંસાયુક્ત શ્રી પ્રેમશંકર હ. ભટ્ટનો 'મધુપર્ક'નો અનુગામી વિવેચન સંગ્રહ. પૃ. ૨૪૦, રૂ. ૬ ૫૦. પ્ર. ભારતી સાહિત્ય સંઘ પ્રા. લિ., અમદાવાદ ૧.

સર્પ અને સીડી: રમ્યકથા પેપરબૅક સિરિઝની એક નવલકથા. લે. ચદુલાલ સેલારકા, પૃ ૨૨૪, પાકું પૂઠું રૂ. ૩ અને કાચું પૂઠું રૂ. ૨. પ્ર. ડાહ્યાભાઈ જીવણજી નાયક. રમ્યકથા પેપરબૅક સિરિઝ, ગોપીપુરા, સુરત ૨.

વનમાળા: શ્રી રવિશંકર પાઠકનાં ગીતો-ભજનોનો સંગ્રહ લે. પ્ર. રવિશંકર ન. પાઠક, નરસિંહજીની પોળ, વડોદરા, પૃ. ૬૪, રૂ ૧.

એસ. એસ. સી. પછી શું?: ગુજરાત સરકાર વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા (શાંતિનિકેતન સોસાયટી, એલિસ બ્રિજ, અમદાવાદ-૬.)નું એસ. એસ. સી. પાસ કર્યા પછી વિદ્યાર્થીઓને દોરવણી આપતું પ્રકાશન. પૃ. ૧૧૮, રૂ ૧-૪૫.

મનોરંજક સંસ્મરણ: પ્રાચીન અને આધુનિક હિન્દી સાહિત્યકારો અને કવિઓનાં સંસ્મરણો, લે શ્રી નારાયણ ચતુર્વેદી, પ્ર. ઇંડિયન પ્રેસ (પબ્લિકેશન્સ) પ્રાઇવેટ લિ. અલ્લાહાબાદ પૃ. ૨૧૦, રૂ. ૩-૭૫.

સ્નેહ: શાંતિલાલ શાહ 'દિગંત'નાં કાવ્યોનો સંગ્રહ. પ્ર નવીન શાહ, જયજીત, જવાહર સોસાયટી પાસે, સુરેન્દ્રનગર પૃ ૬૪.

વૈજ્ઞાનિક પદ્ધતિએ ડાંગરની ખેતી: ડાંગરને વૈજ્ઞાનિક પદ્ધતિએ ઉગાડવાની પ્રક્રિયાને સમજાવતી સચિત્ર પુસ્તિકા. લે. શ્રી મીનુ કકલિયા. પ્ર. ગુજરાત નઈ તાલીમ સંઘ, મઢી. પ્રાપ્તિસ્થાન—વત્સલ પ્રકાશન, વાત્સલ્યધામ, મઢી (સુરત). પૃ. ૪૮, રૂ ૦-૭૫.

નિજાનંદ: અડેક નવોદિત કવિઓનાં કાવ્યોનો સંગ્રહ. સં. પ્રફુલચંદ્ર અ ભગત, પ્ર. જીતેન્દ્ર એમ. શાહ, ૬ પારસ બાગ સોસાયટી પાલડી, અમદાવાદ ૭. પૃ ૪૮, પૈ. ૫૦.

અકબર: અકબરનું માનવતરીકેનું કવિત્વમય ચરિત્રચિત્રણ. મૂ લે. લૉરેન્સ બિન્યન. અનુ. જીવણલાલ ત્રિ. પરીખ, નેશનલ બુક ટ્રસ્ટ ઇંડિયા, ન્યૂ દિલ્હી પૃ. ૧૨૦, રૂ. ૨-૭૫.

'ભાષાકીય દૃષ્ટિ: ગુજરાતી ભાષાના વ્યાકરણનું પ્રાયોગિક, નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ આપતી પુસ્તિકા લે. કાંતિભાઈ સુતરિયા. પ્ર. આચાર્ય બુક ડેપો, વડોદરા. પૃ. ૮૮ રૂ. ૧-૬૦.

અચલવાણી ભાગ ૧—૨: ઈશ્વરભક્તિ અને સમાજપ્રતિની અનુકમ્પાને વ્યક્ત કરતાં એક ભાવનાશાળી વ્યક્તિનાં કાવ્યોનો સંગ્રહ. લે. જશવંતરાય ક. રાવળ 'અચલ' પ્ર. શ્રી અચલ ભારતીય તત્ત્વદર્શન, ભાવનગર રૂ. ૫.

'ગુજરાત પરિચય': સમગ્ર ઓરિસ્સામાં વસતા ગુજરાતીઓની જિલ્લાવાર વસ્તી અને જીવનવિષયક માહિતી દર્શાવતો, ગુજરાત તથા ઓરિસ્સાના ઐતિહાસિક સંબંધો સાથેનો, ઓરિસ્સાના રાજકીય, સામાજિક, શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક વ. ક્ષેત્રોમાં ગુજરાતીઓએ આપેલા ફાળાની વિગતો આપતો મહત્ત્વપૂર્ણ ગ્રંથ સંકલન: શ્રી બાબુલાલ દોશી ધનંજય પુરોહિત, 'પારસ', ૨૧ બજાર ગેટ સ્ટ્રીટ. મુંબાઈ ૧. પૃ. ૪૯૬, રૂ. ૭-૫૦.

કમ્યુનિસ્ટ ચીનમાં સાંસ્કૃતિક ક્રાંતિ: સાંસ્કૃતિક ક્રાંતિને નામે માઓ ત્સે તુંગે કરેલી જંગાલિયતના બર્બર પંથનું દર્શન કરાવતી પુસ્તિકા. લે. ભોગીલાલ ગાંધી, પ્ર. વિશ્વમાનવ પ્રકાશન, રામજી મંદિર પોળ, વડોદરા ૧, પૃ. ૧૦૦, રૂ ૨.

ડોશીમાની ખલેચી: અનુભવી વૈદ્યે લખેલું બાળકોના આરોગ્ય માટેના વૈદ્યકીય ઉપચારોને લગતું મહત્ત્વનું પુસ્તક. લુપ્ત થયે જતા 'ડોશીવૈદું'ને પુનર્જીવિત કરવા, ઉપરાંત એમની આ વિષયમાંની ઊંડી સૂઝ પણ આ પુસ્તકમાં જોવા મળે છે. લખાણપદ્ધતિ અને જોડણીદોષોને ગાળી લેવામાં આવે તો પુસ્તક ખૂબ જ ઉપયોગી બની શકે એવું છે. લે —પ્ર.: શુક્લ જેઠાલાલ જગજીવન, બાળવૈદ્ય ચકલી ભટ્ટ, કૃષ્ણનગર, ભાવનગર. પાકું પૂઠું, રૂ. ૬.

સાહિત્યપ્રેમીની ડાયરી

ભારત સરકારના કેળવણી પ્રધાન અને પછી વિદેશ પ્રધાન રહેલા એક વખતના કીર્તિવંત ન્યાયમૂર્તિ મહમદઅલી ચાગલા પોતાના હોદ્દાનું રાજીનામું આપવા સાથે ગાંધી શતાબ્દી સમારંભ સમિતિ. સાહિત્ય અકાદમી, નેહરુ સ્મારક અને નેહરુ સંગ્રહસ્થાન સમિતિ વગેરેના સભ્યપદેથી યે મુક્ત થયા છે વ્યક્તિગત પત્રો અને નોંધોના આધારે હવે તેઓ પોતાનાં સંસ્મરણો લખવાનું વિચારી રહ્યા છે. નેહરુ કુટુંબ સાથેનો એમનો સંબંધ ઉક ૧૯૨૦માં 'મોતીલાલ નેહરુ અહેવાલ' વેળા જિન્હા વિરુદ્ધ પોતે આંદોલન ચલાવેલું એટલો જૂનો છે. એ સઘળાં સંસ્મરણો રસમય વાચન પૂરું પાડશે. નેહરુ જોડેના પત્રવ્યવહારની દળદાર ફાઈલ એ એમના એ ખજાનાનું રત્ન છે.

તુર્કો સામેના ખ્રિસ્તીઓના ધર્મયુદ્ધમાં તીસા નામની હંગેરિયન યુવતીએ ભજવેલા ભાગ ઉપર આધારિત ૧૯૫૦ના અરસામાં ઉત્તમ વેચાણનો આંકડો ધરાવતી હેલગા મોરે રચિત Tisa નામની નવલકથા ઉપરથી બ્રિટનમાં વસતા ભારતીય કલાકાર રામગોપાલ એક ફિલ્મનું સર્જન કરી રહ્યા છે.

ભારતનું મહામૂલું હૂંડિયામણ અહીં જ રહે ને વિદેશી નાણું ભારતમાં લાવી શકાય એ હેતુથી તેમજ ૧૬મી સદીના તુર્કીની આ કથાને યોગ્ય મહાલયો, ગઢ, સમથળ ભૂમિ વગેરે ભારતમાં ઠીક પ્રમાણમાં મળી શકે તેમ હોવાથી એનું શૂટિંગ એ ભારતમાં જ કરવાના છે.

મિસર ટુ દમાસ્કસ નામના પોતાના એક પ્રવાસગ્રંથ માટે લેબનન સહિત અરબ દેશોની ૫૦૦ માઈલની પગપાળા મુસાફરી કરનાર ૨૮ વર્ષના કૉલિન થેબ્રોન નામના તરુણ લેખકને 'અરેબિયન નાઇટ્સ'ના જમાનામાં હોવાનો હમણાં અનુભવ થયો: પ્રવાસ દરમિયાન તે એક ગામડામાં રાતવાસો ગુજારવા જઈ ચઢ્યા. ત્યાં તો ખબર પડી કે આખા ગામમાં એકલી સ્ત્રીઓ જ છે; પુરુષ તો તેઓ ફક્ત એક જ છે। તપાસ કરતાં જણાયું કે એ ગામનાં બે જૂથો વચ્ચેના ઝગડામાં એક જૂથના બે ખેડૂતો માર્યા ગયા હતા ને ખૂનીની તપાસ કરવા લશ્કરના માણસો આવ્યા એટલે તમામ પુરુષો નાસી ગએલા।

બીજા દિવસની સવારે તો ઈઝરાએલીઓ-અરબો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. કૉલિનને ચેતવવામાં આવ્યા કે મુસ્લિમ પ્રદેશમાં જશો તો ખૂન થઈ જશે માટે નાસી જાઓ. બરફથી

છવાએલા પહાડો વચ્ચે થઈને એ, ક્યારેક પૂંટણિયાભર તો ક્યારેક દોડતાદોડતા, એ રીતે ૩૦ માઈલની સફર ખેડીને આઠ કલાકે સલામત સ્થળે પહોંચ્યા.

ઈ. ૧૦૦૦ની સાલ પછી ઈ. સ. ૨૦૦૦ની આવનારી સાલ માનવ-ઇતિહાસનું એક મહત્ત્વનું સીમાચિહ્ન છે એ ખયાલથી બ્રિટનમાં 'વર્લ્ડ એસોસીએશન ફૉર સેલિબ્રેટિંગ ધી ૨૦૦૦' (WACY 2000) નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. એ ઊજવણી માટે વિશ્વભરનાં ૫૦૦ શહેરોને તેણે કહેણ મોકલ્યું છે અને એની તૈયારીના પ્રતીકરૂપ એકએક વૃક્ષ રોપવાનું જણાવ્યું છે.

પીટર ફ્લેમિંગના પુત્ર અને ઈઆન ફ્લેમિંગના ભત્રીજા, ૨૮ વર્ષના નવયુવાન લેખક નિકૉલ ફ્લેમિંગ, પિતા અને કાકાના પગલે રહસ્યપૂર્ણ સાહિત્યના ક્ષેત્રે પગરણ માંડે છે. આવતા ફેબ્રુઆરીમાં પ્રગટ થનાર 'કાઉન્ટર પૅરૅડાઈઝ, નામનું પુસ્તક સાહસિક રહસ્યકથાનું છે. આ નવલનો નાયક ફ્રાન્સ, ઇટલી, સ્વિટ્ઝર્લૅન્ડ આદિ દેશોમાં સાહસો ખેડે છે; પરંતુ એનામાં જેમ્સ બૉન્ડનો લેશ પણ અંશ ન આવે એની નિકૉલે તકેદારી રાખી છે.

મિસ પામેલા ફ્રાંકાઉ નામની લેખિકા (એવા જ જાણીતા લેખક પિતા ગિલ્બર્ટ ફ્રાંકાઉની પુત્રી) ગયા જૂનમાં ગુજરી ગઈ ત્યારે અધૂરી રહેલી તેની પહેલી રહસ્યમય નવલકથા 'કર્નલ બ્લેસિંગટન'ને એનાં કાકી અને મિત્ર ડાયાના રેમન્ડ પૂરી કરી રહ્યાં છે. પામેલા બીમાર હતી ત્યારે જ તેણે આ નવી નવલકથા વિષે કાકી જોડે ચર્ચા કરેલી અને એનાં કેટલાંક વસ્તુ પરત્વેનાં સૂચન તેમજ નોંધો ટેઈપ રેકર્ડ કરી લેવડાવેલાં. એના આધારે ડાયાના એ પૂરી કરશે. શ્રીમતી રેમન્ડની છેલ્લી નવલકથા 'ફ્રન્ટ ઑવ ધ હાઉસ' તાજેતરમાં જ પ્રગટ થઈ છે.

ઈસ્લામિક સાહિત્યના અમૂલ્ય આધાર જેવી બિહારના પટણામાં આવેલી ખુદાબક્ષ ઓરીએન્ટલ પબ્લિક લાયબ્રેરીને ઇસ્લામિક જગતના આંતરરાષ્ટ્રીય અભ્યાસકેન્દ્ર તરીકે વિકસાવવાનો ભારત સરકારે નિર્ણય કર્યો છે.

ઈ. ૧૯૦૮માં અવસાન પામેલા, હૈદરાબાદના ખુદાબક્ષ નામના વડા ન્યાયાધીશના નિજી સંગ્રહ તરીકે, ૭૫ વર્ષ પહેલાં શરૂ થએલા એના અણમોલ સંગ્રહમાં અત્યારે ૫૦ હજાર કરતાં યે વધુ અપ્રાપ્ય હસ્તપ્રતો, પુસ્તકો ને સામયિકો સંગ્રહાયાં છે. અરબી અને ફારસી ભાષાની અણમોલ હસ્તપ્રતો ધરાવતું આ ગ્રંથાગાર મુસ્લિમ આલમનો મહાન સાહિત્યિક ખજાનો ગણાય છે. ૧૯૦૩માં ભારતના વાઇસરૉય લૉર્ડ કર્ઝને ઈસ્લામિક સાહિત્યના વિદ્વાન ગણાતા સર ડેનિસન રૉસ ને સર ચાર્લ્સ લાયલના કહેવાથી એની મુલાકાત લીધેલી ત્યારે ત્યાંના ૪૦૦ જેટલા અપ્રાપ્ય ગ્રંથોને પાંચ લાખ પૌંડમાં ખરીદીને બ્રિટિશ મ્યુઝિયમમાં લઈ જવાની માગણી કરેલી પરંતુ એ નકારી કાઢવામાં આવેલી.

સરકારી નોકરિયાતોના સુષુપ્ત સર્જકત્વને પોષવા માટે રાજસ્થાન સરકારે અનુકરણીય નિર્ણય લીધો છે: પોતાના ખાતા સિવાયના વિષય પર શ્રેષ્ઠ પુસ્તક કે લેખ લખવા માટે ૧,૫૦૦ સુધીનું ઈનામ તે આપશે.

આવું લખાણ લખી શકે એવા સરકારી કર્મચારીઓને પ્રોત્સાહન આપવા પાંચ વર્ષ સુધી રૂ. ૫૦ થી રૂ. ૬૫૦ સુધીનો માસિક વધારો આપવાનો નિર્ણય પણ એણે લીધો છે. આ 'વધારાનો ગુણવત્તા પગાર' તથા ઈનામ આપવા માટે ખાસ સમિતિની નિમણૂક કરવામાં આવી છે.

આવતા વર્ષે જાન્યુઆરીની ૬ થી ૧૧ સુધી લંડનમાં એક આંતરરાષ્ટ્રીય રમકડાપ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

પંડિત મદનમોહન માલવીયે ઈ. ૧૯૦૯માં પોતાના તંત્રીપદે સ્થાપેલું અને ભારતની સ્વાતંત્ર્યની લડતમાં વિશિષ્ટ ભાગ ભજવી જનાર તથા સી. વાઈ. ચિંતામણિ ('કુમાર'માં ચરિત્ર આવી ગયું) જેવા આદર્શ તંત્રીઓ નિર્માણ કરનાર અલ્હાબાદનું અંગ્રેજી દૈનિક 'લીડર' ૫૮ વર્ષ પછી આર્થિક કારણોસર બંધ થયું છે.

દિનશા વાચ્છા, ગોખલેજી અને ફિરોઝશાહ મહેતા જેવા કૉંગ્રેસના વિનીત જૂથના મુખપત્ર તરીકે 'લીડરે' વર્ષો સુધી મહત્ત્વનું સ્થાન ટકાવી રાખેલું. દક્ષિણ આફ્રિકામાં ભારતીયો ઉપર આચરવામાં આવતા વર્તાવની વિરુદ્ધ ગોખલેજીએ જનમત જગાવવામાં આ દૈનિકનો સારો ઉપયોગ કરેલો. ગાંધીજીની અસહકારની લડતની કડક ટીકા કરનાર આ દૈનિકે રાજકીય ક્ષેત્રે મધ્યમ માર્ગ અપનાવેલો. સ્વ. મોતીલાલ નેહરુ પણ એને આર્થિક રીતે મજબૂત કરવામાં ફાળો આપતા, પરંતુ ગાંધીજીની નીતિને એના તંત્રી ચિંતામણિ નથી પ્રમાણતા એવું જણાતાં સંબંધ તોડી નાખેલો.

ફ્રાન્સના સાંસ્કૃતિક ખાતાના પ્રધાન આન્દ્રે માલરોએ તાજેતરમાં લખેલાં એનાં સંસ્મરણોના પુસ્તકે ફ્રાન્સમાં એક નવા પ્રકારનો વિવાદ જગાવ્યો છે. ઍન્ટી મેમ્વર્સ (Anti Memoirs) નામના એ પુસ્તકનું પ્રકાશન તો હજી ઑક્ટોબરમાં થવાનું હતું, અને એના સઘળા હક્કો લેખક પાસે હતા; છતાં પુસ્તકનો કેટલોક ભાગ 'ઉઠાંતરી' કરીને France Soir દૈનિકે ઑગસ્ટમાં પ્રગટ કરી નાખ્યો. એણે જબરો હોબાળો ઊભો કર્યા પછી હવે એ દૈનિક સામે કાયદેસર પગલાં લેવાઈ રહ્યાં છે.

ઉત્તમ નવલકથાકાર તરીકે પણ જાણીતા આ ફ્રેન્ચ પ્રધાનનું આ આત્મકથાનક ચીન વિષેની બાબતો અંગે ઘણાં રહસ્યોનો ઉકેલ લાવશે એમ માનવામાં આવે છે. આ દળદાર ગ્રંથના બીજા ત્રણ ભાગ પણ પ્રગટ થનાર છે.

અઢાર વર્ષની ઉંમરે ટેસ્ટ ક્રિકેટ રમવાની શરૂઆત કરનાર અને ગઈ સીઝનમાં નિયમ વિરુદ્ધની વર્તણૂક માટે ઇંગ્લૅન્ડના સુકાની પદેથી દૂર કરવામાં આવેલા બ્રાયાં ક્લોઝ પોતાની આત્મકથા લખી રહ્યા છે. નવેમ્બર સુધીમાં એ સંપૂર્ણ લખાઈ રહ્યા પછી આવતા એપ્રિલમાં પ્રકટ થશે.

દુનિયામાં બર્નાડ શૉના વીસેક જેટલા તદ્વિદો છે એમાં પોતાની ગણતરી કરાવવા ૨૩ વર્ષનો એક ભારતીય જહેમત ઉઠાવી રહ્યો છે. બિમલ મિત્ર નામના આ નવયુવાને બર્નાડ શૉએ લખેલાં અને એના વિષે લખાએલાં સઘળાં લખાણોનો ઊંડો અભ્યાસ કર્યો છે. લૅમ્બે વાર્તાતર કરેલી શેક્સપીઅરની નાટ્યકથાઓની ઢબે લખાએલી 'ટૅઈલ્સ ફ્રૉમ બર્નાડ શૉ' નામની એની ૬૦૦ પાનાંની હસ્તપ્રત તૈયાર કરવા લાગટ પાંચ વર્ષ સુધી એણે અભ્યાસ કરેલો. લંડનમાં શિક્ષક તરીકે જીવિકા રળી ખાનાર આ ભારતીય 'શૉની ફિલસૂફી' વિષય ઉપર લંડન યુનિવર્સિટીમાં પીએચ.ડી.નો અભ્યાસ પણ કરે છે.

કોઈ એક જ જીવંત સ્ત્રીના આધારે જુદાજુદા લેખકોએ પોતાની નવલકથાની નાયિકાની માંડણી કરી હોય એ પ્રકારની શક્યતા જ્હૉન ગંથર નામના લેખકે ઊભી કરી છે.

એમનું કહેવું એવું છે કે એઝરા પાઉન્ડ અને સૅમ્યુઅલ બૅકેટ જેવા નવી પેઢીના અગ્રેતાઓનાં પુસ્તકોની પ્રકાશક, તથા સાહિત્યિક તેમજ સામાજિક ક્ષેત્રની એક મહત્ત્વની નારી મિસ નૅન્સી કુનાર્ડ નામની લેખિકા હેમિંગ્વેના 'ધ સન ઑલ્સો રાઈઝિઝ'માંની લેડી બ્રેટ, માઈકેલ આર્લેનના 'ધ ગ્રીન હૅટ'માંની આઈરિસ માર્ચ અને હક્સલેના 'પૉઈન્ટ કાઉન્ટ પૉઈન્ટ'ની પણ નાયિકા છે. ગુ. છો. શાહ

સંગીત-સાધના

[૪]

સાધુરામ ચોધ

ઉત્તર ભારતીય સંગીત હાલ જે સ્વરૂપમાં ગવાય છે તેનું મૂળ પ્રાચીન ગ્રંથોમાં મળતું નથી. કારણ પ્રાચીન ગ્રંથોક્ત સંગીત હાલ એટલું બધું બદલાઈ ગયું છે કે આજના રાગદારી સંગીતને નૂતન પ્રણાલિનું સંગીત કહીએ તો પણ ચાલે. પ્રચલિત ઉત્તર હિંદુસ્તાની સંગીતના પ્રવર્તકો બહુધા મુસ્લિમ ગાયકો છે. આપણા પ્રાચીન સંગીતમાં એમણે પોતાની ગાનપદ્ધતિ દાખલ કરી તેમાં મૂળગત ફેરફારો કરી નાખ્યા. અલ્લાઉદ્દીન ખિલજીના સમયના સંગીતકાર અમીર ખુશરૂ આ સંકર પદ્ધતિના જનક ગણાય છે. સમસ્ત ઉત્તર ભારત પર પ્રસરી ગએલી મુસ્લિમ સલ્તનતમાં તો ભારતીય કલાને એને આશ્રયે જ વિકસવાનું હતું. સ્વાભાવિક છે કે એવી સ્થિતિમાં આપણું અસલ સંગીત આ પરદેશી કલાની પૂરી અસર તળે આવી ગયું હોય. આપણા વિદ્યાગ્રંથો મોટે ભાગે સંસ્કૃત ભાષામાં જ લખાએલા હોઈ એ વખતે એની અવહેલના પણ થઈ. વળી આજીવિકાનું આ જ એકમાત્ર સાધન હોઈ એ કાળના ઉસ્તાદોએ પોતાના સીધા વારસદાર સિવાય પોતાની સંગીતવિદ્યા કોઈને શિખવાડી નહિ. આ ગુપ્તતા એટલી હદ સુધી જળવાઈ કે ગાયકને ફરજંદ ન હોય તો એની વિદ્યા એના મરણ સાથે નષ્ટ થઈ જતી. પરિણામે, એ સમયના ને તે પછીના પણ અનેક મશહૂર સંગીતજ્ઞોની કળા સદાને માટે વિલીન થઈ ગઈ. પાછળથી તાનસેન અને તેના અનુયાયીઓ જે 'સેનિયા' કહેવાતા તેમણે પ્રચલિત કરેલી મુઘલ ઢબની ગાયકી પણ શુદ્ધ સ્વરૂપમાં આજે તો હવે જૂજ ગવૈયાઓ પાસે જ રહી હશે. દરબારી અને તે પણ ઠાઠ (થાટ) કે મેલ પદ્ધતિની જ. શુદ્ધ પ્રાચીન ભારતીય સંગીતની જાણ આમાંથી મળી શકે નહિ. છતાં આવા અસ્પષ્ટ આધારો પરથી પણ શાસ્ત્રીય અને ગાનક્રિયારૂપ માહિતી તારવીને તેને ગ્રંથસ્થ કરવાનું માન પં. ભાતખંડેજીને છે. એમના સહાધ્યાયી મિત્ર રામપુરના ઠાકુર નવાબઅલીખાંએ પણ ઈસ્લામી ગાયકોએ અપનાવેલી રાગમાહિતી પં. ભાતખંડેજીએ વિકસાવેલ સ્વરલિપિમાં તેમના મત મુજબ રાગવિસ્તાર સહિત પોતાના 'મારિફૂન્નગમાત' નામના ઉર્દૂ ગ્રંથમાં આપી છે. તેમાં મુઘલ કાળમાં પ્રચલિત તેમજ અલ્પપ્રચલિત રાગસ્વરૂપો ધ્રુપદ-ધમારની ગીતરચનાઓ તેમાં મોટી સંખ્યામાં આપવામાં આવ્યાં છે. પણ હમણાં આચાર્ય કૈલાસચંદ્રદેવ બૃહસ્પતિએ આપણા શુદ્ધ ભારતીય સંગીતની પદ્ધતિ વિષે પ્રચુર માહિતી આપતો એક ગ્રંથ 'ભરત કે સંગીતસિદ્ધાંત' પ્રકટ કર્યો છે તે ભારતીય સંગીત પર ઉત્તમ પ્રકાશ પાડે છે. અને આમાં હજી યે સંશોધનો ચાલે જ છે.

ભારતીય વિદ્યા-કળાઓનું ઉદ્‌ગમ સ્થાન વેદો જ છે. સંગીત માટે સામવેદ છે. સ્વ. પં. વાસુદેવશરણ અગ્રવાલ તથા સાંપ્રતકાળમાં પં, શ્રીપાદ દામોદર સાતવળેકરજી પણ વેદોનું જે સંશોધન કરી રહ્યા છે તેમાં સાંગીતિક સંશોધન પણ થયું છે. તેઓ માને છે કે ઋગ્વેદની ઋચાઓનું ગાન તે જ સામગાન. કારણ મોટા ભાગના મંત્રો ઋગ્વેદ અને સામવેદમાં સરખા જ છે. મંત્રોચ્ચારને 'ઋચા' એવી સંજ્ઞા અપાઈ છે, જ્યારે ઋચાને સ્વરોમાં આલાપ કરી વિસ્તારથી ગાઈ સંભળાવવી તે 'સામગાન' કહેવાતું. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવી ત્રણ પ્રકારની સ્વરોની સંજ્ઞા ત્યારે હતી. ષડ્જ, મધ્યમ અને ગાંધાર જેવા ત્રણ ગ્રામના પ્રકારો હતા. પરંતુ ગાંધાર ગ્રામ મૃત્યુલોકમાં વપરાતો નહિ. આ ગ્રામ એટલે સંવાદિ સ્વરોનો સમુદાય જે તાન, મુર્છના, વર્ણ અલંકાર વગેરેનું ઉદ્‌ગમ સ્થાન છે. સામગાન માટે સામવેદના મંત્રો પર એક બે ત્રણ ચાર જેવા આંકડા મૂકાતા. જે સ્વર સંજ્ઞાઓ હતી. ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રો પર આડીઊભી લીટીઓની નિશાની કરેલી હોય છે. ઋગ્વેદમાં આ સંજ્ઞાઓ મુજબ મસ્તક હલાવીને તથા યજુર્વેદમાં હાથ ઊંચા કે આડા કરી ઋચાઓ ભણવામાં આવે છે. સામવેદમાં સંજ્ઞાઓ મુજબ આ સ્વરોનો આલાપ 'હાહા', 'હુહુ', 'ઉહા', 'ઉહુ' એવા આકારાન્ત આંદોલિત સ્વરોચ્ચારથી થતો. અને આવા સામગાનને યથેચ્છ રીતે મધુર સ્વરે આલપ્તિ કરી ગાવામાં આવતાં. તેમાંનાં નગરમાં ગવાતાં તે 'ગ્રામગાન' અને વનમહોત્સવોમાં ગવાતાં તે 'આરણ્યગાન' તરીકે ઓળખાતાં.

પં. સાતવળેકરજીએ થોડા સમય પર આવાં બેએક હજાર સામગાન પ્રસિદ્ધ કર્યા છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે 'વેદાનામ સામવેદોસ્મિ' 'બૃહત્સામ તથા સામ્નામ્ ગાયત્રી છંદસામપિ' કહ્યુ છે એ દર્શાવે છે કે તે સમયે સંગીતમાં સામગાન જ સૌથી વધુ પ્રચલિત હતાં. પણ આજે એ સાંભળવા મળતાં નથી. એ ગ્રામ મુજબની સ્વરરચના પણ હાલ પ્રચારમાં નથી. કાળાનુક્રમે આ વેદોક્ત સંગીત લોકસંગીતમાં ફેરવાયું. એની પદબંધ રચનાઓને પ્રબંધ રચના કહેવાતી. 'ભરત નાટ્યશાસ્ત્ર' પછી રચાએલા સારંગદેવકૃત 'સંગીત રત્નાકર'માં આવી પ્રબંધરચનાઓ મળે છે. તે પછી કાવ્યરચનાના નિયમાનુસાર નિયત અક્ષરોમાં થતી રચનાઓ 'ધ્રુવક' કે 'ધ્રુવપદ' કહેવાઈ. ધ્રુવ એટલે નિયતક્રમ. આ રચનાઓ તાલમાં ગતિબદ્ધ કરી ધ્રુવપદ (ધ્રુપદ) તરીકે ગવાતી. ધ્રુવપદો જે અનેક તાલમાં ગવાતાં તેમને દેવોની સંજ્ઞા અપાતી, જેમ કે: વિષ્ણુતાલ, મહેશતાલ, બ્રહ્મતાલ. એ ઉપરાંત, ગજ, શિખર, મત્ત એવાં તાલનામ પણ અપાતાં. આ તાલની માત્રાઓ વીસથી માંડી પચાસ સુધી હતી. સમય જતાં ગાયકોની શક્તિ અનુસાર આવા તાલની માત્રાઓને ટુંકાવી ચૌદ, બાર વગેરે માત્રાના ચૌતાલ, ધમ્માર, ઝપતાલ જેવા નાના તાલમાં પણ ધ્રુવપદો ગવાવા માંડ્યાં.

સંગીતની ઉપાસના પણ અન્ય વિદ્યા કે કળાની માફક સાધકના ઈષ્ટદેવની પ્રીતિ ને ભક્તિ અર્થે જ થતી. એટલે દેવમંદિરોમાં આ કલાનો ઉત્તરોત્તર ઉત્કર્ષ સધાતો રહ્યો. મંદિરોનાં વિશાળ પ્રાંગણોમાં ભગવાન સમક્ષ નર્તકો તથા ગાયકો નૃત્ય-ગાન કરતા ત્યારે જનસામાન્યને પણ એ જોવા-સાંભળવાનો લાભ મળતો. મુસલમાનો ચડી આવ્યા ત્યારે શૈવ તથા વૈષ્ણવ મંદિરોમાં ગવાતાં વિવિધ રાગદારી ધ્રુવપદ-ધમ્માર પદ્ધતિનાં ગીતોમાં જ ઉત્કૃષ્ટ કોટિનું સંગીત ગવાતું અને એનો પ્રધાન ઉદ્દેશ ભગવાનની સ્તુતિ તથા ભક્તિ હતો. એ કાળે રાજામહારાજા પણ ઉચ્ચ કોટિના ગાયકો, વાદકો અને નૃત્યકારોને પોતાને ત્યાં આશ્રય આપતા. પણ ભગવદ્‌ભક્તો પોતાની રચનાઓ ઈષ્ટદેવ સમક્ષ જ રજૂ કરતા. રાજ્યાશ્રયની એમને પરવા નહોતી. આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી આવા જ એક સંગીતના ભેખધારી હતા. એમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીના સમયમાં આવા ભગવદ્‌ભક્ત સંગીતજ્ઞોને 'અષ્ટછાપ'ની સંજ્ઞા અપાઈ હતી. કુંભનદાસ, કૃષ્ણદાસ, નંદદાસ, હિતહરિવંશ વગેરે એમાંના પ્રતિભાસંપન્ન સંગીતજ્ઞો હતા. આજે પણ એમનાં પદો એમણે રચેલી રાગરાગિણીઓમાં ગવાય છે. બાદશાહ અકબરના પ્રસિદ્ધ ગાયક તાનસેનના ગુરુ સ્વામી હરિદાસજી પણ આવા અષ્ટછાપ સંગીતજ્ઞ હતા. એમનું સંગીત સાંભળવા ખુદ અકબરને સામે ચાલીને જવું પડેલું એ તો જાણીતી વાત છે.

મુસલમાનોના આગમન સમયે આર્યાવર્તમાં સંગીત તથા નૃત્ય ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચેલાં હતાં. એ વિષે ઉત્તમોત્તમ (અનુ. સામે પાને)

અતીતનાં સુમનો

ધનસુખલાલ મહેતા

એક વાર હું પૂના મારા બનેવી સ્વ. નાનુભાઈ દરૂને ત્યાં ગએલો. વિખ્યાત રૅંગલર ડૉ. પરાંજપે એમના ઘણા ગાઢ સ્નેહી એમની ફર્ગ્યુસન કૉલેજને મુંબાઈની ઝેવિયર્સ કૉલેજ સામે લૉર્ડ નૉર્થકોટ ચૅલેંજ શીલ્ડ માટે ક્રિકેટ મૅચ ચાલે. ત્યાં નાનુભાઈ પરાંજપે સાથે મારો (ક્રિકેટના રસિયા તરીકે) પરિચય કરાવી ચાલ્યા ગયા.

મેં પ્રથમ જ પ્રશ્ન પૂછ્યો કે 'આપને શતરંજનો તો શોખ હશે જ.' પરાંજપે ખડખડાટ હસી પડયા ને બોલ્યા: 'તમે પણ અપવાદ નથી. જેટલા માણસ જાણે છે કે હું સિનિયર રૅંગલર છું તે સૌ ધારી જ લે છે કે મને શતરંજનો શોખ તો હોવો જ જોઇએ! પણ મને તો એના પર ચીડ છે! મને બ્રિજ બહુ ગમે છે.' પણ મને પત્તાંની રમતમાં માત્ર બ્રિજ જ ન આવડે! એટલે એ વિષય ત્યાંથી અટકયો.

મૅચ શરૂ થઈ અને જોતજોતાંમાં ફર્ગ્યુસનની બેએક વિકેટ ઊખડી ગઈ. મેં હસીને કહ્યુ: 'ડાકટર સાહેબ, મુંબાઈ તે મુંબાઈ. એને તમે પૂનાવાસી હરાવી શકો નહિ.' પરાંજપે ફરીને ખડખડાટ હસ્યા અને બોલ્યા: 'તું મુંબાઈનો છે એટલે તને મુંબાઈનું અભિમાન હોય એ સ્વાભાવિક છે. પણ તું રમવા આવનાર ખેલાડીને, એ થોડી વાર રમે અને ઓળખી જાય ખરો, કે આ ખરેખર ધરખમ ખેલાડી છે?'

મેં કહ્યુ: 'હા જી, જરૂર; હું તરત કહી આપું.' થોડી વારમાં એક માથે ચોટલીવાળો ખેલાડી, પહોળી રેશમી કોરનું ધોતિયું પહેરી રમતમાં આવ્યો. એણે જે અજબ ચાલાકીથી બેત્રણ ડ્રાઈવ માર્યા તે પરથી મારાથી બોલાઈ ગયું: 'વાહ! આ કોઈ અજબ ખેલાડી લાગે છે!' તરત ડૉકટર બોલ્યા: 'તારી સમજ સાચી છે. આ ખેલાડી અમારા ચૅમ્પીઅન ખેલાડી છે. એનું નામ દેવધર.' અને ખરે જ, દેવધરે આવીને આખી રમત ફેરવી નાખી, અને પરિણામે ફર્ગ્યુસન કૉલેજ શીલ્ડ જીતી ગઈ. પ્રખ્યાત ક્રિકેટર દેવધરની મેં એ પહેલવહેલી રમત જોએલી.

પછી તો ટૅરેન્ટની પ્રેસિડેન્સી ટીમ સામે હિંદુઓ રમ્યા, તેમાં બબ્બે ઇનિંગ્ઝમાં ટૅરેન્ટની કાતિલ બોલિંગ સામે કોઈ હિંદુ ટકી શકયો નહિ: અપવાદમાં માત્ર હતો દેવધર! તેણે બંને દાવમાં પચાસ પચાસ રન કરેલા. એ પછી દેવધરને અનેક વેળા રનોનો ઝુમખો ખડકતાં જોયેલો. એની ત્રણે પુત્રીઓ બૅડમિન્ટનમાં ઘણી હોશિયાર હતી. એમને પણ બૅડમિન્ટન મૅચમાં જોએલી.

મને લાગે છે કે સંપેતરાની સંસ્થા નાબૂદ થતી જાય છે. હજી એ છેક ભૂંસાઈ તો નથી ગઈ, પણ પહેલાંના જેટલી એ નથી.

મારા મોટા ભાઈની જ વયના, અને અમારા પિતરાઈ દોલતરામ, મુંબાઈની હાઇકૉર્ટના પહેલા જજ નાનાભાઈ હરિદાસના પૌત્ર થાય, અને મુંબાઈમાં નેપીઅન સી રોડ પર રહે. એ સૂરત આવે અને પાછા જવાના થાય એટલે આ સંપેતરાંવાળા એમના પર ધસારો કરે.

પોટલાંની તો દોલતરામ ના જ પાડી દેતા; પણ જ્યારે કેટલાક પરબીડિયું લઈને આવે અને કહે: 'દોલતભાઈ, આ ચિઠ્ઠી જરા ફલાણાભાઈને ભૂલેશ્વરમાં પહોંચાડી દેજોને.' ત્યારે દોલતરામ ખિસ્સામાંથી બે પૈસાની ટિકિટ (તે જમાનામાં એક પૈસામાં કાર્ડ અને બે પૈસામાં પાકીટ ટપાલમાં જતું) કાઢે અને પેલાના પાકીટ પર લગાવીને પાછું આપી ધીમેથી કહે: 'જુઓને, હું નેપીઅન સી રોડ પરથી વિક્ટોરિયા કરીને તમારા સગાને આપવા જાઉં તો આવવા-જવાના મને રૂપિયા અઢી થાય. એના કરતાં આ તો મને બે પૈસાથી જ પતે! જરા તમે ઘેર જતા હો ત્યારે પોસ્ટ ઑફિસમાં આને પોસ્ટ કરતા જજો.'

પણ એક બીજા મારા દોસ્ત હતા તે બીચારા બહુ ભલા હતા. કોઈને પણ ના કહી શકે નહિ. પરિણામે જ્યારે પણ એ સૂરતથી મુંબાઈ જાય ત્યારે સંપેતરાંની ઝડી એમના પર વરસે. એક વાર તો, મને બરાબર યાદ છે કે, સત્તર સંપેતરાં એ ભાઈ ને મળ્યાં હતાં. તેમણે મુંબાઈ જઇને પૈસાપૈસાનાં સત્તર પોસ્ટ કાર્ડ લખીને સત્તરે જણને ખબર આપી કે તમે તમારી ચીજ લઈ જજો. એમાંના ચારેક જણે સામું કહેવડાવ્યું કે 'તમે જ આ તરફ આવતા હો ત્યારે લેતા આવજો ને.' અને એ પ્રમાણે એ ભાઈ જઇને આપી પણ આવેલા!

આ જ ભલા ભાઇનો એક ભાઈ હતો, તે બહુ પાકો હતો. તે મુંબાઈથી સૂરત આવે ત્યારથી કહેવા માંડે કે આ વખતે તો ખાસ્સા વીસ-પચ્ચીસ દિવસ રહેવું છે; ને પછી બેત્રણ દિવસમાં પોતે ઊપડી જાય! એટલે સંપેતરાંવાળાઓને સંપેતરાં આપવાની તક જ મળે નહિ.

અસલના વખતના વડીલોનું માનસ અનેક રીતે આપણને વિચિત્ર જ લાગે તેવું હતું. અમારા બાપાજી વાત કરતા કે એમના બાપા—મારા દાદાજી—પોતાને નામે દેવું કરવામાં જ મોજ માનતા હતા. બાપાજીએ બેત્રણ વખત એમનું બધું દેવું વાળી આપ્યું, તો દાદાજી પાછા જઈને બસો-ત્રણસો રૂપિયાનું (તે વખતમાં એ રકમ મોટી ગણાય) દેવું કરી આવ્યા. બાપાજીએ આ બાબત પૂછ્યું ત્યારે એમણે કહ્યુ કે 'આપણે તો ખાનદાન અને મુત્સદીના દીકરા. માથે દેવું ન હોય, એનો અર્થ તો એવો કે આપણને કોઈ ધીરતું નથી!' આ ખુલાસો સાંભળ્યા પછી બાપાજીએ દાદાજીનું દેવું ફીટાડવાનું મોકૂફ જ રાખ્યું.

મારા દાદાજીને રૂપિયા નવનો માસિક પગાર હતો, છતાં ન્યાતમાં, અને બહાર પણ, 'લાલાજી'માં ગણાતા. એમના મોટા પુત્ર—મારા મોટા કાકા—પરણ્યા ત્યારે પાંચ હાથીનો વરઘોડો એમણે કાઢેલો! (વરરાજા હતા પાંચ વર્ષના અને કન્યા હતી ત્રણ વર્ષની.) અને તે વખતની એક પ્રખર વ્યક્તિ, સૂરતના વિખ્યાત અરદેશર કોટવાળ પણ એ વરઘોડામાં હાજર રહેલા! અલબત્ત, આમ કેવી રીતે બનવા પામે એ બાબતમાં ઊંડા ઊતરવા જેવું નથી.

ગ્રંથો પણ હતા, ને ત્યારે વિદ્વદ્ભોગ્ય ભાષા સંસ્કૃત હોઈ દેશમાં વિદ્યા-કલાનો પ્રચાર એ ભાષામાં જ થતો. પરંતુ ઈસ્લામના પ્રચારની ધૂનમાં મુસલમાનોએ આપણી વિદ્યા કલા ભાષા તમામને અવગણ્યાં એટલું જ નહિ એનો નાશ કરવા પણ પ્રવૃત્ત થયા. અન્ય કળાઓ માફક શુદ્ધ ભારતીય સંગીત પણ ભુંસાવા માંડયું. મંદિરોનો નાશ થવા માંડતાં ત્યાંના સંગીતકારો દક્ષિણ તરફ ચાલ્યા ગયા અથવા એમણે સંગીતનો જ ત્યાગ કર્યો. બાદશાહોએ શાહી ઠાઠ માટે એકઠા કરવા માંડેલા ગાયકોમાંના ઘણા પાછળથી મુસલમાન બની ગયા. આજના પ્રસિદ્ધ મુસ્લિમ ગાયકોમાંના ઘણાના પૂર્વજો હિંદુ જ હતા. ધર્મભ્રષ્ટ થવાના ભયે ઘણા બ્રાહ્મણોએ સંગીતનું અધ્યયન અને પરિશીલન છોડી દીધું. છતાં, કાશી મથુરા, પ્રયાગ વગેરે જેવા પુરાણપ્રસિદ્ધ તીર્થધામોનાં મંદિરોમાં ઈષ્ટદેવનાં સ્તવનો ગાવા પૂરતું સંગીત જળવાઈ રહ્યુ જે આજે 'હવેલી સંગીત' તરીકે ઓળખાય છે. મુસ્લિમ રાજ્યાશ્રયમાં ગએલા સંગીતમાં પરદેશી અસરો પણ ભળી અને એ પછી સંગીત વિષે રચાએલા ઉર્દૂ ફારસી ગ્રંથોમાં રજૂ થએલી ઠાઠ પદ્ધતિને આપણે શુદ્ધ ભારતીય સંગીત તરીકે કેવી રીતે પ્રમાણભૂત ગણી શકીએ? (ચાલુ)

મહાતેજસ્વી કહી શકાય તેવા જે ગણ્યા-ગાંઠ્યા રાજાધિરાજો હિંદુસ્તાન પર અમલ કરી ગયા તેમાંના એક વિશિષ્ટ પ્રકાશમાન તેજોરાશિ શાહનશાહ અકબરના જન્મને ગઈ તા. ૨૩મી નવેમ્બરે ૪૨૫ વર્ષ પૂરાં થયાં. પોતાની અનોખી આર્ષદૃષ્ટિ વડે હિંદી સામ્રાજ્યનું નવઘડતર કરવાનું મહાકાર્ય આરંભી મુઘલ સલ્તનતના ઊંડા પાયા નાખનાર એ ચક્રવર્તી રાજવીની ૪૦૦મી જયંતી વખતે પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં આવેલી એની આછોતરી ચરિત્રરેખા અહીં તારવીએ :

હિંદના મધ્યકાળના ઐતિહાસિક પુરુષોમાં શાહ અકબર જેટલું લોકપ્રિય પાત્ર કોઈક જ હશે. જગતના મહાન રાજકર્તાઓમાં તેનું નામ સીઝર ને નેપોલિયન જેવાની પંક્તિઓમાં ઝળકે એટલું પ્રકાશ્યું છે.

ઇંગ્લંડમાં રાણી ઇલિઝાબેથ પ્રજામાં નવી જાગૃતિ પૂરી એકતાની સાંકળો દૃઢ કરી રહી હતી તે જ વખતે અહીં અકબરે તેના યુદ્ધપરસ્ત વડવાઓની પ્રણાલિ છોડી સકળ હિંદુસ્તાનને પોતાનું વતન બનાવી તેની પ્રજાને લોહીથી અને સંસ્કારથી એક બનાવવા પોતાના શાસનનું સર્વ બળ ને સમૃદ્ધિ રેલાવ્યાં. એની રાજ્યકારકિર્દીએ હિંદુસ્તાનને એક જ મધ્યસ્થ સંસ્થાની દૃઢ સાંકળે ગૂંથ્યું. એક સિક્કો, એક કાયદો અને તમામ રૈયત માટે એકસરખો ઈન્સાફ જોવાનો મળ્યો. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, જૈન કે શીખ સર્વે ધર્મશાસ્ત્રો વિરોધ વગર પોતાના વિચારો પ્રચાર કરી શકતા. એ સમયની મહેસૂલપદ્ધતિ તથા હિંદની ચાલુ ભાષાઓ ને ફારસીના મિશ્રણથી બનેલી ઉર્દૂ ભાષા છેક આજ સુધી ટકી શકવા જેટલી દૃઢ અને સુગમ બની રહી.

એના પ્રધાનમંડળમાં રાજા બીરબલ, રાજા તોડરમલ્લ, રાજા માનસિંહ, તાનસેન ને કવિ ગંગ જેવાં હિંદી રત્નો ઉચ્ચાધિકારે શોભતાં હતાં. કબીરજી અને નાનકના પંથ ધાર્મિક મતમતાંતરોને ભજન અને લોકવાણીના માર્જનથી હઠાવી રહ્યા હતા ને બનારસના ઘાટ પર મહાકવિ તુલસીદાસજી ભારતનો સુવર્ણગ્રંથ રામાયણ વ્રજભાષામાં ઉતારી આર્યધર્મના સંસ્કાર ઊંડા રોપી રહ્યા હતા.

અકબરના દાદા બાબરમાં સાહસ, પરાક્રમ ને ઉદારતા તથા કવિતા ને રસિક્તા હતાં. તેણે પંજાબ ને દિલ્હીના રાજ્યકર્તા અફઘાનોની જડ કાઢી નાખી શાહનશાહત હાથ કરી, પણ તે પરદેશી જ રહ્યો. તેના પુત્ર હુમાયુને બિહારના સુબા શેર અફઘાને નસાડીને દિલ્હીનું તખ્ત હાથ કર્યું. હુમાયુ પંદર વર્ષની પોતાની ગર્ભવતી બેગમ હમીદાને લઈ સિંધના રણમાં નાસી ગયો. ત્યાં ઉમરકોટના હિંદુ રાજા રાણા પ્રસાદને આશ્રયે બેગમને મૂકી દુશ્મનોના ભયથી એણે રણમાં છુપાતા ભટકવા માંડ્યું.

ઈ. ૧૫૪૨ની ૨૩મી નવેમ્બરે હમીદા બેગમે એક સુંદર શાહજાદાને જન્મ આપ્યો. હુમાયુ બેગમને લઈ ઇરાનના શાહ તમાસ્પને આશ્રયે જઈ રહ્યો. એની મદદથી હુમાયુએ કંદહાર લીધું અને કાબુલ આવ્યો. બાળક અકબર, નોકર જોહરના વાલીપણા નીચે ઊછરતો હતો. નવ વર્ષ ત્યાં રહી તેણે હિંદુસ્તાન પાછું લેવા લશ્કર એકઠું કર્યું અને પોતાના વારસદારની તાલીમ પર ધ્યાન આપ્યું.

પણ અકબર લખતાંવાંચતાં ન જ શીખ્યો. બહાદુરી અને તોફાન સિવાય કશું તેને રુચતું નહિ. ઘોડાં, કૂતરાં અને કબૂતરનો તેને બેહદ શૉખ હતો. સવારી, પોલો ને તલવારપટામાં તેની કાબેલિયત ઉચ્ચ પ્રકારની જામી અને નિશાનબાજીમાં તે એક્કો થયો. છતાં સાહિત્ય પ્રત્યેનાં તેનાં આદર કે પ્રીતિ, બીજા રમતિયાળોની જેમ ગુમ થઈ ગયાં નહોતાં. કોઈ વાંચે કે કહી સંભળાવે તે ઘણા રસથી એ સાંભળતો અને ફારસીની અનેક કવિતાઓ તેને મુખપાઠે થઈ ગઈ હતી. ઈરાનના મીર સૈયદઅલી ને અબ્દુસ્સમદ નામે બે નામીચા ચિત્રકારો પાસેથી ચિત્રકામ પણ શીખી લીધું હતું.

ઈ. ૧૫૫૫માં બહેરામખાં નામના બહાદુર સેનાપતિસાથે હુમાયુ પંજાબ પર ત્રાટક્યો, લાહોર કબજે કર્યું અને દિલ્હી પણ લીધું. ઈ. ૧૫૫૬માં હુમાયુ સીડી પરથી લપસી પડતાં મરણ પામ્યો અને અકબરને માત્ર ચૌદ વર્ષની નાની ઉંમરે રાજ્યાધિકાર સંભાળવો પડ્યો. તેણે બહેરામખાંની મદદથી બધા અફઘાન શત્રુઓને પરાસ્ત કર્યા. હજી તેની તાલીમ ચાલુ જ હતી. શરીરની તાકાત અને શક્તિઓ બઢાવવામાં તે એક્કો હતો; પણ ભણે એ બીજા! ઉસ્તાદો વાંચે અને શાહ સાંભળી લે! પણ તે મર્દાનગીનો એકે પ્રસંગ ચૂકતો નહિ. સમયસૂચકતા, હિંમત ને



અકબર · પ્રૌઢ વયે.
લંડનની ઇન્ડિયા ઑફિસમાંના જૉન્સન સંગ્રહમાંના એક આલેખન પરથી

અંગચાપલ્યના કેટલા યે પ્રસંગો તેના જીવનમાં નોંધાયા છે. વિચારશીલ ને ચિંતક અકબરમાં આવી સાહસિકવૃત્તિ હોવાનું કારણ તેણે પોતે જ પ્રકટ કર્યું છે. વખતોવખત તેને આસપાસના અજ્ઞાની અને જડ બુદ્ધિના લોકસમુદાય તથા રૂઢિચુસ્ત વિદ્વાનો અને પંડિતો તેમજ આચાર્યોને જોઈ સંસાર પર કંટાળો આવતો. તેની સાર્વભૌમ એકતાની ભાવનાની કોઈ કદર કરી શકતું નહિ ત્યારે તેને એકાન્તની ઉદાસીનતા આવતી ને ખુદાને પોતાની હયાતીની જરૂર નહિ હોય તો પોતાને ખેંચી લેશે એવા ખયાલથી તે મોતનાં જોખમો ખેડી ખાતરી કરી લેતો કે હજુ મારી પાસે કાંઈક કાર્ય કરાવવાની તેની મરજી છે.

અકબરને જનતા અને રાજ્યની સલામતી માટે ઘણાં ઘાતકી કર્મો કરવાં પડયાંનો દોષ દેવાય છે. પણ ખરું જોતાં તે માતાપક્ષ અને પિતાપક્ષ તરફથી જંગીસખાન ને તૈમુર જેવા બે ભયંકર સંહારકોનું લોહી તેની નસોમાં ઊતર્યું હોવા છતાં એની દયાળુતા અને માનવપ્રેમ આશ્ચર્યકારક હતાં. જે કાંઈ સજાઓ તેને કરવી પડી તે એ યુગની રાજ્યનીતિ ખાતર કરવી પડેલી. રાજ્યસત્તા મજબૂત થઈ કે તરત તેણે લડાઇમાં જિતાએલી પ્રજાને ગુલામ તરીકે કેદ પકડવાનું બંધ કરાવ્યું ફાંસીની સજાનો અમલ પણ બે વખત શાહી મંજૂરી મળે ત્યારે જ તે સજાનો અમલ થતો.

અન્ય મુસ્લિમ વિજેતાઓએ હિંદુસ્તાનને પોતાનું માન્યું ન હતું. અકબરે તેને વતન બનાવ્યું ને નવી મુઘલ સંસ્કૃતિનો પાયો નાખ્યો. રૈયતમાં એક્તા લાવવા તેણે હિંદુ રાજકુમારીઓ સાથે પોતાનો અને પોતાના પુત્રોનો લગ્નસંબંધ બાંધ્યો અને તેઓ જીવી ત્યાં સુધી તેમની પૂજા, યજ્ઞો, દાનધર્મ વગેરે ચાલુ રહેવા દીધાં. પોતે ચાર વખત નમાઝ પઢતો, પરંતુ દરેક ધર્મની ચર્ચા કરી તેના સારા અંશો અપનાવતો. તેણે પારસી ધર્મનો પવિત્ર અગ્નિ પોતાના રાજમહેલમાં પ્રકટાવ્યો

અને તેનું રક્ષણ અબુલ ફઝલને સોંપ્યું. પોતે રોજ સૂર્યને નમસ્કાર કરતો, પહેરવેશ રાજપૂતો જેવો રાખતો ને પરમાત્મા પ્રતિ પોતે પ્રજામાત્રનો પ્રતિનિધિ બનવા ઉતેજાર રહેતો.

મહાન કલાસંસ્થાપક તરીકે તો અકબરશાહનું નામ કદી નહિ વિસરાય. હિંદના જુદા-જુદા પ્રાંતોમાંથી,રાજસ્થાનમાંથીનેગુજરાતમાંથી નામીચા કલાકારોને તેણે એકઠા કરીને 'મુઘલ કળા'ને નામે પ્રખ્યાત થએલી નવી શૈલીનો આવિષ્કાર કર્યો.

રાજકારભારની અનેક વિગતો અને પ્રમાદની વચ્ચે પણ તેણે સિક્રી પાસે પોતાની કલ્પના પ્રમાણેનું આદર્શ નગર ફતેહપુર બંધાવી હિંદની સ્થાપત્યની સૃષ્ટિને સમૃદ્ધ કરી દીધી છે. ઘણાં વર્ષો સુધી ત્યાં જાહોજલાલીની છોળ રહી હતી. કેટલાક પરદેશીઓએ તેને ત્યારના લંડન કરતાં પણ મોટું કહ્યું છે.

અકબર પોતે ભલે નિરક્ષર હોવા છતાં તેનો સાહિત્યપ્રેમ જરા યે ઓછો ન હતો. રામાયણ, મહાભારત, કથાસરિત્સાગર, પંચતંત્ર, ઉપનિષદો વગેરે અનેક ગ્રંથો તેણે ફારસીમાં ઉતરાવ્યા અને મુઘલ ચિતારાઓ પાસે તેને રંગબેરંગી ચિત્રો અને હાંસિયા વચ્ચે સુંદર મરોડે લખાવ્યા. આવા ૨૪,૦૦૦ ગ્રંથો એણે તૈયાર કરાવ્યા હતા.

હજી વીસ વર્ષ નહોતાં થયાં ત્યારથી અકબરશાહ રાત્રે નગરચર્યા માટે નીકળી પડતો. યાત્રાઓમાં, સંઘોમાં અને બજારોમાં ફરીફરી પ્રજાનાં સુખદુઃખ અને અધિકારીઓના ગુણ-અવગુણને તે સમજી લેતો. એકલપંડે દસ માણસનું કામ કરવાની શક્તિ તેનામાં હતી. તેણે આખા રાજ્યમાંથી તીર્થવેરા રદ કરી કરોડો રૂપિયાની રાજ્યની આમદાની જતી કરી. અને પ્રત્યેક પુખ્ત હિંદુ દીઠ લેવાતો જજિયાવેરો માફ કરી દીધો. બાપદાદાના સૈકાઓ વખતના રિવાજ પર ને રાજ્યની આવક પર આમ મોટો કુહાડો મારનારનું અંતઃકરણ કેટલું સંકલ્પનિષ્ઠ અને સચેત હશે! અને આ કામો તો તેણે માત્ર ૨૨ વર્ષની વયે કર્યાં.

પણ આખરના દિવસોમાં તે પોતાની સંતતિથી બહુ સંતાપ પામ્યો. સલીમે કેટલી યે વાર સ્વતંત્ર થવા પ્રયત્નો કર્યા, અને તેણે અબુલ ફઝલનું ખૂન કરાવ્યું ત્યારે તો અકબરને અકથ્ય દુઃખ થયું. પણ શાહની છેવટની ઘડીએ સલીમ ખૂબ પશ્ચાત્તાપપૂર્વક પિતાને શરણ ગયો. પુત્રવત્સલ પિતાએ પણ મૃત્યુને બિછાનેથી તેને પોતાની પાઘ ને તલવાર બંધાવ્યાં.

ઈ. ૧૬૦૫ની ૨૭મી ઑક્ટોબરે આ મહાન આત્મા ખુદાતાલાને શરણે ગયો.

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૪૨૪થી

પડશે. એવાં પુસ્તકો બધે મળતાં નથી.

ઘણા વાચકો પત્ર ન લખે તેથી 'એમાં કોઇને રસ નથી અને એ નિરુપયોગી છે' એમ માની ન લેવાની વિનંતી કરું છું.

(ભાવનગર) —અવિનાશ પ્ર. ચાંદુરકર

અંક ૫૨૪માં ડૉ. જીવરાજભાઈની સાચી અને સુયોગ્ય પ્રશંસા કરી છે. એમનું એક નાનકડું સંસ્મરણ મોકલું છું.

ઑગસ્ટ ૧૯૨૦: સિંધિયા કંપનીની 'લૉયલ્ટી' બોટ ઇંગ્લંડની બીજી સફર કરતી હતી. તે ઉપર હતા સર પ્રફુલ્લચન્દ્ર રૉય, મેઘનાદ સાહા, ડૉ. ભટનાગર, એક નાનકડું ગુજરાતી મંડળ અને ડૉ. જીવરાજ. વધારામાં, હિન્દી નોકરીમાંથી ફારેગ થઈ વિલાયત પાછું ફરતું ગોરા પેન્શનરોનું એક જૂથ પણ હતું. મધદરિયે એક ગુજરાતી પરિણીત યુવતીની હલકી ઠેકડીઓ કરવા આ ગોરું જૂથ પ્રવૃત્ત થયું. ગુજરાતી મંડળ સકારણ છંછેડાયું. જીવરાજભાઇને પૂછતાં 'રાત્રે વારાફરતી જાગ્રત રહી, ગોરાઓને વધારે નાદાનિયત કરતાં રોકવા' નક્કી થયું. ગોરાઓ હાર્યા, એટલે સંતલસ કરી કે પોતાના સભ્યોની એક સભા ભરીને ઠરાવ પસાર કરવો, કે આ હિન્દી બોટ અને તેના સંચાલકો, આન્તરરાષ્ટ્રીય મુસાફરી કરતી પ્રવાસીબોટનાં જાણીતાં શિસ્ત સ્વચ્છતા કે સગવડ સાચવતાં નથી; અને તે ઠરાવની નકલ 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'ને મોકલવી. આ સંતલસની જાણ થતાં જીવરાજભાઈની સલાહ લેવામાં આવી. તેમણે સૂચવ્યું કે સામા જવાબ તરીકે હિન્દી પ્રવાસીઓની સભા ભરી હિન્દી વહાણો ઉપર ગોરા લોકોની ગેરશિસ્તભરી વર્તણૂક પ્રત્યે દુઃખ વ્યક્ત કરી, તેવી વર્તણૂક સામે સરકારનું ધ્યાન ખેંચતો ઠરાવ કરીને 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ને મોકલવો. ગોરાઓ આ નિર્ણયથી ઠંડા થઈ ગયા, અને આખી મુસાફરી દરમિયાન કોઈ પણ જાતની કનડગત ઉપસ્થિત થઈ નહિ.

(મુંબઈ) —રં. હ. પંડયા

ઑક્ટોબરના 'કુમાર'માં ડૉ. સાંકળિયાના ચરિત્રમાં 'સંખ્યાતથા ઈયત્તા ઉભય દૃષ્ટિએ…' એવો ઉલ્લેખ થયો છે. તેમાં પુનરુક્તિદોષ કે 'ઈયત્તા'ના અર્થની ગેરસમજ નથી જણાતી?

(અમદાવાદ) —પ્રકાશ ન. શાહ

[● અમને યે લાગેલું, પણ વિદ્વાન પરિચાયકે qualityના પ્રચલિત અર્થપર્યાય તરીકે વાપર્યો હોવાનું માની આશ્વાસન લીધેલું.]

ઑગસ્ટ અંકમાં કોઈએ પત્રમૈત્રી મંડળો વિષે પૂછેલું. એવી થોડી ક્લબોનાં સરનામાં:

(1) World's Linker Club, P. O. Box 103, Jamnagar India (2) International Penfriends Society, Post Box 3, Edogawn, Tokyo, Japan. (3) Nations' Leagueof Penfriends, 86 Theatre communication Bldg., Connaught Place, New Delhi–1. (4) Nr. Dong Hol Louis, 88/3 Ave. Nguyen Hue. Saigon. South Vietnam. (5) Mr. Raimo Kaarna, Signal International, Purokatu 18, Lathib, Finland. (6) International Friendship Leagus, 40 Mount Vernon Street, Beacon Hill, Boston–8. U. S. A. (7) Dr. Sven V. Knudsen, Penno. vennek lubben, Copanhagan. Denmark. (8) Mr. A. Coopmans, 1427 Chee Waver, Brusels–16. Belgium.

આ ક્લબોને IRC કે પૂરતું પોસ્ટેજ મોકલવાથી તુરત જવાબ મળે છે. નં. ૬ સિવાય બધાં મંડળો મૅગેઝીન પણ બહાર પાડે છે.

(જામનગર) —ચૈતન્ય તન્ના

'નવા ગગનની નીચે' જાણે કોઈ નવલકથા વાંચતા હોઇએ એવો રસપ્રદ વિભાગ છે. 'અતીતનાં પુષ્પો' પણ નગણ્ય નથી. એક વાત ખટકે છે: 'કલાઅંક' ગમે તેવો સમૃદ્ધ તૈયાર કરવા માટે પણ એક વરસ તો ના જ જોઈએ. તમે ૮-૯ માસ થયાં ક્ષમા માગ્યા કરો છો તે વાજબી નથી. કોઈ આ અંક માટે ગ્રાહક થયું હોય તેનું લવાજમ પૂરું થઈ જતાં સુધી માં પણ આ અંક તો પ્રાપ્ત કરી શકે તેમ લાગતું નથી.

—'કુમારપ્રેમી'

[● આપના જેવાની કલ્પનાઓ સમજીએ તો અમે પૂરું લવાજમ ન લેતાં ત્રણ રૂપિયા બાકી રાખ્યા છે.]

કલા-અંક હજુ સુધી પ્રગટ થઈ શક્યો નથી એ બાબતનો વસવસો આપ કરો છો તે મને બિલકુલ વાજબી નથી લાગતો. હા, એક વાર જાહેરાત કર્યા પછી ન બની શકે તેનો શોચ રહે; પણ મને તો 'કુમાર'નો દરેક અંક સમૃદ્ધ લાગે છે અને તે માટે 'કુમાર'ના એક વખતના લેખક તરીકે મને અભિમાન પણ છે.

(મોહોને-કલ્યાણ) —પદ્મકાંત ર. શાહ

માંદગી અને ઇજામાં પ્રાથમિક સારવારની લેખમાળા-૨

ડૉક્ટર આવતાં પહેલાં

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આવશ્યક શારીરિક જ્ઞાન

માંદગી અને ઇજા વખતે તાત્કાલિક શું કરવું શું ન કરવું એ જાણવા પહેલાં શરીરની રચના વિષે થોડુંઘણું જાણવું જરૂરી છે. આપણા શરીરમાં ૩૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦—ત્રણ હજાર અબજ કોષો ગીચોગીચ ગોઠવાયેલા છે. આ જીવંત કોષોના રક્ષણ માટે શરીર ઉપર ચામડી છે. કોષોના જીવન અને કામગીરી સારુ પાણી, ખોરાક અને પ્રાણવાયુ જોઈએ. આ માટે ચામડીના આવરણમાં નાક અને મોંનાં છિદ્રો છે. દુનિયાનું જ્ઞાન મેળવવા માટે આંખો, કાન, નાક ને જીભ છે અને શરીરનો કચરો બહાર ફેંકાઈ જવા માટે મળ-મૂત્રનાં દ્વાર તથા ચામડીનાં અપાર સૂક્ષ્મ છિદ્રો છે.

ચામડી

શરીરના કોષોને ઢાંકતી ચામડી મજબૂત, સ્થિતિસ્થાપક અને એની અંદર પાણી પ્રવેશી ન શકે એવી જલાભેદ્ય છે. સુંવાળી પણ ખરી. કેટલીક જગ્યાએ વધારે સુંવાળી તો કોક જગ્યાએ કરચલીવાળી છે.

ચામડીનાં બે પડ છે: ઉપરનું અને અંદરનું. ઉપરનું પડ સખત છે. એ વારંવાર ઘસાઇને ખરી પડી એની જગ્યાએ નવું પડ આવે છે. આ પડમાં લોહીની નળીઓ નથી એટલે એમાં ઘા પડ્યો હોય તો પણ લોહી નીકળતું નથી. પાની અને હથેળી જેવા વધુ ઘસારાના સ્થાને આ પડ જાડું છે.

ચામડીની અંદરના પડમાં વાળ અને નખનાં મૂળ, પરસેવાની ગ્રંથિઓ, મેદની ગ્રંથિઓ અને માંસપેશીઓ આવેલાં છે. અહીં લોહીની પુષ્કળ નળીઓ તથા જ્ઞાનતંતુઓ પણ પથરાએલાં છે.

બહારની ઇજા પમાડનારી વસ્તુઓથી તથા રોગજીવાણુઓને શરીરમાં પ્રવેશતાં અટકાવી ચામડી શરીરનું રક્ષણ કરે છે. ચામડીમાં ચીરો કે તડ પડે ત્યારે ત્યાંથી જીવાણુઓ શરીરમાં પ્રવેશ પામે છે. અકસ્માતથી થએલા ઘામાં જીવાણુઓ હાજર હોય છે. એમનો ચેપ વધતો અટકાવવા માટે ચામડી તૂટી હોય ત્યારે પ્રાથમિક સારવાર વખતે શુદ્ધ સ્વચ્છ પાટો બાંધવો જરૂરી છે.

ચામડીનું બીજું મહત્ત્વનું કામ શરીરની ગરમી જાળવવાનું છે. માંસપેશીઓની કામગીરીથી આપણે ખાધેલો ખોરાક બળી શરીરમાં ગરમી પેદા થાય છે માંસપેશીઓમાં પેદા થએલી આ ગરમી લોહી વાટે આખા શરીરમાં એકસરખી રીતે ફેલાય છે. તંદુરસ્ત શરીરની ગરમી ૯૮·૬ અંશ ફેરનહાઇટ હોય છે.

માંસપેશીઓની વધારે કામગીરીથી શરીરમાં વધુ ગરમી પેદા થાય છે. એ વધારાની ગરમીનો નિકાલ ન થાય તો આપણે સતત તાપથી ધીખ્યા કરીએ. આનાથી નુકસાન થાય છે. શરીરના કોષો એકધારા ઉષ્મામાને રહેવા ટેવાએલા હોઈ એમાં અંતિમ વધારો કે ઘટાડો ભયપ્રદ છે. થોડા કલાક સુધી સતત રહેલો વધારે તાવ મગજમાં બગાડો ઊભો કરે છે, તો ઠંડું પડેલું શરીર બેભાનાવસ્થા ને મૃત્યાવસ્થામાં આવી પડે છે.

મગજમાંનું ઉસ્માક્રમ નિયામક (થર્મોસ્ટૅટ) કેન્દ્ર શરીરની ગરમીનું પ્રમાણ સાચવે છે. વધેલી ગરમી નિવારવા માટે ચામડીમાં આવેલી લોહીની નળીઓ પહોળી થઈ એમાં વધારે લોહી આવી ભરાય છે. આથી ચામડી રાતી બને છે. તાવ કે કસરત વખતે આવું થતું જોવામાં આવે છે. આ વખતે વાતાવરણની હવા લોહી કરતાં ઠંડી હોવાથી લોહીની ગરમી ચામડી વાટે બહાર પડે છે.

જો વાતાવરણની હવા ગરમ હોય તો લોહીની ગરમી બહાર ફેંકાતી નથી. તે વખતે ચામડીમાં આવેલી પરસેવાની ગ્રંથિઓ કામે વળગે છે. આથી પરસેવો થાય છે. પરસેવો એ લોહીમાંનું પાણી છે. પરસેવા સામે લોહીની ગરમી ઘટે છે. પુષ્કળ તાવ વખતે માથા ઉપર મૂકાતાં ઠંડાં પોતાંથી ભીનાશ ઊડી જવાનું પ્રમાણ વધી તાવની ગરમી હલકી પડે છે.

શરીર ઠંડું પડતાં ગરમી જાળવવા માટે ચામડીની લોહીની નળીઓ સંકોચાય છે. જેથી ત્યાં ઓછું લોહી વહે છે. આઘાત વખતે ચામડી પાસે લોહીનું પ્રમાણ ઘટવાથી રોગીને ટાઢ વાય છે. આ વખતે શરીરની ગરમી જાળવવા તેને ગરમ ધાબળા ઓઢાડવા જરૂરી છે.

હાડકાં

આપણા શરીરના ઘણા ભાગો પોચા અને વાદળીના લોચા જેવા છે. એમને યોગ્ય સ્થાને રાખી શરીર ઊભું રાખવા ને તેનો ઘાટ જાળવવા હાડકાંની ગોઠવણી છે.

હાડકાંનું એક કામ શરીરને ટેકો આપવાનું છે, તો બીજું કામ અવયવોનું રક્ષણ કરવાનું છે. મગજ હૃદય અને ફેફસાં શરીરનાં મુખ્ય અવયવો છે. વાગવાથી કે પડવાથી જો એમને કંઈ ઇજા થાય તો મરણ પણ આવી પડે એટલે કુદરતે એમને હાડકાંની મજબૂત પેટીઓમાં ગોઠવ્યાં છે. ચારેકોર મજબૂત એવી ખોપરીની પેટીમાં મગજ, પાંસળીઓના પિંજરમાં હૃદય અને ફેફસાં, હાડકાની બખોલમાં આંખ કાન જીભ અને નાક તથા કરોડના મણકામાં કરોડરજ્જુ જેવું નાજુક અવયવ રક્ષણ પામે છે.

વળી, હાડકાંને લીધે આપણે હલનચલન કરી શકીએ છીએ. એ માટે હાડકાં એકબીજા સાથે જોડાયેલાં છે. માનવશરીરમાં નાનાં-મોટાં મળીને આશરે ૨૭૦ હાડકાં છે. જોડાએલાં હાડકાંના સમગ્ર માળખાને હાડપિંજર કહે છે.

હાડકાં જુદાંજુદાં ઘાટ અને આકારનાં છે. હાથપગનાં હાડકાં લાંબાં અને ગોળાકાર છે, તો થાપા અને ખોપરીનાં હાડકાં ચપટાં છે. કાંડા અને ઘૂંટીનાં હાડકાં ટૂંકાં છે તો કરોડ અને મોઢાનાં હાડકાંના આકાર જુદા જ છે.

હાડકાં કોલોજન અને કૅલ્શ્યમ એ બે પદાર્થોનાં બનેલાં છે. આ ઉપરાંત એમાં ૨૫ ટકા પાણી પણ છે. વળી, શરીર હલકું રહે અને વધારે જોર કરી શકે એ માટે હાડકાં નક્કર નહિ પણ પોલાં છે.

નાનાં બાળકોનાં હાડકાં નરમ હોય છે. બાળકનાં હાડકાં ઝટ ભાંગતાં નથી અને ભાંગે છે તો તે જલદી સંધાઈ જાય છે. ઉંમર વધતાં એમાં કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનું પ્રમાણ વધી એની સખ્તાઈ વધે છે. આ પદાર્થો આપણા ખોરાકમાંથી લોહી વાટે હાડકાંમાં આવે છે. પ્રૌઢ માણસનાં હાડકાંમાં થોડા જીવંત કોષો ને વધારે કઠણાશ હોવાથી સૂકાં ને વધારે બરડ બને છે. આથી તે જલદી ભાંગે છે ને મુશ્કેલીથી સંધાય છે.

ખોપરીમાં સ્થિર એવાં એકબીજા સાથે જોડાએલાં આઠ હાડકાં છે. ચહેરાના ભાગમાં ચૌદ હાડકાં છે આમાંથી નીચલા જડબાં સિવાયનાં બધાં સ્થિર છે. નીચલું જડબું ઊંચુંનીચું હાલી શકે એવા મિજાગરાના જેવા સાંધાથી જોડાએલું છે.

ખોપરી છે તો સખત પણ પછડાટથી કે ઘાથી એમાં ચીરો પડે છે. ચીરો ન પડે તો ઘાના ધક્કાથી મગજમાં ઈજા થઈ સોજો આવે છે. આ સોજાને સમાવવા માટે ખોપરીમાં જગ્યા નથી એટલે દબાણ વધવાથી બેભાનાવસ્થા કે મૃત્યુ આવી પડે છે.

ધડના ભાગમાં આગળ છાતીનું હાડકું, પડખે પાંસળીઓ, પાછળ કરોડ અને નીચે બસ્તિપ્રદેશનો માળો છે. ધડની બખોલમાં આડો-પાતળો ઉદરપટલ નામનો પડદો હોવાથી એ બખોલના બે ભાગ પડે છે છાતીની બખોલમાં હૃદય અને ફેફસાં આવેલાં છે અને નીચે પેટના પોલાણમાં હોજરી, કલેજું, બરોળ, મૂત્રપિંડો, આંતરડાં અને બસ્તિ-પ્રદેશનાં અવયવો આવેલાં છે.

કરોડમાં કરોડરજ્જુ આવેલી છે કરોડરજ્જુ એ મગજનો લાંબો વધેલો પૂછડી જેવો ભાગ છે. કરોડ શરીરના હલનચલનમાં મોટો ભાગ ભજવે છે. પુખ્ત વયના માનવીમાં ઉપલા ૨૪ મણકા છૂટા રહી નીચેના નવ મણકા જોડાઈને બે હાડકાં બન્યાં હોય છે. આમાં ઉપરનું હાડકું 'ત્રિકોણાસ્થિ' અને નીચેનું પૂછડી જેવું 'ગુદાસ્થિ' કહેવાય છે.

અકસ્માતથી કરોડ તૂટતાં કરોડરજ્જુને ઈજા પહોંચે છે. આથી બરડામાં વાગેલા આદમીને ખસેડવામાં ખૂબ સાવચેતી રાખવી જોઈએ.


છાતીનાં આગલાં હાડકાંને ઉરોસ્થિ કહે છે. એના ઉપલા છેડે બન્ને બાજુએ હાંસડીનાં બે હાડકાં જોડાએલાં છે. એની દરેક બાજુએ સાત પાંસળીઓ જોડાએલી છે. બાકીની ત્રણ પાંસળીઓ આગળની પાંસળી સાથે જોડાએલી છે. જ્યારે છેલ્લી બે આગળથી જોડાયા વિનાની છુટ્ટી છે, તે પાછળથી કરોડ સાથે જોડાએલી છે.

પહોળા વાટકા ઘાટનો બસ્તિપ્રદેશ ચાર હાડકાંનો બનેલો છે. આગળ અને પડખે બે થાપાનાં હાડકાં અને પાછળ કરોડનાં ત્રિકોણાસ્થિ ને ગુદાસ્થિ હાડકાંમાં મૂત્રાશય આવેલું છે બસ્તિપ્રદેશનાં હાડકાં ભાંગે તે વખતે મૂત્રાશયને ઈજા પહોંચવાથી ગંભીર અકસ્માત આવી પડે છે.

હાથપગનાં હાડકાંની ગોઠવણી એક સરખી છે. પ્રથમ એક હાડકું, એને જોડાયેલાં બે હાડકાં, એને વળી જોડાએલાં ઘણાં હાડકાં. હાથનું ઉપરનું હાડકું (હ્યુમરસ), ખભાનાં હાડકાંના છીછરા પોલાણમાં ગોઠવાયેલું છે આ સાંધાની રચના એવી તો ઢીલી અને છુટ્ટી છે કે તે હાડકું સહેલાઈથી ઊતરી (ખસી) જાય છે.

હાથની જેમ પગ છૂટથી હાલતા નથી શરીરનું વજન ઊંચકતા પગ માફકસરના હલનચલન માટે નક્કી થયેલા છે. થાપાનાં હાડકાંની બખોલમાં જાંઘના હાડકાંનો ગોળ ભાગ મજબૂત રીતે ગોઠવાએલો છે. જાંઘનું હાડકું નીચેથી પહોળું બની ઘૂંટણના સાંધામાં ભાગ લે છે. ઘૂંટણનો સાંધો ઢાંકણી વડે રક્ષાએલો છે.

બે કે ત્રણ હાડકાં એકઠાં મળે ત્યાં સાંધો બને છે. સાંધા બે પ્રકારના છે સ્થિર અને હલતા. ખોપરીના સાંધા સ્થિર છે, જ્યારે હાથ-પગના સાંધાઓ હાલતા છે. હાલતા સાંધાઓને મજબૂત સંધિબંધનો ઘેરી વળેલા છે. એકબીજા સાથે જોડાએલાં હાડકાંના છેડાઓ ઉપર કૂર્ચા હોય છે. કૂર્ચા ઉપર પાતળું આવરણ છે. એમાંથી ઇંડાની સફેદી જેવો પદાર્થ ઝરે છે. આના લીધે સાંધાઓમાં ચીકાશ રહે છે. જેથી ચાલતી વખતે ઘસાતાં એમાં ઘર્ષણ કે ચડડ અવાજ થતો નથી. જ્યારે ઈજાથી સાંધો અથડાતાં કે મચકોડાતાં સંધિબંધનો તણાય કે તૂટે છે. તે વખતે મચકોડ (સ્પ્રેઈન)ની સ્થિતિ આવી પડે છે. સાંધામાંથી હાડકું ખસી આવે તે હાડકું ઊતરી ગએલું (ડિસલોકેશન) કહેવામાં આવે છે.



માનવીનું હાડપિંજર

૧. ખોપરી, ૨. નીચલું જડબું, ૩. ખભાનાં હાડકાં. ૪, ઉરોસ્થિ, ૫. પાંસળીઓ, ૬. ભુજાસ્થિ, ૭, રેડિયસ, ૮. અલ્ના, ૯. કરોડ, ૧૦. કટિબંધનાં હાડકાં, ૧૧. ત્રિકાસ્થિ, ૧૨. જંઘાસ્થિ, ૧૩. ઘૂંટણની ઢાંકણી, ૧૪. ટિબિયા ને ૧૫. ફિબ્યુલા. અને આ ઉપરાંત નાનાં મોટાં મળીને આશરે ૨૦૭ હાડકાં માનવશરીરના માળખાને ઘાટ તથા ટેકો આપે છે.

હાડકાંનું હલનચલન માંસપેશીઓને લીધે થાય છે. માંસપેશીઓના મજબૂત છેડાઓ સ્નાયુબંધન (ટેન્ડન) કહેવાય છે. તે હાડકાં સાથે જોડાએલાં રહે છે. માંસપેશીઓનો એક છેડો એક હાડકા સાથે તો બીજો છેડો બીજા હાડકાને જોડાએલો રહે છે. આથી માંસપેશી સંકોચાતાં બે હાડકાં પાસે આવે છે અને બે હાડકાંનો બનેલો સાંધો ધરીરૂપ બને છે. હાડકાં સાથે જોડાએલી માંસપેશીઓ ઐચ્છિક કહેવાય છે, કારણ કે તે આપણી મરજી મુજબ સંકોચાય છે. જ્યારે હૃદય, હોજરી, આંતરડાં વગેરેની માંસપેશીઓ અનૈચ્છિક છે. (ચાલુ)

* જુઓ આ અંકમાં 'કાયાની કરામત' ચિત્રબોધ.

અનુસંધાન] સુવર્ણ મેરુ [પૃ. ૪૩૩થી

ફાવે તેમ સૌએ દોટ મૂકી. વેપારીઓએ વેપાર છોડયો, પાદરીઓએ દેવળ ત્યજ્યાં, સૈનિકોએ શસ્ત્રો હેઠાં મૂક્યાં. તેમને પકડવા જે કોઈ જતા તે પણ લૂંટમાં સામેલ થઈ જતા! બંદરમાં લાંગરતાં વહાણોના નાવિકો, માલ ઉતારવાનું છોડી, સોનું ખોદવા ચાલ્યા જાય છે!

તીડનાં ટોળાંની જેમ ધસી રહેલા એ મનુષ્યપ્રવાહને રોકવાનું સામર્થ્ય, પ્રદેશના કાયદા કે શાસનમાં રહ્યું નથી. સુવર્ણની ઘેલછાવાળા લોકો કોઈની સત્તા સ્વીકારવા તૈયાર નથી. બધાં જ અહીં પહેરેલે કપડે આવ્યાં હોવાથી પોતાની અન્ય જરૂરિયાતો સંતોષવા સટરની વસાહતમાં ખાંખાંખોળાં કરે છે, મનમાની લૂંટ ચલાવે છે અને અડ્ડા જમાવે છે. અનાજ, કપડાંલત્તાં, ફળફૂલ, શાકભાજી, બધું જ ઉઠાવી જાય છે; કોઠારો તથા ગોડાઉનો ખાલીખમ કરી મૂકે છે: જાણે કે યોહાન સટરનું અહીં કાંઈ નથી—બધું જ સમષ્ટિનું છે! સુવર્ણ પણ તેનું રહ્યું નથી, કેમ કે દરરોજ સેંકડોની સંખ્યામાં ઊતરી પડતાં માનવીઓ, સુવર્ણ ઉપરનો પોતાનો અધિકાર જાણે પોતાની સાથે જ લાવ્યાં છે! સટરનાં ગાય બળદ ભેંશની પણ આ લોકો કતલ કરી જ્યાફત ઉડાવે છે! માઈલોના માઈલો સુધી પથરાએલાં ખેતરો સાફ થઈ જાય છે; ઝૂંપડાં, તબેલા અને રહેણાક મકાનોમાં નવાં આગંતુકો પગદંડા જમાવે છે; કારખાનાંમાંથી ઓજારો મશીનો ચોરાઈ જાય છે તદ્દન લાચાર સ્થિતિમાં આવી પડેલો યોહાન સટર આંખના પલકારામાં રસ્તે રઝળતો ભિખારી બની જાય છે. હવે તો દુનિયાભરમાંથી અને દેશદેશાવરમાંથી લોકસમૂહ ઊભરાવા લાગે છે. ન્યૂ યૉર્કથી સો વહાણો ભરાઈને જંગી કાફલો કૅલિફોર્નિયા જવા રવાના થાય છે.

જેમજેમ સમય જતો ગયો, તેમ તેમ જર્મની, ફ્રાન્સ, બ્રિટન ને સ્પેઈનથી સાહસિકોની ટુકડીઓ આવવા લાગી, ને ૧૮૪૮થી ૧૮૫૧-ના ગાળામાં તો અર્ધું યુરોપ ખાલી થઈ ચૂક્યું. ઘણાએ કેઈપ હૉર્નનો રસ્તો લીધો. તો વળી કેટલાક પનામાની સામુદ્રધુની ઓળંગીને આવ્યા આગંતુકોનો ધસારો એટલો થયો કે એક ખાનગી કંપનીએ તો પનામાના કાંઠાથી એક રેલવે લાઈન નાખવા માંડી. હજારો મજૂરો ત્યાં પીળા તાવથી મરણ પામ્યા. દસ્તાવેજની રૂએ જે જમીન સટરની હતી તેના પર અનેક દેશના, અનેક ભાષા બોલતા લોકોએ એક શહેર જ વસાવી દીધું: સેક્રેમેન્ટો. મૂળ ધણીને અભરાઈએ ચડાવી જમીનના, ખેતરોના ને મકાનના સોદા થવા લાગ્યા. ન્યૂ હેલ્વેશિયાનું નામ ભૂંસાઈ ગયું અને સટરની સમૃદ્ધિનું જાહેરમાં લિલામ થઈ ગયું!

સટરે વિચાર કર્યો કે સુવર્ણની આ ઘેલછા બહુ લાંબો વખત ચાલશે નહિ. તેણે પોતાનું રહેઠાણ પર્વતમાળાથી દૂર સુવર્ણપટ્ટીની પાર ફેરવ્યું અને પોતાનાં સ્ત્રીબાળકોને ત્યાં બોલાવી લીધાં. કમનસીબે, મુસાફરીની હાડમારીમાં તેની પત્નીનું અવસાન થયું. ત્રણ પુત્રોની મદદથી ફરી શ્રીગણેશાય કરી તેણે જમીન ખેડવા માંડી. તેઓ હવે ગણ્યાગાંઠ્યા હોવાથી ખૂબ ધીરજ અને જાતમહેનતથી પરસેવો પાડીને પાક લેવા માંડયો અને વખત જતાં સારું વળતર ને ઊપજ હાંસલ કર્યાં. ફરીથી તેણે એક પછી એક યોજનાઓ ઘડી ને બેત્રણ વર્ષમાં ઠીકઠીક સંપત્તિ એકઠી કરી. ઈ. ૧૮૫૦માં કૅલિફોર્નિયા યુનાઇટેડ સ્ટેટ્સનો એક ભાગ બનતાં, ત્યાં સલામતી અને કાયદાનું શાસન સ્થપાયું.

યોહાન સટરને હૈયે નિરાંત થઈ કે હવે કાયદાનું રાજ્ય આવ્યું. તેણે હવે નુકસાનીનો દાવો દાખલ કરવા તૈયારી કરી, કેમ કે બધા જ દસ્તાવેજોમાં, જે વસાહત તેણે આ ભૂમિ ઉપર રચી હતી તે, બક્ષિસ તરીકે મળ્યાનો ઉલ્લેખ હતો. તેનો કેસ ઘણો મજબૂત હતો. કાળા માથાનો માનવી જ્યાં પગ મૂકતાં ડરે ત્યાં લોહીનું પાણી કરી, પરસેવો પાડીને, જાતકમાઈથી તેણે એક સૃષ્ટિ ઊભી કરી હતી. તેને ખાતરી હતી કે અહીં ગેરકાયદે પ્રવેશ કરી ચૂકેલાને હાંકી કાઢવા, તેમજ પોતાની માલમિલકતને થએલા નુકસાન પેટે વળતર માગવા પોતે યુનાઇટેડ સ્ટેટ્સની સરકારને સમજાવી શકશે, એટલું જ નહિ પણ અહીંથી પ્રાપ્ત થતા સોનાના જથ્થા ઉપર પોતાની 'રૉયલ્ટી' પણ મેળવી શકશે.

યોહાન ઑગસ્ટ સટરના એ ઐતિહાસિક દાવાનો ઇતિહાસમાં જોટો નથી. તેમાં પોતાની જાગીરમાં ગેરકાયદે વસેલી ૧૭,૨૨૧ વ્યક્તિઓ સામે વસાહત ખાલી કરવાની માગણી હતી; કૅલિફોર્નિયામાં જાહેર હિતનાં બાંધકામો–જેવાં કે રસ્તા, પુલો, નહેરો, તળાવો ઇત્યાદિ માટે સ્થાનિક સરકાર વતી ભરવાના લાખો ડૉલરનો દાવો અમેરિકાની સરકાર ઉપર હતો; ઉપરાંત જે નુકસાની ગઈ તે ભરી આપવા, તેમજ 'રૉયલ્ટી' પેટે પણ અમુક રકમ ચૂકવી દેવા માટેની દાદ માગી હતી.

આ દાવો સટરના જીવનની ત્રીજી તક હતી. પહેલી બે તક તેને હાથતાળી આપીને જતી રહી હતી. પ્રથમ તક અહીંની ફળદ્રુપ જમીનમાં વિશાળ વસાહત સ્થાપી અને અઢળક આવક થવા લાગી પણ સોનું મળવાથી ગઈ; અને બીજી જે સુવર્ણરૂપે પ્રાપ્ત થઈ તે સોનાની જ શોધે તેને બેહાલ કરી મૂક્યો! હવે જો આ દાવો સફળ થાય તો ત્રીજી મહાન તક તેને ફળે. સમયની દૃષ્ટિએ જોઇએ, તો જમીનનાં જતન અને ખેડાણ પાછળ તેણે આઠ વર્ષ વીતાવ્યાં હતાં, સોના પાછળ એક વર્ષ વેડફ્યું હતું. પણ આ દાવા માટે તેને જિંદગીનો બાકીનો બધો અને વધુમાં વધુ સમય એટલે ત્રીસ વર્ષ આપવાં પડયાં.

મુકદ્દમો ચાલતો ગયો તેમતેમ કાયદાની અવનવી આંટીઘૂંટી ઊભી થતી ગઈ. મેક્સિકોની સરકારે જે છૂટછાટ તેને આપી હતી તે પોતાને બંધન કર્તા હોવાની અમેરિકાની સરકારે ના પાડી દીધી. બીજી મુશ્કેલી એ આવી કે સટરની વસાહતમાં આ દરમ્યાન બબ્બે ત્રણત્રણ માલિકો બદલાઈ ચૂક્યા હતા અને હજી યે લે-વેચ ચાલુ હતી પરિણામે સટરનો દાવો જો સ્વીકારાય તો બીજા સંખ્યાબંધ દાવા રજૂ થવાની શક્યતા હતી.

સટરના દાવાનો નિકાલ કરવા, કાયદાના ખેરખાંઓ અને કમિશનો અવારનવાર મળ્યાં ને વિખેરાયાં. અંતે ૧૮૫૫ની ૧૫મી મેએ કૅલિફૉર્નિયા રાજ્યના કાયદાપ્રધાને, સટરની મિલકતનો થોડોક ભાગ તેને બક્ષિસ તરીકે આપ્યો. આમ તેને અંશતઃ વિજય તો મળ્યો, પણ તે તેના નસીબમાંથી ઝૂંટવાઈ જવા માટે: તેની વસાહતમાં રહેનારાઓએ આ એકપક્ષી ચુકાદા સામે ઉહાપોહ કરીને અપીલ કરી.

ઈ. ૧૮૫૮માં સુપ્રીમ કોર્ટે કૅલિફોર્નિયાની અદાલતનો હુકમ રદ કર્યો, એટલું જ નહિ પણ સટરની વિરુદ્ધમાં એક બીજો ચુકાદો પણ આપ્યો કે જે જમીનનો તે દાવો કરે છે તેનો ¾ ભાગ ક્યારે ય તેના કબજામાં હતો નહિ. આથી એક ઘણી વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ. એક બાજુ વળતર માટેના તેના દાવા નકામા ઠરતા હતા, તો બીજી તરફ, જે પૈસા આ મિલકત ઉપર તેણે ધીરાણ લીધા હતા તેની ચૂકવણીનો સવાલ ઊભો જ રહેતો હતો. પરિણામે કોર્ટના જ ચુકાદાને આગળ ધરી, પોતે કરેલી પૈસાની લેવડદેવડને ગેરવાજબી ઠરાવવા, બીજા અનેક દાવા તેને માંડવા પડયા; અને આ બધા દાવા લડવા માટે કેવળ વકીલ ફીમાં જ તેના સવાત્રણ લાખ ડૉલર ખર્ચાઈ ગયા!

સટરના જીવનનાં છેલ્લાં પચીસ વર્ષ એક ભારે કરુણ ચિત્ર ઉપસાવી રહે છે. એક ઘરડો, ભગ્નહૃદયી પુરુષ ચીંથરેહાલ કપડાંમાં, વૉશિંગ્ટનના ન્યાયખાતાની ઈમારતમાં આમથી તેમ આંટા મારે છે. બધા જ તેને 'જનરલ'ના હુલામણા નામથી સંબોધે છે. તેની એક જ વાત છે કે લાખો ડૉલરના વળતરનો તેનો દાવો સંપૂર્ણ ન્યાયી અને વાજબી છે.

પૈસા કરતાં વધુ તો તે ઇન્સાફ માગે છે. હવે તેને સુવર્ણનો મોહ જરા યે નથી—જે સુવર્ણે તેના ભર્યા જીવનમાં આગ ચાંપી! જે કોઈ સામે મળે તેને રોકીને એક જ વાત કરે છે: 'હું ન્યાય મેળવીને જ જંપીશ!'

અમેરિકાની કોંગ્રેસ તથા સેનેટને તેણે અપીલ કરી. મુક્ત દુનિયાની અદાલતના ન્યાય-ઘંટનો દોર તેણે ખેંચ્યો અને દાદ માગી. અને નિરાશાના એ ઘનઘોર વાદળમાં ઈ. ૧૮૮૦ની સાલમાં એક રૂપેરી કિનાર દેખાઈ. સેનેટના મહાનુભાવોમાંથી કોઈકને આ બુઢ્ઢાની દયા આવી અને એક પરગજુ સેન્ટર કોંગ્રેસમાં દરખાસ્ત લઈ આવ્યા કે જે માણસે કૅલિફોર્નિયા પ્રાંતની આબાદી માટે જાત ઘસીને આટઆટલું કર્યું તેને વળતર તરીકે, ફૂલ નહિ તો ફૂલની પાંદડી તરીકે, પચાસ હજાર ડૉલર આપવા. આ દરખાસ્તને બહુ સારો ટેકો મળ્યો. પણ સટરના કમનસીબે, અમેરિકન ચૂંટણી માથે આવી હોવાથી, આ લાભદાયક દરખાસ્ત અચોક્કસ મુદત માટે મુલતવી રહી, અફસરમીનો પડિયો કાણો! રહીસહી એકમાત્ર આશા પણ નષ્ટ થઈ!

સટરની તબિયત ગંભીર રીતે લથડી પડી હતી અને છેલ્લા દિવસોમાં તો આશાના એક ક્ષીણ તંતુ પર તેનું જીવન ટકી રહ્યું હતું. તેમાં આ પ્રતિકૂળ સમાચાર મળ્યા, એટલે તે મગજનું સમતોલપણું ગુમાવી બેઠો. તેને જીવલેણ સન્નિપાત લાગુ પડ્યો, જેમાંથી તે કદી બેઠો થયો નહિ. અને આમ, ન્યાય મેળવવાની ધૂનમાં, કૅલિફોર્નિયા પ્રાંતની દોઢ લાખ એકર જમીનનો એક વખતનો ધણી, અબજોપતિ બનવાનું સ્વપ્ન સેવનાર વિરલ સાહસિક, અને કૉલોમા પરગણાના સુવર્ણનો સાચો હક્કદાર, જીવનની આખરી ક્ષણોમાં, હરકોઈ સામાન્ય માનવીની પેઠે, પોતાનાં બધાં જ અધૂરાં સ્વપ્નો અને અરમાનો સાથે, જીવનનું સમાધાન શોધવા, છ ફૂટની ધરતીમાં સમાઈ ગયો!

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃ. ૪૩૧થી

તુરત તેમને બહાર જઈ મૂળ સ્થાન અને રચનાઓના બીજા અનેક સ્કેચ લાવવા રવાના કરતા. સંયોજિત પાત્રોનાં આલેખો જીવંત પાત્રો પરથી ફરીફરી કરાવતા. દરેક જણે માત્ર એક જ ચિત્ર પર આ બધી મથામણો કરી હતી, પણ અગાઉ કશી કલ્પના કે જીવનદૃષ્ટિ પ્રાપ્ત કર્યા વિનાના આ વિદ્યાર્થીવૃંદની પાછળ લેવાએલી મહેનત અફળ ગઈ. તેઓમાં કેટલાક સરસ પાત્રાલેખન કરી જાણતા. હૂબહૂ પ્રતિચ્છવિ લાવી શકતા. તેમાંના કેટલાક ભૂદૃશ્યો, સાગરદૃશ્યો નગરદૃશ્યો, કે સ્થાપત્યદૃશ્યોમાં તો પ્રવીણ હતા, પણ ચિત્રનિર્માણ માટે જરૂરી સર્જનપ્રક્રિયાનો અભાવ હતો. આથી વર્ષની આખરે તેમાંનું એક પણ ચિત્ર પરિપૂર્ણ થયું નહિ! એ પછીનાં વર્ષોમાં બર્ન્સે કદી એવો ઉત્સાહ ફરી બતાવ્યો નહિ. આ દેશમાં યોગ્ય કલાશિક્ષકો નથી એવી છાપ એના મનમાં ઊભી થઈ ગઈ.

લાઈફ સ્ટડી (જીવંત પાત્રાલેખન)માં હમેશાં વસ્ત્રાચ્છાદિત ચિત્રો થતાં એટલે શરીરનાં અંગઉપાંગોની સાચી સમજ વિદ્યાર્થીઓમાં ઊતરતી જ નહિ તેમ જ બહારના જીવનમાં હીલચાલ અને પરિશ્રમ કરતા માનવદેહોમાં તેમની નજર ખૂંપતી નહિ. આવાં અનેક કારણોથી આ દેશના ચિત્રકારોનું માનવદેહનું જ્ઞાન ઉપરછલ્લું રહ્યું હતું. ભારતના પ્રાચીન કલાકારોની આ ક્ષેત્રમાં જે સંસિદ્ધિ છે તેનું કારણ તત્કાલીન વ્યવહારમાં ખુલ્લા માનવદેહનું સહજ થતું નિરીક્ષણ, પ્રબળ સ્મૃતિ અને સતત અભ્યાસ હોવાં જોઈએ

માધવરાવ જોશી વર્ગમાં બર્ન્સ સાહેબની રીતે ચિત્ર કરતાં અકળાયા હશે. તે રવિવર્મા પ્રેસના માલિકના કુટુંબના હતા, એટલે સાધનસંપન્ન ખરા. તેમણે ગમે તે રીતે એક વાર એક મોટી સ્કેચબુક શાળામાં બતાવેલી, તેમાં સંપૂર્ણ સુઘટિત અંગોવાળી નવયૌવનાનાં અભ્યાસપૂર્ણ નવસ્ત્ર આલેખો કર્યા હતાં. તે જ વર્ષે તેણે બૉમ્બે આર્ટ સોસાએટીમાં 'બાજીરાવ મસ્તાની'નું મોટું તૈલચિત્ર કરી સુવર્ણપદક મેળવ્યું. મહારાષ્ટ્રીય ચિત્રકારોની ચિત્રવિષયની પસંદગી રામાયણ, મહાભારત કે મરાઠા ઈતિહાસની બહાર ક્વચિત જ જતી. બંગાળી ચિત્રકારોએ બુદ્ધચરિત, મુઘલ ઇતિહાસ અને કંઈ અંશે ગ્રામજીવન સુધી પોતાની નજર વિસ્તારી હતી. છતાં વિલક્ષણ અપૂર્વ મનોભાવો, રંગની માધુરી, કે તેજસ્વી ચંચળ યા પ્રવાહી રેખાવલીદર્શન વિરલ હતાં. અજતા, મુઘલ કે રાજસ્થાની ચિત્રકળાને પ્રાથમિક સ્વરૂપની ચિત્રકળા માની તેની ઉપેક્ષા થતી અને જૈન કલ્પસૂત્રોને તો રૂઢ ગામઠી શૈલી ગણી લેવામાં આવી હતી. લંડન અને પારી(સ)ની અકાદમીઓ શું કરે છે તે પર જ ખયાલ બંધાતા, અને નવી ઉદય પામેલી બંગાળી ચિત્રપ્રણાલી તરફ તો મોં મચકોડાતાં. આવા અ-ભારતીય વાતાવરણમાં મારો અભ્યાસ ચાલતો હતો, તેમાં હાજી મહમ્મદ શેઠના પરિચયે મારા માટે કલ્પનાપ્રયોગોનું નવું દ્વાર ખોલી આપ્યું. (ચાલુ)

અનુસંધાન] **નવા ગગનની નીચે** [પૃ. ૪૩૫થી

લેઈન યાદ આવી ગયા. આ દેશ ને એના લોકો! પોતાની એકે ય રૂઢિ બદલવાના નહિ. નહિ જ ને! નહિતર આવી જૂની ઢબની બસો, ને જૂની ઢબના ટેલિફોન, ને જૂની ઢબનું...બધું જૂનું જૂનું જ શા માટે નભાવી રાખે? તેમનાથી થોડે જ અંતરે જ્યારે બધું જ નવું નવું સ્થપાઈ રહ્યું હોય ત્યારે? પણ એ વિચારનો અંત નહોતો. મારે ભાગ્યે તો હવે પછીના બાર દિવસ એ જૂની ઢબની બસ જ ટોકાએલી હતી. એમાં બેસી ગયો, તે વહેલું આવે...સ્ટૅપ્રમ.

આપણો ગુજરાતી ખોરાક મળ્યો. પણ એમ તો, હવે હું ટેવાતો જતો હતો તે ખોરાક પણ ખાસ ખરાબ નહોતો લાગતો હોં.

હવે પછીના લંડનના વાસના દિવસો દરમિયાન શું શું કરવું ને ક્યાં ક્યાં ફરવું તેનો વિચાર પથારીમાં પડ્યા પછી નિરાંતે કરવો હતો. આરામથી પથારીમાં દાખલ થયો. પણ ત્યાં તો ભયંકર ટાઢ નીકળી આવી! બધું ઓઢવાનું ગમે ત્યાં દબાવ્યું, પણ જંપ વળે જ નહિ. વિનોદ વસાનો જાડો ઓવરકોટ ને હાથનાં મોજાં મારણાં પર ટીંગાતાં હતાં. ચડાવી લીધાં. સોલ્જર જેવો બની ગયો. છતાં થોડી વાર એ ધાબળાઓ નીચે થથરતો રહ્યો. ક્યારે ઊંઘી ગયો હોઈશ તેની ખબરે ન પડી, એટલે મારી યોજનાઓ અણવિચારેલી જ રહી. (ચાલુ)

અનુસંધાન] **ભ્રમ** [પૃ. ૪૩૦થી

ઘેર આવું?' આંખો ચમકાવી પ્રફુલ્લ થઈને ઝરીના બોલે છે: 'ચાલ. અત્યારે જ.' હાથમાં હાથ નાખી અમે નીકળી પડીએ છીએ. પેલો કેવો ભ્રમ હતો, એમ થાય છે.

ઘેર નાની બેઠાં છે. મને જોઈ ખૂબ ખુશ થાય છે. એક બે મહિને મને મળ્યાં. લંડનમાં બીજાં કેટલાં ઘર હોય? એટલે એમને ઘણી વાર એકલું લાગે છે. મારા માથા પર હાથ મૂકી હમેશની માફક મારું બચપણ સંભારે છે. પછી ખૂબ વાતોએ ચડે છે. પોતે અને ઝરીનાની અમ્મી કેવાં એક હુલ્લડમાં ફસાઈ ગયાં હતાં વગેરે. એક આછો પડદો અમારી વચ્ચે ઊતરતો હોય એવું મને લાગે છે. પણ નાની વાત ટૂંકાવે છે: 'અબ્બાસ, તારા અબ્બાજાનને કહે–લાહોર આવે જમીન વહેંચાઈ ગઇ છે, પણ દિલ નથી વહેંચાયાં.' હું ઝરીના સામે જોઉં છું. પ્રેમથી મારા ખભે હાથ મૂકીને એ ઊભી છે.



મધુકરી

પેલું ખેતર, પેલું ખેતર, કોણે દીઠું પેલું ખેતર?
આ ખેતરને પેટભરીને ખાઓ, —ને ખુલ્લે કંઠે ગાઓ!
પથ્થર જેવી હવા હટે છે, વીંઝી જુઓ આ પાંખો,
ક્ષિતિજ મૂળથી ખરી પડે જો જરા ફેરવો આંખો,
દાણા દાણા ઝૂલી રહ્યા છે, ઉઘાડી દો અવ ચાંચો!
આ ખેતરને પેટભરીને ખાઓ, —ને ખુલ્લે કંઠે ગાઓ!

—ચન્દ્રકાન્ત ટોપીવાળા

સિરોહી પૉઇન્ટ

દક્ષિણ ધ્રુવ ખંડ ઉપર ૮૩°–૫૭' દક્ષિણ અક્ષાંશ અને ૧૭૦°–૦૬' પૂર્વ રેખાંશ પર બિયર્ડમોર હિમપ્રવાહને કિનારે આવેલી એક ટૂકને, અમેરિકાના 'બોર્ડ ઑાવ જીઓગ્રાફિકલ નેઈમ્સે' 'સિરોહી પૉઈન્ટ' નામ આપીને ભારતના એક વિજ્ઞાનીનું બહુમાન કર્યું છે.

ડૉ. ગિરિરાજસિંગ સિરોહી ઉત્તર પ્રદેશના 'ખેડી' નામના એક નાના ગામના વતની છે. તેઓ આગ્રા વિશ્વવિદ્યાલયના કૃષિવિજ્ઞાનના બી.એસસી. તથા બનારસ હિન્દુ વિશ્વ૦ના એમ.એસસી. હોવા ઉપરાંત દિલ્હી યુનિવર્સિટીના પીએચ.ડી. અને કૅલિફૉર્નિયા યુનિ૦ના વિજ્ઞાનના એમ.એ. તેમજ વનસ્પતિવિજ્ઞાનના પીએચ.ડી. છે. ઈ. ૧૯૫૮થી એમણે કૅલિફૉર્નિયા યુનિ૦માં અધ્યાપન અને સંશોધન કરવા માંડેલું, અને વનસ્પતિ છોડની કેટલીક વિશિષ્ટ ગતિ પરના પોતાના સંશોધન-પ્રયોગની પુષ્ટિ અર્થે અમેરિકાના નૅશનલ સાયન્સ ફાઉન્ડેશનની ૨૩૦૦૦ ડૉલરની સહાયથી ડૉ. હેમ્નર તથા ટી. હોશિઝાકી સાથે દક્ષિણ ધ્રુવ પર ઈ. ૧૯૬૧ના નવેમ્બરથી ૧૯૬૨ના ફેબ્રુઆરી સુધી કેટલાક સંશોધનાત્મક પ્રયોગ કરવા જઈ રહેલા. દક્ષિણ ધ્રુવ પર જનારા તેઓ પ્રથમ ભારતીય છે. ત્યાં એમણે કરેલાં નિરીક્ષણોની કદરમાં ઉપર્યુક્ત 'સિરોહી પૉઈન્ટ' નામ અપાયું છે.

જીવો તથા વનસ્પતિઓમાં તમામ જીવનક્રિયાઓ એક નિશ્ચિત સમયાનુસાર થતી રહે છે. દિવસે જાગવાની ને રાત્રે ઊંઘવાની માણસોની ક્રિયા, કે રાત્રે જાગીને દિવસે ઊંઘવાની ઉંદરોની ક્રિયા; વનસ્પતિઓમાં દિવસે ફૂલનું ખીલવું ને રાત્રે બિડાઈ જવું, યા માખીઓ ઈંડાંમાંથી જન્મવાથી માંડી પુખ્ત થવા સુધીની ક્રિયા વગેરે બધું એક નિશ્ચિત સમયાનુસાર જ થતું રહે છે. જીવોમાં કે વનસ્પતિઓમાં આ સમય બોધ જે અગમ્ય પ્રેરક બળથી થતો રહે છે તેને વિજ્ઞાનીઓ બાયૉલૉજિકલ ક્લૉક (જૈવિક ઘડિયાળ) કહે છે. ડૉ. સિરોહીના મતાનુસાર આ જીવનક્રિયાઓના નિશ્ચિત સમય પર આપોઆપ થતી સ્વયંસંચાલિત આંતરિક પ્રક્રિયા છે. કેટલાક વિજ્ઞાનીઓ એને પૃથ્વીની દૈનિકગતિ ને રાત-દિવસના ક્રમથી પ્રભાવિત થતી પ્રક્રિયા માનતા હતા.

આની ખાતરી કરવા ડૉ. સિરોહીએ દ૦ ધ્રુવપ્રદેશ પર જઇને પૂર્ણ અંધકારમાં, અને પૃથ્વીના ફરવાની દિશાથી વિપરિત દિશામાં ફરતા મેજો ઉપર અમુક જીવો તથા વનસ્પતિઓને રાખીને એનું અધ્યયન કરી સિદ્ધ કર્યું કે જીવ યા વનસ્પતિમાં સમયબોધની આ પ્રક્રિયા સ્વયંભૂ છે. નિયત સમયે જ ખીલતી-ફળતી વનસ્પતિઓ કે યાયાવર પખીઓની હજારો માઈલની ચૂક વિનાની યાત્રાઓમાં આ 'જૈવિક ઘડિયાળ'-નું ઘણું મહત્ત્વ છે. એનું રહસ્ય જો પામી શકાય તો ધાર્યા સમયે વનસ્પતિને ઉગાડી કે ફળદાયી બનાવી શકાય, યા અવકાશયાત્રાઓ કે આંતરગ્રહીય પ્રવાસોમાં અદ્ભુત પ્રગતિ સાધી શકાય. આવા કેટલાક પ્રયોગો થયા પણ છે. ડૉ. સિરોહી પોતે પણ હાલ દિલ્હીમાં ભારતીય કૃષિ-સંશોધનશાળામાં આ અંગે પ્રયોગો કરી રહ્યા છે. પ્રકાશના માધ્યમથી




તારા-પરિચય : ૨૩




આકાશમાં ઝબકી જતા ખરતા તારાઓ તો સૌએ જોયા જ હશે, પણ એ 'ખરતા તારા' નથી. એમ મનાય છે કે વિછિન્ન થઈ ગએલા ભૂતકાલીન ધૂમકેતુઓ એ અવશેષ-કણો છે. પૃથ્વીની નજીક આવી જતાં એના ગુરુત્વાકર્ષણથી ખેંચાઈએ એના વાતાવરણમાં પ્રવેશ પામે છે ને તેમાં અતિ વેગને કારણે ઘર્ષણ પામી સળગીને ખાક થઈ જાય છે. દર તેત્રીસ વર્ષે નિયમિત દેખાતો રહેલો એક જાણીતો ધૂમકેતુ ઈ. ૧૮૬૬ પછી ફરી દેખાયો જ નહિ પણ તે પછી તેત્રીસ વર્ષે (નવેમ્બર માસની ૧૪ થી ૧૬ તારીખમાં) પૃથ્વી જ્યારે એની કક્ષામાંથી પસાર થાય છે ત્યારે એ ધૂમકેતુના માર્ગમાં ઉલ્કાઓ(ખરતા તારા)ની જાણેવર્ષા જ દેખાય છે. આકાશમાં ઉલ્કાઓના આવા લગભગ છસો પટ મનાય છે. નવેમ્બરની ૧૭ થી ૨૩ તારીખમાં એક બીજો સમૂહ પણ જોવા મળે છે. 'બાયેલા' નામના ધૂમકેતુના એ અવશેષો છે. આમ, મનાય છે કે આકાશમાં એકાએક ઝબકારો કરી જતી 'ઉલ્કાઓ' (meteors) એ ભગ્ન ધૂમકેતુઓના અવશેષો છે.

સૂર્યમાળા અને કદાચ એની યે બહારના વિસ્તારમાંથી રોજ લગભગ બેએક કરોડ ઉલ્કાઓ પૃથ્વી પર ખેંચાઈ આવે છે. એમાંની ક્વચિત કોઈ છેક પૃથ્વી પર પણ આવી પડે છે. આવી ઉલ્કાઓ સરાસરી ૦·૦૦૦૫ ઔંસની હોય છે મોટામાં મોટી મળી આવેલી ઉલ્કા નૈઋત્ય આફ્રિકામાં પડેલી 'હોબા' ને ગ્રીનલૅન્ડમાં પડેલી 'આહનિગહિટો' ઉલ્કાઓ છે. આ બંને ઉલ્કા નિકલ ને લોહયુક્ત છે. પથ્થરમય ઉલ્કાઓ પણ હોય છે, પણ એમાં એકાદ ટનથી વધુ વજનની કોઈ ઉલ્કા હાથ ચડી નથી. એરિઝોનામાં વિન્સ્લો નજીક, હડસન ઉપસાગરની પૂર્વ બાજુ અને સાઇબિરીઆ તથા એસ્થોનિયાના વિસ્તારો એ પૃથ્વી પર થએલા અતિ ભયાનક ઉલ્કાપાતનાં જ પરિણામો છે.

નવેમ્બરમાં ૧૭ થી ૨૩ તારીખોમાં વૃષભ, યયાતિ અને બ્રહ્મમંડળ વચ્ચે તથા ડિસેમ્બરમાં ૧૦ થી ૧૨ તારીખોમાં 'મિથુન'માં આકૃતિ' તારા નજીક ઘણી ઉલ્કાઓ જોવા મળે છે.





દક્ષિણ ધ્રુવખંડ પર 'સિરોહી પોઈન્ટ'નું સ્થાન દર્શાવતો નકશો અને તેનો ફોટોગ્રાફ

જૈવિક-ક્રમની નિયમિતતામાં ફેરફાર કરીને અમુક પાકના ઉત્પાદનમાં વૃદ્ધિ પ્રાપ્ત કરી શકાઈ છે. આ જ રીતે અમુક સારી જાતના વાવેતરને દેશના બધા ભાગમાં ઉત્પન્ન થતું બનાવી શકાયું છે. ડાંગરની 'તાઈચુંગ-નેટિવ-૧' નામની જાત આનું ઉદાહરણ છે.

કૃષિક્ષેત્રે આ દિશાના પ્રયોગો પરથી એક સામાન્ય તારણ એ નીકળ્યું છે કે ગમે તેવી સારી જાતનો પાક ઉગાડવામાં આવે, પણ જો ઉષ્ણતામાન તથા પ્રકાશ પ્રત્યેની એની લાગણીશીલતાના પ્રમાણનો ખયાલ ન હોય તો એ પાક કેવો ને કેટલો ઊતરશે એ અંગે ચોક્કસ કંઈ કહી શકાય નહિ. અને જો એની જાણ હોય તો એ અંગે ઘટતાં પગલાં લઈ નિશ્ચિત પ્રમાણમાં તેની પેદાશ વધારી શકાય. ભારત જેવા દેશમાં આ દિશામાં પગલાં લીધા સિવાય ખેતીના વિકાસ અંગેના બધા પ્રયત્નો પૂરતો લાભ આપી શકે નહિ.

દક્ષિણ ધ્રુવખંડ પર જ્યાં 'સિરોહી પૉઈન્ટ' આવેલું છે એ સ્થાન. બાયર્ડમોર હિમપ્રવાહને કિનારે જઈ અટકતી એ એક ટૂક છે. આ હિમપ્રવાહને માર્ગે જ ઈ. ૧૯૧૧ના ડિસેમ્બર માસમાં કૅપ્ટન રૉબર્ટ સ્કૉટની ટુકડી દક્ષિણ ધ્રુવ તરફ ગઈ હતી.

દક્ષિણ અક્ષાંશ ૬૬°-૩૩' પછીનો બધો વિસ્તાર એન્ટાર્કટિક (દ૦ ધ્રુવ વિસ્તાર)નો ગણાય છે. ત્યાં પૃથ્વી પરના લગભગ નેવું ટકા જેટલા બરફના, હજારો ફૂટની જાડાઈના થરની તળે સમુદ્રની સપાટીથી યે નીચો એવો ૪૫,૦૦,૦૦૦ ચોરસ માઈલનો ખડકાળ ભૂખંડ દટાએલો છે, જે એન્ટાર્કટિકાને નામે ઓળખાય છે. એના પરના બરફના થરની સરાસરી જાડાઈ ૭૦૦૦ ફૂટ છે. અને ક્યાંક તો એ ૧૬,૫૦૦ ફૂટ જેટલો ઊંચો છે, જો આ બધો બરફ પીગળી જાય તો પૃથ્વી પરના મહાસાગરોની સપાટી ૨૫૦ થી ૩૦૦ ફૂટ જેટલી ચડી જઈને જમીન પરના અનેક વિસ્તારોને ડુબાડી દે! હજી હમણાં સુધી, એટલે કે થોડા લાખ વર્ષો પહેલાં, આ પ્રદેશ હરિયાળો હતો અને ભારત, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા ને દક્ષિણ અમેરિકા સાથે જોડાએલો હતો.


દક્ષિણ ધ્રુવખંડ પર જીવનની અછત છે, એની આસપાસના સાગરમાં મબલખ જીવ છે. પૃથ્વી પરના કોઈ વિસ્તાર કરતાં ત્યાંના દરિયામાંથી વધુ ખોરાક મળી શકે તેમ છે. જેને રોજ એક ટન જેટલો આહાર જોઈએ એ ૧૫૦ ટન વજનની ભીમકાય બ્લ્યૂ વ્હેલની આ તરફની હસ્તી એની સાબિતી છે. સંભવ છે કે વખત જતાં ભૂખી દુનિયા માટે અહીંથી જ વધુમાં વધુ પ્રોટીનયુક્ત આહાર પ્રાપ્ત થતો હશે.

મહિનાઓ જેટલા લાંબા દિવસ-રાતવાળા આ ધ્રુવખંડ પર ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ 'આમુંડસેન-સ્કૉટ બેઈઝ' પર, કાતિલ ઠંડી અને ઑક્સિજનની કમીવાળી પાતળી હવામાં તથા ચોપાસ આંખો આંજતા નિર્જન બર્ફીલા વિસ્તારમાં ડૉ. સિરોહીએ પોતાનાં સંશોધનો માટે વસવાટ કરેલો. એક જ મિનિટ કામ કરતાં લાગતા થાકમાં રાહત મેળવવા જ્યાં દર મિનિટે ચા પીવી પડે, ઠંડી સામે ટકવા દિવસમાં ત્રણચાર વાર ખાવું પડે, ને તરસ છિપાવવા બીર પીવો પડે એવા, અહીંના નિતાંત નીરવ વાતાવરણ વચ્ચે લગભગ બધો સમય બંધ ઓરડીમાં રહીને એમને પોતાનાં નિરીક્ષણો કરવાનાં હતાં. તેઓ ત્યાં હતા ત્યારે માત્ર ૧૧ જણની ત્યાં વસતિ હતી. કંટાળો ટાળવા તેઓ પત્રો લખતા. એમણે સોએક દિવસમાં એવા ત્રણસો જેટલા પત્રો લખેલા. પ્રયોગ માટે સાથે લીધેલા ૧૫ હેમ્સ્ટર ઉંદરોનો એમને સાથ હતો. એમનું કામ પતી ગયા પછી એ દરેક જણને પાળવા માટે વહેંચી દેવાએલા. ૧૯૬૧ના માર્ચની ૧૪મીએ એમાંની પૅન્ડોરા નામની એક માદાએ બે બચ્ચાંને જન્મ આપ્યો. દક્ષિણ ધ્રુવપ્રદેશ પર બહારની દુનિયાના જીવનનું એ પ્રથમ પ્રજનન હતું.' (સ્પૅન પરથી)

સાત વારનાં નામ

સપ્તાહનાં સાત વારનાં નામ લગભગ આખી દુનિયામાં એક સરખાં છે. જ્યોતિર્વિજ્ઞાનના આધારે સર્વ પ્રથમ ભારતીઓએ આ નામ નક્કી કરેલાં અને એનું જ અનુસરણ દુનિયામાં બીજા દેશોમાં થયું છે. આમાં રવિવાર પછી સોમવાર અને મંગળવારનો જ ક્રમ શા માટે તથા સાતને બદલે આઠ કે નવ વાર શા માટે નહિ એનું વૈજ્ઞાનિક કારણ કેવળ ભારત પાસે જ છે.

વેદોમાં વારનાં નામો નથી. ઋક્ સંહિતામાં 'વાસર' તરીકે બેએક વાર એનો સામાન્ય સંજ્ઞા તરીકે ઉપયોગ થયો છે. મહાભારત-કાળમાં પણ વારનાં રવિ, સોમ, મંગળ વગેરે નામો નથી. 'વાર' શબ્દનો પ્રયોગ પણ તેમાં માત્ર એક જ વખત થએલો મળે છે. એટલે વારોની પ્રચલિત સંજ્ઞા મહાભારતના યુગ પછી આવી જણાય છે. અલબત્ત, આ દરમિયાન પ્રતિપદા, દ્વિતીયા તૃતીયા વગેરે જેવી કે અન્ય કોઈ



સંજ્ઞાથી દિવસની ઓળખ અપાતી તો હશે જ. સપ્તાહના સાત દિવસોનાં નામોનું વૈજ્ઞાનિક રહસ્ય 'કાલમાધવ', 'બ્રહ્મપુરાણ', સિદ્ધાંત શિરોમણિ' તથા 'જ્યોતિર્વિદાભરણાદિ' જ્યોતિષ-ગ્રંથોમાં મળે છે.

ભારતીય જ્યોતિષશાસ્ત્ર અનુસાર એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના સમયને 'અહોરાત્ર' કહે છે. અહોરાત્રના પ્રથમ અર્ધને 'દિન' અને બીજા અર્ધને 'રાત્રિ'ની સંજ્ઞા અપાઈ છે. કાળની સૂક્ષ્મ ગણના માટે આ દિનરાત્રિને છ-છ ભાગમાં વહેંચ્યાં છે જેને 'લગ્ન' કહે છે. આ રીતે એક અહોરાત્રનાં બાર લગ્ન થયાં. લગ્નને પણ બે ભાગમાં વહેંચી એને 'હોરા'ની સંજ્ઞા અપાઈ છે. અહોરાત્ર શબ્દના મધ્યના બે અક્ષરો પરથી આ સંજ્ઞા યોજાઈ છે. પશ્ચિમની રીતે આપણે 'હોરા'ને 'કલાક'ની સંજ્ઞાથી ઓળખીએ છીએ.

ભારતીય જ્યોતિષશાસ્ત્ર અનુસાર બ્રહ્માંડના મધ્યમાં આકાશને ગણવામાં આવે છે. એમાં સૌથી ઉપર નક્ષત્રકક્ષ તે પછી અનુક્રમે શનિ, બૃહસ્પતિ, મંગળ, સૂર્ય, શુક્ર, બુધ, ચંદ્ર, પૃથ્વી, સિદ્ધ, વિદ્યાધર એવા મેઘ છે. આમાં ઉપરના ગ્રહોની કક્ષા નીચેના ગ્રહો કરતાં ઉત્તરોત્તર મોટી છે.

ભારતીય શાસ્ત્રો અનુસાર ચૈત્ર શુક્લ પ્રતિપદાને દિવસે જ્યારે બધા ગ્રહો મેષ રાશિના આરંભમાં હતા ત્યારે આ કલ્પનો આરંભ થયો. એના પ્રથમ સૂર્યોદયે પોતાની તેજોમય શક્તિને કારણે એ પ્રથમ હોરાનો સ્વામી સૂર્ય મનાયો. એ પછી અનુક્રમે શુક્ર, બુધ, ચંદ્ર, શનિ, બૃહસ્પતિ અને મંગળ પછીની હોરાના અધિષ્ઠાતા ગણાયા. આઠમી હોરાનો સ્વામી પુનઃ સૂર્ય અને એ જ ક્રમે એક એક હોરાનો એક એક ગ્રહ સ્વામી મનાયો. આમ ૨૪મી હોરાનો સ્વામી બુધ થાય છે. અહીં એક અહોરાત્ર પૂરો થયો પણ હોરાનો ક્રમ તો ચાલુ જ ગણી ૨૫મી હોરા – એટલે કે બીજા દિનની પ્રથમ હોરાના સ્વામી તરીકે ચંદ્રનો ક્રમ આવે છે. દિનની પ્રથમ હોરાના સ્વામીના નામ પરથી એ દિવસને નામ અપાયું અને આમ, સૂર્ય-રવિ, ચંદ્ર-સોમ, મંગળ, બુધ, બૃહસ્પતિ-ગુરુ, શુક્ર અને શનિનાં નામ અપાયાં. ('ધર્મયુગ'માંથી)

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્ય. વિ.: કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકર



તલવારની ધાર જેવી તેજ કલમથી અંગ્રેજ સરકારના અન્યાયો પર નિર્ભય પ્રહારો કરી લોકજાગૃતિ આણનાર યુયુત્સુ પત્રકાર, કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકરનો જન્મ સાંગલીમાં ઈ. ૧૮૭૨ની ૨૩ નવેમ્બરે થયો. ઈ. ૧૮૯૨માં પૂનાની કૉલેજમાંથી તત્ત્વજ્ઞાન સાથે બી. એ. થઈ સાંગલીમાં શિક્ષક થયા, પરંતુ અતિશય સ્વમાની સ્વભાવને કારણે ત્યાંથી છૂટા થઈ મુંબાઈમાં એલએલ.બી.નો અભ્યાસ આદર્યો. સાથોસાથ લોકમાન્ય ટિળકના 'કેસરી' પત્રમાં પણ જોડાયા ને થોડા જ સમયમાં તેઓ ટિળકના અગ્રગણ્ય સહાયક બની રહ્યા અને એમના જ એક તીખા લેખ બદલ ટિળકે જેલ વહોરી લીધી ત્યારે ખાડિલકરે બધી જવાબદારી સાથે 'કેસરી'નું કુશળતાથી સંચાલન કર્યું.

નેપાળમાં શસ્ત્રાસ્ત્રો બનાવવાની એક ગુપ્ત યોજના પણ એમણે ઘડેલી પણ સરકારને ગંધ આવી જતાં પુનઃ 'કેસરી'માં કામે લાગી ગયા. ૧૯૦૮માં ફરી એમના જ એક લેખ માટે ટિળકે છ વર્ષની કાળાપાણીની સજા ભોગવી. પાછળથી કેલકરના હાથ નીચે ફાવ્યું નહિ અને તેઓ 'કેસરી'માંથી છૂટા થયા. અને નાટ્યલેખન હાથ ધર્યું. 'કાંચનગઢચી મોહના', 'બાયકાંચે બંડ', 'કિચક-વધ' 'ભાઉબંદકી' 'માનાપમાન', 'વિદ્યાહરણ', 'સત્ત્વપરીક્ષા', 'સ્વયંવર,' 'દ્રૌપદી', 'મેનકા', 'સાવિત્રી' વગેરે નાટકો એમનાં બહુ જાણીતાં છે. પૌરાણિક નાટકોમાં એમણે દેશભક્તિની ભાવનાને બહુ જ કુશળતાથી ગૂંથી લઈ સાંપ્રત સમાજમાં એક નવજાગૃતિ પેદા કરી મરાઠી રંગભૂમિને એમણે નવું સ્વરૂપ આપ્યું. પોતાને તેઓ 'પ્રથમ નાટ્યકાર અને પછી પત્રકાર' ગણાવતા. એમને અપાએલું 'નાટ્યાચાર્ય'નું બિરુદ એ રીતે સાર્થનામ જ હતું. ૧૯૦૭થી '૧૭ તેઓ મરાઠી નાટ્યસંમેલનના પ્રમુખ અને '૩૩માં સમસ્ત મરાઠી સાહિત્ય સંમેલનના પણ પ્રમુખ વરાયા હતા.

૧૯૧૪માં ટિળક છૂટીને આવ્યા. ખાડિલકર ફરી 'કેસરી'માં જોડાયા. અને હોમરૂલની ચળવળમાં મહત્ત્વનું કાર્ય કર્યું. '૧૮માં ટિળક વિલાયત ગયા ત્યારે ફરી તેનું સંપાદન સંભાળ્યું. લોકમાન્યના પાછા ફર્યા બાદ થોડા સમયમાં એમનું અવસાન થયું. 'કેસરી'નું સંપાદન કેળકરને સોંપાયું અને મુંબાઈમાં નવા ચાલુ કરેલા 'લોકમાન્ય' દૈનિકનું તંત્રીપદ ખાડિલકરને અપાયું. પણ એક વર્ષ બાદ સંચાલકો સાથે પત્રની નીતિ અંગે મતભેદ થતાં તેમણે રાજીનામું આપ્યું.

૧૯૨૩માં ખાડિલકરે 'નવા કાલ' નામે દૈનિક શરૂ કર્યું અને દસ વર્ષમાં એને સમૃદ્ધ ને લોકપ્રિય બનાવ્યું. ને વચ્ચે એક વર્ષ જેલ પણ ભોગવવા સિવાય અવસાન પર્યંત તે કાર્યમાં લાગી રહ્યા.

વાનપ્રસ્થમાં વેદાંત અંગે લેખન મનન પણ કર્યું. સાંગલી પાસે એક દત્તમંદિર સ્થાપી ત્યાં યોગાભ્યાસ પણ કરતા. એક કાળે સશસ્ત્ર ક્રાંતિના હિમાયતી ખાડિલકર પાછળથી સત્ય અને અહિંસાના ઉપાસક બની ગયા. ઈ. ૧૯૪૮માં ૨૬ ઑગસ્ટે જન્માષ્ટમીને દિવસે એમનું અવસાન થયું.

પ્ર. વિ.: કૈસર વિલિયમ બીજાનો ગાદીત્યાગ ૯-૧૧-૧૯૧૮

જર્મનીના પાટવીકુંવર ફ્રેડરિક વિલિયમ અને ઇંગ્લંડની રાજકુંવરી વિક્ટોરિયાનો એ પુત્ર પિતાના અવસાન પછી ઈ. ૧૮૮૧ની ૧૫ જૂને કૈસર વિલિયમ બીજા તરીકે જર્મનીની રાજગાદીએ આવ્યો. પ્રખર બુદ્ધિશાળી પણ ચંચળ મનસ્વી સ્વભાવના એ રાજાની મહત્ત્વાકાંક્ષાઓ અને જર્મનીના રાષ્ટ્રસ્રષ્ટા લોખંડી રાજપુરુષ બિસ્માર્કની રાજનીતિ વચ્ચે મેળ ન જામ્યો. કૈસરે રાજીનામું માગ્યું અને બિસ્માર્કે નિવૃત્તિ લઈ લીધી. એ મહત્ત્વાકાંક્ષી સમ્રાટે બિસ્માર્કે આદરેલા કાર્યને પૂરું કરવા પોતાની રીતે પ્રયત્નો આદર્યા. જર્મનીના રાષ્ટ્રવિકાસમાં તેનો ઘણો મોટો ફાળો છે. પરંતુ જર્મનીની એ ઉન્નતિ અન્ય યુરોપી દેશોને પરવડે તેવી નહોતી. સેરાજેવોમાં ઑસ્ટ્રિયન પાટવીકુંવરનું જે ખૂન થયું એના બહાના તળે અંતે જે મહાયુદ્ધ ફાટી નીકળ્યું તેમાં ઈ. ૧૯૧૮ના ઑગસ્ટમાં તો જર્મનીની કફોડી સ્થિતિ સ્પષ્ટ થવા લાગી. કૈસરના પ્રમુખપણામાં મળેલી ક્રાઉન કાઉન્સિલે સુલેહ કરવાનું નક્કી કર્યા પછી યે આખરી નિર્ણય લેવામાં કૈસરે વાર કરી. પ્રજા અને પાર્લમેન્ટમાં અસંતોષ વધી ગયો. ઑક્ટોબરમાં પ્રિન્સ મૅક્સને ઇમ્પિરીઅલ ચાન્સેલર બનાવવો પડ્યો. તેણે રીશટાગની બહુમતી સાથે ૯ નવેમ્બરે કૈસરના ગાદીત્યાગની જાહેરાત કરી દીધી. કૈસર એ સમયે પશ્ચિમ મોરચે હતો ત્યાંથી એ કંઈ પણ પ્રતિકાર કર્યા વિના બીજે દિવસે લશ્કરમાંથી વિદાય લઈ હૉલેન્ડ ચાલ્યો ગયો. ત્યાં ડૂર્નના કિલ્લામાં નજરકેદમાં રહી, ત્રીસ વર્ષ સુધી એક મહારાજ્ય પર એકચક્રે રાજ્ય કરનાર કૈસર કેવળ તટસ્થ, વિરક્ત અને તદ્દન નિસ્પૃહ રહી બીજાં ત્રેવીસ વર્ષ સુધી જગતના ઝંઝાવાતો નીરખતા રહી ૧૯૪૧ના જૂનમાં શાંતિથી મૃત્યુ પામ્યો.


મૂરખને મોક્ષો નહિ, કાસદને નહિ થાક,
નિંદકને લજ્જા નહિ, નકટાને નહિ નાક.

હઝરત અબુબકર અંગત ખર્ચ માટે રોજના માત્ર બે જ દિરહમ રાજ્યના ખજાનામાંથી લેતા. એથી અત્યંત કષ્ટ વેઠતાં એમનાં પત્નીએ એક વાર કંટાળીને કહ્યું કે 'રોજરોજ તો રોટલા ખાતાં કંટાળો આવે છે; કોઈક વાર તો ગળ્યું ખવાય એવો પ્રબંધ કરો.' અબુબકરે એમને સમજ પાડી કે એ તો કરકસર કરીને એ પોતે જ કરી શકે એમ છે. એથી એમનાં પત્નીએ થોડુંથોડું બચાવી એક દિવસ મિષ્ટાન્ન બનાવ્યું અને પોતે કેવી રીતે કરકસર કરી એની ગર્વથી રજૂઆત કરી ત્યારે અબુબકરે કહ્યું : 'એનો અર્થ તો એ થયો કે બે દિરહમ કરતાં ઓછાથી પણ આપણે ચલાવી શકીએ એમ છીએ.' અને બીજા દિવસથી એમણે રાજ્યના ખજાનામાંથી દોઢ જ દિરહમ લેવા માંડયો!

ગોઠ—અંતરની વાતચીત કે છાની વાત, ગામ, વાડો, જંપ કે નિરાંત, પક્ષીનો માળો, મશ્કરી, ઉજાણી, મિત્રતા, કન્યાને માંડવે જાનૈયાઓને જમાડીને અપાતી ભેટ, હોળીના ઘેરૈયાઓને અપાતી ભેટ, સખી, સલામી, સાડલાને મૂકાતી બેવડ પટ્ટી (મગજી), સાડીને છેડે મૂકાતી રૂપેરી કે સોનેરી તુઈ.

ગણિતનાં નિશાનોનો ઉપયોગ કરીને ચાર સાતડા એવી રીતે લખો કે જેનો જવાબ ૧૦૦ થાય. (જવાબ–.૭/૭×.૭/૭)

ભૂરી આંખોવાળા કરતાં માંજરી આંખોવાળા અંધારામાં વધુ દેખી શકે છે.



કાનખજૂરાને અંગ્રેજીમાં 'સેન્ટીપેડ' (શતપાદ) કહે છે, પણ એમાંના ઘણાખરાને તો ૫૦ થી યે ઓછા, ને ખેતરોમાં સામાન્યતઃ દેખાતા કાનખજૂરાને ૪૨ તથા ઘરમાં દેખાતા કાનખજૂરાને ૩૦ જેટલા જ પગ હોય છે.


કહેવતોના અર્થ : 'એવું શું રળીએ, કે દીવો મૂકીને દળીએ?'—કુટુંબમાં દરિદ્રાવસ્થા હોય તો જ ઘરનાં સ્ત્રીજને પાછલી રાત્રે ઊઠીને લોકોનાં દળણાં દળવાં પડે; એ સ્થિતિમાં ઉપરથી દીવો બાળવાનું ખર્ચ હાસ્યાસ્પદ ગણાય, કેમ કે દળવાની ક્રિયા અંધારે થઈ શકે છે. એ દૃષ્ટાંત પર રચેલી આ કહેવતમાં નાનીસરખી કમાણી માટે મોટા ખર્ચમાં ઊતરવા જેવાં મૂર્ખાઈભરેલાં આચરણોનો ઉપાલંભ છે.



વિચિત્ર કુદરત! : ઝાડે ચડનારા સર્વ પ્રાણીઓના હાથ લાંબા હોય છે; પણ હિમાલયનાં જંગલોમાં થતો આ લંગૂર કપિ અપવાદ છે.



કલાકણિકા : આપણે ત્યાંની નાનાવિધ દીપલક્ષ્મીઓના સહોદર જેવો વિયેટનામનો આ ધાતુનો પ્રાચીન દીપધારક પણ માનવીનો કલાપ્રેમ સર્વત્ર સરખો હોવાની શાખ પૂરે છે.



મથાળે **ધનુર્ધર રામ** શિલ્પી: ઓસમાન સિદ્દિકી; નીચે જ ચિત્રકાર: રતન પારીમૂ
વાસ્તવદર્શી ચિત્રો શરબતી મીઠાશની જેમ કંટાળો ઉપજાવવા લાગ્યાથી કલાકારોના સ્વૈરવિહારે હૂબહૂ નિરૂપણને બદલે ભાવનિરૂપણના અસંખ્ય પ્રકારો અજમાવ્યા છે. એવા આ બે નમૂનાઓમાં મથાળાના શિલ્પમાં ધનુર્ધરના બલિષ્ઠ સ્નાયુઓ તથા જોમભરી અદાને આગવી રીતે ઉપસાવ્યાં છે: નીચેના ચિત્રમાં પાંજરાં અને વાડાની મર્યાદાઓમાં રખાએલાં પ્રાણીઓના દર્શનથી મનોભૂ પર પડેલી સમગ્ર છાપનું નિદર્શન છે.
(ફોટો • ઑલ ઈંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટીના સૌજન્યથી)

